# ભારતીય રેલ્વે મહાકુંભ 2025 વિશેષ

## પ્રયાગરાજ અને સંગમ વિસ્તાર દ્વારા 13134 થી વધુ ટ્રેન ટ્રિપ્સ

## જેમાં 3100 થી વધુ વિશેષ ટ્રેન ટ્રિપ્સનો સમાવેશ થાય છે

| ટ્રેન નંબર | સ્ટેશન | પ્રસ્થાન સ્ટેશન | પ્રસ્થાન તારીખ | પ્રસ્થાન સમય |
|---|---|---|---|---|
| 01033 | સીએસએમટી મુંબઈ | મઉ જં | 25.01.25, 05.02.25, 22.02.25, 26.02.25 | 11.30 |
| 01034 | મઉ જં | સીએસએમટી મુંબઈ | 26.01.25, 06.02.25, 23.02.25, 27.02.25, | 23.50 |
| 01217 | નાગપુર | દાનાપુર | 26.01.25, 05.02.25, 09.02.25, 23.02.25 | 10.00 |
| 01218 | દાનાપુર | નાગપુર | 27.01.25, 06.02.25, 10.02.25, 24.02.25 | 16.00 |
| 01455 | પુણે જં | મઉ જં | 24.01.25, 06.02.25, 08.02.25, 21.02.25 | 10.10 |
| 01455 | પુણે જં | મઉ જં | 06.02.25 | 10.10 |
| 01456 | મઉ જં | પુણે જં | 25.01.25, 07.02.25, 09.02.25, 22.02.25 | 23.50 |
| 01661 | રાણી કમલાપતિ (ભોપાલ) | બનારસ | 06.02.25, 17.02.25, 20.02.25 | 11.10 |
| 01662 | બનારસ | રાણી કમલાપતિ (ભોપાલ) | 24.01.25, 07.02.25, 18.02.25, 21.02.25 | 14.45 |
| 01801 | વિરાગંના લક્ષ્મીબાઈ ઝાંસી | સુબેદારગંજ | 25.01.25, 26.01.25, 01.02.25, 02.02.25, 08.02.25, 09.02.25, 15.02.25, 16.02.25, 22.02.25, 23.02.25 | 6.10 |
| 01802 | સુબેદારગંજ | વિરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી | 25.01.25, 26.01.25, 01.02.25, 02.02.25, 08.02.25, 09.02.25, 15.02.25, 16.02.25, 22.02.25 23.02.25 | 14.45 |
| 02417 | સુબેદારગંજ | દિલ્હી જં | 24.01.25, 25.01.25, 31.01.25, 01.02.25, 07.02.25, 08.02.25, 14.02.25, 15.02.25, 21.02.25, 22.02.25 28.02.25 | 21.35 |
| 02418 | દિલ્હી જં | સુબેદારગંજ | 25.01.25, 26.01.25, 01.02.25, 02.02.25, 08.02.25, 09.02.25, 15.02.25, 16.02.25, 22.02.25, 23.02.25, 01.03.25 | 9.30 |
| 03021 | હાવડા | ટુંડલા જં | 24.01.25, 05.02.25, 07.02.25, 14.02.25, 21.02.25 26.02.25 | 19.35 |
| 03022 | ટુંડલા જં | હાવડા | 26.01.25, 07.02.25, 09.02.25, 16.02.25, 23.02.25 28.02.25 | 11.20 |
| 03023 | હાવડા | ટુંડલા જં | 16.02.25, 17.02.25, 18.02.25, 20.02.25 | 0.30 |
| 03024 | ટુંડલા જં | હાવડા | 24.01.25, 17.02.25, 18.02.25, 19.02.25, 21.02.25 | 11.20 |
| 03025 | હાવડા | ટુંડલા જં | 28.02.25 | 5.45 |
| 03026 | ટુંડલા જં | હાવડા | 01.03.25 | 11.20 |
| 03029 | હાવડા | ટુંડલા જં | 06.02.25, 20.02.25 | 19.35 |
| 03030 | ટુંડલા જં | હાવડા | 25.01.25, 08.02.25, 22.02.25 | 3.00 |
| 03031 | હાવડા | ભીંડ | 19.02.24 | 0.30 |
| 03032 | ભીંડ | હાવડા | 21.02.25 | 3.30 |
| 03219 | પટણા જં | પ્રયાગરાજ જં | 24.01.25, 25.01.25, 26.01.25, 27.01.25, 07.02.25, 08.02.25, 09.02.25, 10.02.25, 15.02.25, 16.02.25, 17.02.25, 18.02.25, 20.02.25, 22.02.25, 23.02.25, 24.02.25, 25.02.25, 27.02.25, 28.02.25 | 14.25 |
| 03409 | માલદા ટાઉન | પ્રયાગરાજ જં | 25.01.25, 06.02.25, 08.02.25, 15.02.25 20.02.25, 22.02.25 | 20.45 |
| 03689 | ગયા જં | પ્રયાગરાજ જં | 24.01.25, 25.01.25, 26.01.25, 27.01.25, 07.02.25, 08.02.25, 09.02.25, 10.02.25, 15.02.25, 16.02.25, 17.02.25, 18.02.25, 20.02.25, 22.02.25, 23.02.25, 24.02.25, 25.02.25, 27.02.25, 28.02.25 | 2.20 |
| 04065 | ફાફમાઉ જં | દિલ્હી જં | 01.02.25, 09.02.25, 17.02.25, 28.02.25 | 23.30 |
| 04066 | દિલ્હી જં | ફાફમાઉ જં | 31.01.25, 08.02.25, 16.02.25, 27.02.25 | 23.25 |
| 04145 | સુબેદારગંજ | દિલ્હી જં | 30.01.25, 06.02.25, 13.02.25, 20.02.25, 27.02.25 | 21.35 |
| 04146 | દિલ્હી જં | સુબેદારગંજ | 24.01.25, 31.01.25, 07.02.25, 14.02.25, 21.02.25 28.02.25 | 9.30 |
| 04153 | કાનપુર સેન્ટ્રલ જં | ભાગલપુર | 03.02.25, 10.02.25, 17.02.25 | 14.00 |
| 04154 | ભાગલપુર | કાનપુર સેન્ટ્રલ જં | 21.02.25, 04.02.25, 11.02.25, 18.02.25 | 8.40 |
| 04315 | ફાફમાઉ જં | દહેરાદૂન | 25.01.25, 10.02.25, 17.02.25, 24.02.25 | 6.30 |
| 04316 | દહેરાદૂન | ફાફમાઉ જં | 24.01.25, 09.02.25, 16.02.25, 23.02.25 | 8.10 |
| 04525 | ફાફમાઉ જં | ભટિંડા જં | 26.01.25, 09.02.25, 19.02.25, 23.02.25 | 6.30 |
| 04526 | ભટિંડા જં | ફાફમાઉ જં ( પ્રયાગરાજ) | 25.01.25, 08.02.25, 18.02.25, 22.02.25 | 04.30 |
| 04527 | ફાફમાઉ જં (પ્રયાગરાજ) | અંબ અંદુરા | 26.01.25, 10.02.25, 16.02.25, 24.02.25 | 22.30 |
| 04528 | અંબ અંદુરા | ફાફમાઉ જં (પ્રયાગરાજ) | 25.01.25, 15.02.25, 23.02.25 | 22.05 |
| 04661 | ફાફમાઉ જં (પ્રયાગરાજ) | અમૃતસર | 08.02.25 | 6.30 |
| 04662 | અમૃતસર જં | ફાફમાઉ જં | 06.02.25 | 20.10 |
| 04663 | ફાફમાઉ જં (પ્રયાગરાજ) | ફિરોઝપુર કેંટ જં | 26.01.25 | 19.30 |
| 04664 | ફિરોઝપુર કેંટ | ફાફમાઉ જં (પ્રયાગરાજ) | 25.01.25 | 13.25 |
| 05611 | કામાખ્યા જં | ટુંડલા જં | 25.01.25, 08.02.25, 22.02.25 | 5.30 |
| 05612 | ટુંડલા જં | કામાખ્યા જં | 27.01.25, 10.02.25, 24.02.25 | 3.00 |
| 05811 | નહારલાગાંવ | ટુંડલા જં | 25.01.25, 08.02.25, 22.02.25 | 14.30 |
| 05812 | ટુંડલા જં | નાહરલાગાંવ | 27.01.25, 10.02.25, 24.02.25 | 11.20 |
| 06001 | પુરાથાચી થલાઈવાર ડો એમ જી આર સેન્ટ્રલ ચેન્નાઈ | ગોમતી નગર | 05.02.25, 19.02.25, 26.02.25 | 14.20 |
| 06002 | ગોમતી નગર | પુરાથાચી થલાઈવાર એમ જી આર સેન્ટ્રલ ચેન્નાઈ | 25.01.25, 08.02.25, 22.02.25, 01.03.25 | 3.45 |
| 06003 | કન્યાકુમારી | બનારસ | 17.02.25 | 20.30 |
| 06004 | બનારસ | કન્યાકુમારી | 20.02.25 | 18.05 |
| 06007 | તિરુવનંતપુરમ્ નોર્થ | બનારસ | 18.02.25 | 14.00 |
| 06007 | તિરુવનંતપુરમ્ નોર્થ | બનારસ | 25.02.25 | 19.30 |
| 06008 | બનારસ | તિરુવનંતપુરમ્ નોર્થ | 21.02.25, 28.02.25 | 18.05 |
| 06019 | મૈંગલૂરૂ સેન્ટ્રલ | વારાણસી જં | 15.02.25 | 4.15 |
| 06020 | વારાણસી જં | મૈંગલૂરૂ સેન્ટ્રલ | 04.02.25 | 18.20 |
| 06022 | ગયા જં | તિરુવનંતપુરમ્ નોર્થ | 24.01.25, 07.02.25 | 23.55 |
| 06062 | વારાણસી જં | મૈંગલૂરૂ સેન્ટ્રલ | 18.02.25 | 18.20 |
| 06071 | પુરાથાચી થલાઈવાર એમ જી આર સેન્ટ્રલ ચેન્નાઈ | ગોમતી નગર | 15.02.25, 01.03.25 | 14.20 |
| 06072 | ગોમતી નગર | પુરાથાચી થલાઈવાર એમ જી આર સેન્ટ્રલ ચેન્નાઈ | 18.02.25, 04.03.25 | 3.45 |
| 06207 | મૈસૂર જં | દાનાપુર | 15.02.25, 01.03.25 | 5.10 |
| 06208 | દાનાપુર | મૈસૂર જં | 18.02.25, 04.03.25 | 23.00 |
| 07081 | ગુંટુંર | આઝમગઢ | 14.02.25 | 23.00 |
| 07082 | આઝમગઢ | વિજયવાડા જં | 16.02.25 | 19.45 |
| 07083 | મછલીપટ્ટનમ | આઝમગઢ | 05.02.25 | 22.00 |
| 07084 | આઝમગઢ | મશિલિપટનામ | 07.02.25 | 19.45 |
| 07085 | કાકીનાડા ટાઉન જં. | આઝમગઢ | 20.02.25 | 20.10 |
| 07086 | આઝમગઢ | વિજયવાડા જં. | 22.02.25 | 19.45 |
| 07087 | મૌલા અલી | બનારસ | 17.02.25 | 23.55 |
| 07088 | બનારસ | મૌલા અલી | 19.02.25 | 19.15 |
| 07089 | મૌલા અલી | ગયા જં. | 15.02.25 | 17.50 |
| 07090 | ગયા જં. | મૌલા અલી | 17.02.25 | 19.45 |
| 07091 | વિકરાબાદ જં. | ગયા જં. | 18.02.25 | 15.45 |
| 07092 | ગયા જં. | વિકરાબાદ જં. | 20.02.25 | 19.45 |
| 07093 | વિજયવાડા જં. | ગયા જં. | 05.02.25 | 19.20 |
| 07094 | ગયા જં. | વિજયવાડા જં. | 08.02.25 | 19.45 |
| 07095 | કાકીનાડા ટાઉન જં. | ગયા જં. | 08.02.25 | 14.30 |
| 07096 | ગયા જં. | વિજયવાડા જં. | 10.02.25 | 14.15 |
| 07099 | હજુર સાહિબ નાંદેડ | પટના જં. | 13.02.25 | 23.00 |
| 07100 | પટના જં. | હજુર સાહિબ નાંદેડ | 15.02.25 | 15.30 |
| 07101 | ઔરંગાબાદ | પટના જં. | 19.02.25, 25.02.25 | 19.00 |
| 07102 | પટના જં. | ઔરંગાબાદ | 27.02.25 | 15.30 |
| 07103 | કાચેગુડા | પટના જં. | 22.02.25 | 16.45 |
| 07104 | પટના જં. | કાચેગુડા | 24.02.25 | 11.30 |
| 07105 | સિકંદરાબાદ જં. | પટના જં. | 07.02.25 | 17.00 |
| 07106 | પટના જં. | સિકંદરાબાદ જં. | 09.02.25 | 15.30 |
| 07107 | તિરૂપતિ | બનારસ | 08.02.25, 15.02.25, 22.02.25 | 20.55 |
| 07107 | બનારસ | વિજયવાડા જં. | 10.02.25, 17.02.25, 24.02.25 | 17.30 |
| 07109 | નરસાપુર | બનારસ | 26.01.25, 02.02.25 | 6.00 |
| 07110 | બનારસ | નરસાપુર | 27.01.25, 03.02.25 | 17.30 |
| 07701 | ગુંટુર જં. | આઝમગઢ | 24.01.25 | 23.00 |
| 07702 | આઝમગઢ | ગુંટુર જં | 26.01.25 | 19.45 |
| 07707 | મૌલા અલી | આઝમગઢ | 21.02.25 | 23.55 |
| 07708 | આઝમગઢ | મૌલા અલી | 23.02.25 | 19.45 |
| 07712 | ગયા જં. | મૌલા અલી | 24.01.25 | 19.45 |
| 07719 | ગુંટુર જં. | ગયા જં. | 25.01.25 | 14.20 |
| 07720 | ગયા જં. | ગુંટુર જં. | 27.01.25 | 14.15 |
| 07722 | પટના જં. | હજુર સાહિબ નાંદેડ | 24.01.25 | 15.30 |
| 07725 | કાચેગુડા | પટના જં. | 25.01.25 | 16.45 |
| 07726 | પટના જં. | કાચેગુડા | 27.01.25 | 11.30 |
| 08251 | રાયગઢ | વારાણસી જં. | 25.01.25 | 14.00 |
| 08252 | વારાણસી જં. | રાયગઢ | 27.01.25 | 10.50 |
| 08253 | બિલાસપુર જં. | વારાણસી જં. | 22.02.25 | 8.15 |
| 08254 | વારાણસી જં. | બિલાસપુર જં. | 24.02.25 | 10.50 |
| 08313 | ટુંડલા જં. | ટિટિઆગર. | 25.01.25, 08.02.25, 22.02.25, 01.03.25 | 5.00 |
| 08314 | ટિટિઆગર. | ટુંડલા જં. | 06.02.25, 20.02.25, 27.02.25 | 17.00 |
| 08418 | ટુંડલા જં. | પુરી. | 19.02.25 | 3.00 |
| 08425 | ભુવનેશ્વર | ટુંડલા જં. | 05.02.25, 19.02.25, 26.02.25 | 12.30 |
| 08426 | ટુંડલા જં. | ભુવનેશ્વર | 24.01.25, 07.02.25, 21.02.25, 28.02.25 | 3.00 |
| 08529 | પં. દીનદયાલ ઉપાધ્યાય જં. | વિશાખાપટનમ | 25.01.25, 08.02.25, 22.02.25, 01.03.25 | 20.10 |
| 08530 | વિશાખાપટનમ | પં. દીનદયાલ ઉપાધ્યાય જં. | 06.02.25, 20.02.25, 27.02.25 | 17.35 |
| 08561 | ગોરખપુર જં. | વિશાખાપટનમ | 19.02.25 | 14.20 |
| 08562 | વિશાખાપટનમ | ગોરખપુર જં. | 16.02.25 | 22.20 |
| 08791 | દુર્ગ | વારાણસી જં. | 16.02.25 | 13.50 |
| 08792 | વારાણસી જં. | દુર્ગ | 10.02.25 | 10.50 |
| 09017 | વાપી | ગયા જં. | 24.01.25, 07.02.25, 14.02.25, 18.02.25, 22.02.25 | 8.20 |
| 09018 | ગયા જં. | વાપી | 25.01.25, 08.02.25, 15.02.25, 19.02.25, 23.02.25 | 22.00 |
| 09019 | વલસાડ | દાનાપુર | 25.01.25, 08.02.25, 15.02.25, 19.02.25, 26.02.25 | 8.40 |
| 09020 | દાનાપુર | વલસાડ | 26.01.25, 09.02.25, 16.02.25, 20.02.25, 27.02.25 | 23.30 |
| 09029 | વિશ્વામિત્રી ( વડોદરા ) | બલિયા | 17.02.25 | 8.35 |
| 09030 | બલિયા | વિશ્વામિત્રી ( વડોદરા ) | 18.02.25 | 23.30 |
| 09031 | ઉધના જં. | ગાજીપુર સિટી | 16.02.25 | 6.40 |
| 09032 | ગાજીપુર સિટી. | ઉધના જં. (સુરત) | 18.02.25 | 0.30 |
| 09371 | ડો.આંબેડકર નગર | બલિયા | 25.01.25, 08.02.25, 22.02.25 | 13.45 |
| 09372 | બલિયા | ડો.આંબેડકર નગર | 26.01.25, 09.02.25, 23.02.25 | 23.45 |
| 09403 | અમદાવાદ જં. | જંગાઈ જં. | 05.02.25, 14.02.25, 15.02.25, 18.02.25, 19.02.25, 26.02.25 | 21.15 |
| 09404 | જંગાઈ જં. | અમદાવાદ જં. | 07.02.25, 16.02.25, 17.02.25, 20.02.25 21.02.25, 28.02.25 | 8.30 |
| 09413 | સાબરમતી ( અમદાવાદ ) | બનારસ | 05.02.25, 09.02.25, 14.02.25, 18.02.25 | 11.00 |
| 09414 | બનારસ | સાબરમતી ( અમદાવાદ ) | 06.02.25, 10.02.25, 15.02.25, 19.02.25 | 19.30 |
| 09421 | સાબરમતી ( અમદાવાદ ) | બનારસ | 26.01.25 | 10.25 |
| 09422 | બનારસ | સાબરમતી ( અમદાવાદ ) | 24.01.25, 27.01.25 | 19.30 |
| 09537 | રાજકોટ જં. | બનારસ | 06.02.25, 15.02.25, 19.02.25 | 6.05 |
| 09538 | બનારસ | રાજકોટ જં. | 07.02.25, 16.02.25, 20.02.25 | 19.30 |
| 09555 | ભાવનગર ટર્મિનસ | બનારસ | 16.02.25, 20.02.25 | 5.00 |
| 09556 | બનારસ | ભાવનગર ટર્મિનસ | 17.02.25, 21.02.25 | 19.30 |
| 09592 | બનારસ | વેરાવળ | 24.02.25 | 19.30 |
| 09801 | બોગારીયા ( કોટા ) | બનારસ | 24.01.25, 07.02.25, 14.02.25, 18.02.25, 21.02.25 | 8.15 |
| 09802 | બનારસ | બોગારીયા ( કોટા ) | 25.01.25, , 08.02.25, 15.02.25, 19.02.25, 22.02.25 | 14.45 |
| 3690 | પ્રયાગરાજ જં. | ગયા જં. | 24.01.25, 25.01.25, 26.01.25, 27.01.25, 07.02.25, 08.02.25, 09.02.25, 10.02.25, 15.02.25, 16.02.25, 17.02.25, 18.02.25, 20.02.25, 22.02.25, 23.02.25, 24.02.25, 25.02.25, 27.02.25, 28.02.25 | 11.00 |
| 03220 | પ્રયાગરાજ જં. | પટના જં. | 24.01.25, 25.01.25, 26.01.24, 27.01.25, 07.02.25, 08.02.25, 09.02.25, 10.02.25, 15.02.25, 16.02.25, 17.02.25, 18.02.25, 20.02.25, 22.02.25, 23.02.25, 24.02.25, 25.02.25, 27.02.25, 28.02.25 | 22.35 |



# ભારતીય રેલ્વે

www.indianrailways.gov.in

Follow us on @RailMinIndia

24 FRIDAY
JANUARY-2025
વર્ષ-14 । અંક-067 । વિક્રમ સંવત-2081 । પોષ વદ-10 ।
પાના-12 । કિંમત 3/- । અમદાવાદ

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654


**શું 20 વર્ષે પત્નીથી અલગ થયો ક્રિકેટર વિરેન્દ્ર સેહવાગ?**

થોડા સમય અગાઉ ચહલ અને ધનશ્રી વર્મા વચ્ચે અફવાઓએ પણ જોર પકડ્યું હતું. હાલ ભારતના પૂર્વ ક્રિકેટર અને વિસ્ફોટક બેટર વીરેન્દ્ર સેહવાગ અચાનક ચર્ચામાં આવ્યા છે. સેહવાગે પત્ની આરતીને ઈન્સ્ટાગ્રામ પર અનફોલો કરી સેહવાગ અને તેની પત્ની આરતી વચ્ચે છૂટાછેડાની વાતને વેગ ત્યારે મળ્યો, જ્યારે વીરુએ તેની પત્ની આરતીને ઈન્સ્ટાગ્રામ પર અનફોલો કરી દીધી છે.

# ભોપાલનો નવનિર્મિત ફ્લાયઓવર ડૉ. ભીમરાવ આંબેડકરના નામથી ઓળખાશે: મુખ્યમંત્રી ડૉ. યાદવ



(એજન્સી) ભોપાલ| તા. 23

મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે કહ્યું છે કે આજે ભોપાલને આપવામાં આવેલ ૧૫૪ કરોડ રૂપિયાના ફ્લાયઓવરની ભેટ શહેરના વિકાસને વેગ આપશે. આ નવનિર્મિત ફ્લાય-ઓવર આપણા મહાન દેશભક્ત અને બંધારણ ઘડવૈયા બાબા સાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરના નામથી ઓળખાશે. તેમણે કહ્યું કે ભોપાલ દેશનું હૃદય છે. આ દેશની સૌથી સુંદર રાજધાની છે. ૧૯૫૬માં જ્યારે મધ્યપ્રદેશની રચના થઈ ત્યારે ભોપાલ એક નાનું ગામ હતું. તેનો વિકાસ લાંબા સમય સુધી અટકેલો રહ્યો. આપણી સરકારોએ તેનો વિકાસ કર્યો. હવે ભોપાલનો વિકાસ ઝડપી ગતિએ થશે. ગાયત્રી મંદિરથી ગણેશ મંદિર સુધી ત્રણ કિલોમીટર લાંબો નવનિર્મિત ફ્લાય-ઓવર બનાવવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ડૉ. યાદવે કહ્યું કે આ એક સારો સંયોગ છે કે આજે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જન્મજયંતિ પર તેનું ઉદ્ઘાટન થઈ રહ્યું છે. આ પુલ એક તરફ નેતાજી સુભાષચંદ્ર સેતુ અને બીજી તરફ વીર સાવરકર સેતુને જોડશે. આ પુલનું નિર્માણ ભારે પડકારો વચ્ચે થયું છે, આ માટે જાહેર બાંધકામ મંત્રી અને તેમનો વિભાગ અભિનંદનને પાત્ર છે. મુખ્યમંત્રી ડૉ. યાદવે બાવડિયા-કલાન વિસ્તારમાં પરિવહન સુવિધા માટે ૧૮૦ કરોડ રૂપિયાના ખર્ચે ફ્લાયઓવર બનાવવાની પણ જાહેરાત કરી. તેમણે કહ્યું કે બૈરાગઢ બ્રિજનું પણ ટૂંક સમયમાં ઉદ્ઘાટન કરવામાં આવશે. ગુરુવારે ભોપાલમાં 3 કિલોમીટર લાંબા નવા બનેલા ફ્લાય-ઓવર બ્રિજનું ઉદ્ઘાટન કર્યા પછી મુખ્યમંત્રી ડૉ. યાદવ સંબોધન કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે આ પુલના નિર્માણ પછી, ઓબેદુલ્લાગંજ, નર્મદાપુરમ, બેતુલ, ખંડવા અને જબલપુર રૂટ પર ટ્રાફિક સરળ બનશે. મુખ્યમંત્રી ડૉ. યાદવે કહ્યું કે આજે આપણા મહાન દેશભક્ત નેતાજી સુભાષ ચંદ્ર બોઝની જન્મજયંતિ છે, અમે તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપીએ છીએ. તેમનું જીવન આપણા બધા માટે પ્રેરણાદાયક છે. તેમણે અંગ્રેજોને પડકાર ફેંક્યો અને સ્વતંત્રતા સંગ્રામને એક નવો રસ્તો બતાવ્યો. ૧૯૨૩ માં, તેમણે બ્રિટિશ ICS પરીક્ષા મેરિટ લિસ્ટમાં પાસ કરી, પરંતુ અંગ્રેજોના ગુલામ બનવાને બદલે, તેમણે દેશભક્તિનો માર્ગ પસંદ કર્યો. તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ પદ માટેની ચૂંટણીમાં સૌથી વધુ મતો સાથે જીત મેળવી. મુખ્યમંત્રી ડૉ. યાદવે કહ્યું કે બાબા સાહેબ આંબેડકરે સમાનતા માટે લડત આપી હતી. બંધારણના નિર્માણમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા છે, તેમણે કલમ 370નો વિરોધ કર્યો હતો.

# મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્ય અને સિનેમા પર એક ભવ્ય પરિસંવાદ

(એજન્સી) મુંબઈ | તા. 23

મુંબઈની અગ્રણી સાહિત્યિક અને સાંસ્કૃતિક સંસ્થા જ્ઞાન ગંગોત્રી કાવ્ય મંચ, જૈન આંતરરાષ્ટ્રીય મહિલા સંગઠન (દક્ષિણ મુંબઈ) અને ના સંયુક્ત ઉપક્રમે 'સાહિત્ય અને સિનેમા' વિષય પર આયોજિત એક ભવ્ય પરિસંવાદમાં સિનેમા અને સાહિત્ય જગતની વિવિધ હસ્તીઓએ સાહિત્ય પર વાત કરી. મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી દ્વારા સિનેમાના આંતરસંબંધોના વિવિધ પાસાઓ પર અર્થપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી અને કહ્યું હતું કે સમાજને યોગ્ય દિશા આપવામાં બંનેની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

આ પરિસંવાદ બુધવાર, 22 જાન્યુઆરી, 2025 ના રોજ શારદા મંદિર હાઈસ્કૂલ, ગામદેવી, મુંબઈના સભાગૃહમાં મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના કાર્યકારી પ્રમુખ ડૉ. શીતલા પ્રસાદ દુબે અને અકાદમીના ઉપપ્રમુખ, સ્થાપક ડૉ. દ્વારા યોજાશે. જ્ઞાન ગંગોત્રી મંચના અને જૈન આંતરરાષ્ટ્રીય મહિલા સંગઠનના પ્રમુખ શ્રીમતી મંજુ લોઢાની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં ફિલ્મ ઉદ્યોગના શક્તિશાળી અભિનેતા શિશિર શર્મા, ફિલ્મ નિર્માતા અને લેખક રવિ યાદવ અને બાળ કલાકાર અયાન ખાન ખાસ મહેમાનો તરીકે હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં સાહિત્ય અને



સિનેમા વચ્ચેનો એક અખંડ સમન્વય જોવા મળ્યો, જેમાં વિવિધ વક્તાઓ વાર્તા કહેવા અને સાંસ્કૃતિક સમૃદ્ધિમાં તેમની ભાગીદાર ભૂમિકા પર સુંદર અભિવ્યક્તિઓ રજૂ કરી. સાહિત્ય અને સિનેમાની દુનિયાને એક છત નીચે લાવતા, આ કાર્યક્રમમાં વિચારપ્રેરક ચર્ચાઓ તેમજ ત્રણ પ્રભાવશાળી ટૂંકી ફિલ્મોનું પ્રદર્શન જોવા મળ્યું, જેને સમગ્ર પ્રેક્ષકોએ તાળીઓથી વધાવી લીધી. આ ફિલ્મોમાં રવિ યાદવ દ્વારા નિર્મિત 'હપ્પન સંગવાલા' અને 'ભૂખ' અને ડિમ્પી અગ્રવાલ દ્વારા નિર્મિત 'ચશ્મા'નો સમાવેશ થાય છે. આ પ્રસંગે ડૉ. શ્રીમતી મંજુ લોઢાને શિક્ષણ અને સાહિત્યને પ્રોત્સાહન આપવા માટે તેમના અસાધારણ યોગદાન બદલ 'ACE બુક ઓફ રેકોર્ડ્સ' દ્વારા 'નેશનલ રેકોર્ડ' ના અનોખા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે સાડા ચાર લાખથી વધુ પુસ્તકોના તેમના અજોડ સંગ્રહ સાથે, શ્રીમતી મંજુ લોઢાએ સામાન્ય લોકો સુધી જ્ઞાન પહોંચાડવા માટે વિવિધ સ્થળોએ એક ભવ્ય પુસ્તકાલય, બે મોબાઈલ પુસ્તકાલયો અને ઘણી નાની પુસ્તકાલયોની સ્થાપના કરી છે. વાંચન અને શિક્ષણના પ્રેમને પ્રોત્સાહન આપવા માટે ડૉ. લોઢાના અથાક પ્રયાસોને માન્યતા આપવા માટે, 'ACE બુક ઓફ રેકોર્ડ્સ' સંસ્થા વતી રાષ્ટ્રીય જ્યુરી સભ્ય ડૉ. અનિતા જૈન દ્વારા શ્રીમતી મંજુ લોઢાને આ પ્રતિષ્ઠિત પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર અર્પણ કરવામાં આવ્યો. તેમની પ્રતિબદ્ધતાને બિરદાવવામાં આવી. . આ પ્રસંગે, બોલીવુડના કાલાતીત ગાયક સ્વ. મોહમ્મદ રફીના પુત્રવધૂ, ગાયિકા શ્રીમતી ફિરદોસ, જૈન આંતરરાષ્ટ્રીય મહિલા સંગઠન (દક્ષિણ મુંબઈ) ના સચિવ, શ્રીમતી ઈન્દુ ખિંવસારા, શ્રીમતી મીના અગ્રવાલ અને મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના સભ્ય, પ્રો. માર્કંડેય ત્રિપાઠી પણ હાજર હતા. આ યાદગાર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સિનેમા અને સાહિત્ય પ્રેમીઓ, જેમાં દોઢસોથી વધુ મહિલાઓનો સમાવેશ થાય છે, હાજર રહ્યા હતા.

## પુષ્પક એક્સપ્રેસના મુસાફરો સાથે એક મોટો અકસ્માત થયો...

# આગ લાગવાની અફવાહ કોણે ફેલાવી? તપાસમાં મોટો ખુલાસો કરવામાં આવ્યો

(એજન્સી) મુંબઈ | તા. 23

મહારાષ્ટ્રના જલગાંવમાં 22 જાન્યુઆરી બુધવારે સાંજે લખનૌથી મુંબઈ જઈ રહેલી પુષ્પક એક્સપ્રેસના મુસાફરો સાથે એક મોટો અકસ્માત થયો. ટ્રેનમાં આગ લાગી હોવાની અફવા ફેલાઈ હતી. જેથી લોકો ડરના માર્યા જીવ બચાવવા માટે અચાનક જ ટ્રેનમાંથી ઉતરવા લાગ્યા. જો કે આ સમય દરમિયાન જ બાજુના ટ્રેક પર આવી રહેલી ટ્રેને ઘણા મુસાફરોને કચડી નાંખ્યા. આ ઘટનામાં 13 લોકોના મોત થયા છે. ત્યારે આ મામલે પોલીસ તપાસમાં મોટો ખુલાસો થયો છે.

ટ્રેનમાં આગ લાગી હોવાની અફવાહ ફેલાઈ હતી. આ અફવા કોણે ફેલાવી તે વિશે જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે એક મુસાફરે જણાવ્યું કે અફવા એક ચા વેચનાર દ્વારા ફેલાવવામાં આવી હતી. અકસ્માતના એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે એક ચા વેચનાર વ્યક્તિએ અફવા ફેલાવી કે ટ્રેનમાં આગ લાગી છે. આ પછી ટ્રેનની અંદર અરાજકતાનો માહોલ સર્જાયો હતો. ચા વેચનારે જ સાંકળ ખેંચી લીધી. જ્યારે ટ્રેન ધીમી પડવા લાગી, ત્યારે મુસાફરોએ પોતાનો જીવ બચાવવા માટે ટ્રેનમાંથી ઉતરવાનું શરૂ કરી દીધુ હતું. પ્રત્યક્ષદર્શીએ આગળ કહ્યું કે કેટલાક લોકો બેંગ્લોર એક્સપ્રેસ જ્યાંથી પસાર થઈ રહી



હતી તે ટ્રેક પર કૂદી પડ્યા અને કચડાઈને મૃત્યુ પામ્યા. સેંકડો લોકો બીજી બાજુ કૂદી પડ્યા, જ્યાં કોઈ ટ્રેક નહોતો. જો તેઓ આ બાજુ કૂદી પડ્યા હોત, તો તેનાથી પણ વધુ લોકો મરી ગયા હોત. પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ બે ચા વેચનારાઓ દ્વારા અફવા ફેલાવવામાં આવતા આ ઘટના બની હતી. પોલીસે જણાવ્યું કે મહારાષ્ટ્ર સરકાર પણ એક મહત્વપૂર્ણ બેઠક કરી રહી છે. રેલવે પોલીસની સાથે હવે મહારાષ્ટ્ર પોલીસ પણ આ ટ્રેન અકસ્માતની તપાસ કરશે. રેલવે બોર્ડે મૃતકોના પરિવારજનોને 1.5 લાખ રૂપિય તથા ગંભીર રીતે ઘાયલ થયેલાઓને 50,000 રૂપિયા અને સામાન્ય ઈજાગ્રસ્તોને 5,000 રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

# 800 રૂપિયા માટે ગોળી મારી હત્યા કરી નાખી, ઘટનાને અંજામ આપી ફરાર

(એજન્સી) નવી દિલ્હી | તા. 23

ગાઝિયાબાદના નંદગ્રામ વિસ્તારની નવી વસતીમાં 800 રૂપિયાના વિવાદમાં લેબર સપ્લાયરની ગોળી મારીને હત્યા કરી દેવાઈ. પોલીસના જણાવ્યા અનુસાર શરૂઆતની તપાસમાં સામે આવ્યું છે કે મિત્રોએ જ ઘટનાને અંજામ આપ્યો. હત્યાના આરોપીઓની ધરપકડ માટે ટીમોની રચના કરી દેવાઈ છે.જાણકારી અનુસાર નંદગ્રામની નવી વસતીનો રહેવાસી 34 વર્ષીય ચંચલ પહેલા મજૂરી કરતો હતો અને થોડા સમયથી તે લેબર સપ્લાયની ઠેકેદારી કરવા લાગ્યો.


**નામ બદલેલ છે**

મે મારૂ જૂનુ નામ **ઘાંચી ફુરકાનભાઈ અસ્લમ** થી બદલી નવું નામ **ઘાંચી ફુરકાન અસ્લમ** રાખેલ છે.

રહે. જે-૩૦૪, અલ-બુરૂજ સરખેજ રોડ, મકરબા, સેવંથ હેવન સામે, અમદાવાદ-૩૮૦૦૫૫


## PM મોદી બાળકોને પણ મળ્યા...

# નેતાજી સુભાષ ચંદ્રની 128મી જન્મજયંતિ, PM મોદીએ શ્રદ્ધાંજલિ આપી:સંસદના સેન્ટ્રલ હોલમાં વિશેષ કાર્યક્રમ

(એજન્સી) નવી દિલ્હી | તા. 23

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સુભાષ ચંદ્ર બોઝને તેમની 128મી જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી. સંસદના સેન્ટ્રલ હોલમાં એક ખાસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પીએમ મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રક્ષા મંત્રી રાજનાથ સિંહ હાજર રહ્યા હતા. આ દરમિયાન પીએમ મોદીએ ત્યાં હાજર બાળકો સાથે વાતચીત પણ કરી હતી. પીએમએ બાળકો સાથે જય હિન્દના નારા પણ લગાવ્યા હતા.આ પહેલા સોશિયલ મીડિયા પોસ્ટમાં PMએ લખ્યું- ભારતની સ્વતંત્રતા આંદોલનમાં તેમનું અદ્ભુત યોગદાન છે. તેઓ હિંમત અને ધિરજના પ્રતીક હતા. તેમનું વિઝન અમને પ્રેરણા આપતું રહે છે, અમે તેમના સપનાના ભારતનું નિર્માણ કરવા માટે કામ કરીએ છીએ.23 જાન્યુઆરીએ શિવસેનાના સંસ્થાપક બાળા સાહેબ ઠાકરેની 99મી જન્મજયંતિ પણ છે. પીએમ મોદી, અમિત શાહે તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. અહીં, શિવસેના યુબીટી નેતા સંજય રાઉતે કહ્યું- જો શિંદે, દેવેન્દ્ર ફડણવીસ જેવા લોકો બાળાસાહેબ ઠાકરેને ટ્વિટર પર શ્રદ્ધાંજલિ આપે છે, તો તે સૌથી મોટો દંભ છે. સંજય રાઉતે કહ્યું, બાળાસાહેબ ઠાકરેને ભારત રત્ન એવોર્ડથી સન્માનિત કરવા જોઈએ. આ માટે સરકારે પ્રજાસત્તાક દિવસ દરમિયાન 26 જાન્યુઆરીએ જાહેરાત કરવી જોઈએ. સુભાષ ચંદ્ર બોઝનો જન્મ 23 જાન્યુઆરી 1897ના રોજ એક સમૃદ્ધ પરિવારમાં થયો હતો. સુભાષજીના પિતા જાનકીનાથ બોઝ વકીલ હતા. તેમનું પ્રારંભિક જીવન ઓડિશાના કટકમાં વિત્યું હતું. તેમના 9 ભાઈ- બહેન હતા. સુભાષ શરૂઆતના દિવસોથી જ તેજસ્વી વિદ્યાર્થી હતા, તેથી તેઓ કટકથી કલકત્તા આવ્યા અને પ્રખ્યાત પ્રેસિડેન્સી કોલેજમાં એડમિશન લીધું હતું. સુભાષ ચંદ્ર બોઝે કલકત્તાની સ્કોટિશ ચર્ચ કોલેજમાંથી બીએ કર્યું હતું. બાદમાં લંડન ગયા હતા. જ્યાં તેણે ICS પરીક્ષામાં મેરિટ લિસ્ટમાં ચોથું સ્થાન મેળવ્યું હતું. બોઝ ઈંગ્લેન્ડમાં અભ્યાસ કરીને ભારત પરત ફર્યા ત્યારે તેમની ઉંમર 25 વર્ષની હતી.

# પંજાબમાં કાગળો પર નકલી ગામ વસાવી ડેવલપમેન્ટના નામે અધિકારીઓએ લાખો રૂપિયા ચાંઉ કર્યા



(એજન્સી) ફિરોઝપુર | તા. 23

દેશમાં નકલીની ભરમાર વચ્ચે હવે પંજાબમાં સરકારી અધિકારીઓએ કાગળ પર નકલી ગામ જ વસાવી લીધું. પંજાબના ફિરોઝપુર જિલ્લામાં એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. અહીં સરકારી અધિકારીઓએ લાખો રૂપિયા ચાંઉ કરવા માટે કાગળો પર એક નકલી ગામ જ વસાવી દીધું. આ નકલી ગામના નામ પર કેન્દ્ર સરકાર પાસેથી 45 લાખ રૂપિયા લેવામાં આવ્યા. ત્યારબાદ વિકાસ કાર્ય માત્ર કાગળ પર જ કરાવી દેવામાં આવ્યું. આ મામલાનો ખુલાસો વર્ષો પછી RTI દ્વારા થયો છ. જિલ્લા વહીવટીતંત્રે આ સમગ્ર કૌભાંડની તપાસના આદેશ આપ્યા છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ મળીને ફિરોઝપુરની સરહદ પર સ્થિત 'નઈ ગટ્ટી રાજો કે' ના નામ પર એક નકલી ગામ 'ન્યૂ ગટ્ટી રાજો કે' ને કાગળો પર વસાવી દીધું. ત્યારબાદ આ નકલી ગામના વિકાસ કાર્યો કાગળો પર જ શરૂ કરી દેવામાં આવ્યા અને કેન્દ્ર સરકાર તરફથી મળેલી 45 લાખ રૂપિયાની રકમ ચાઉં કરી ગયા. આ મામલો લગભગ પાંચ વર્ષ પહેલાનો છે, જ્યારે પંજાબમાં કોંગ્રેસની સરકાર હતી. જ્યારે એક વ્યક્તિને આ કૌભાંડની જાણ થઈ ત્યારે તેણે 2019માં RTI દાખલ કરી અને સંબંધિત વિભાગ પાસેથી માહિતી માગી. આ દરમિયાન તેને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ મળવા લાગી.

# રાજસ્થાન સહિત 5 રાજ્યોમાં વરસાદની શક્યતા દિલ્હીમાં ધુમ્મસને કારણે અનેક ફ્લાઈટ્સ લેટ...

જમ્મુ/નવી દિલ્હી/ભોપાલ | બુધવારે મોડી રાત્રે દિલ્હી NCRમાં હળવો વરસાદ થયો હતો. જેના કારણે ગુરુવારે સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું. ધુમ્મસના કારણે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઘણી ફ્લાઈટ્સ મોડી પડી હતી. આગામી દિવસોમાં દિલ્હીમાં ઠંડી વધી શકે છે. ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ, વારાણસી, અયોધ્યા તેમજ પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં ગાઢ ધુમ્મસ છવાયું હતું. પંજાબ, હરિયાણા, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, દિલ્હી NCR અને ઉત્તર રાજસ્થાનમાં વરસાદની શક્યતા છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના પહાડી રાજ્યોમાં સતત ચોથા દિવસે હિમવર્ષા થઈ હતી. હિમાચલ પ્રદેશના અનેક જિલ્લાઓમાં પણ વરસાદ પડી રહ્યો છે. કેટલાક જિલ્લાઓમાં તાપમાનમાં પણ વધારો થયો હતો.

# અધિકારી તો કરોડપતિ નીકળ્યા ! દરોડા પાડતા મળી કડકડતી રોકડ..વિજિલન્સની ટીમ ચોંકી

(એજન્સી) બેતિયા | તા. 23

બિહારના બેતિયા જિલ્લામાં શિક્ષણ વિભાગના એક અધિકારીના ઘરેથી મોટી માત્રામાં રોકડ રકમ મળી આવી છે. બેતિયા જિલ્લા શિક્ષણ અધિકારીના ઘરે તપાસ હાથ ધરતા આ મોટી રકમ મળી આવી હતી. જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) રજનીકાંત પ્રવીણના નિવાસસ્થાને વિજિલન્સ વિભાગના દરોડા પાડવામાં આવ્યા હતા. પટનાની વિજિલન્સ ટીમ સવારથી જ ડીઈઓની પૂછપરછ કરી રહી છે. તપાસ દરમિયાન અત્યાર સુધીમાં મોટી રકમ રોકડ મળી આવી છે. નોટો ગણવા માટે એક મશીન મંગાવવામાં આવ્યું છે. બેતિયાના મુફસ્સિલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થિત બસંત બિહાર કોલોનીમાં જિલ્લા શિક્ષણ અધિકારીના ઘરે આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ડીઈઓ રજનીકાંત પ્રવીણ છેલ્લા ત્રણ વર્ષથી બેતિયામાં પોસ્ટેડ છે.


**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કામો**

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | ટેન્ડર મૂલ્ય (રૂ.) | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | **193-2024-25-R** ભાવનગર વિભાગ: જૂના ટાઇપ-II અને ટાઇપ-III સ્ટાફ ક્વાર્ટર્સની એસી શીટ છત બદલવાની કામગીરી | 21341100.08 | 256700.00 |
| 2 | **194-2024-25-R** કનાલુસ-પોરબંદર પીએસસી સ્લેબ દ્વારા સ્ટીલ ગર્ડરને બદલવી (૯.૧૫ મીટર સુધીનો ગાળો) | 20950299.49 | 254800.00 |
| 3 | **195-2024-25-R** ભાવનગર વિભાગ: વિવિધ 04 સ્ટેશનો (વડલ, ઉપલેટા, ધોરાજી અને જામ જોધપુર) પર રિલે રૂમના વધારા/વિસ્તરણની જોગવાઈ. | 2260760.47 | 45200.00 |
| 4 | **196-2024-25** BVP: સ્ટેડિયમ નજીક સ્ટેડિયમ કોલોનીમાં બાગકામ અને જમીન ખોદકામનું કામ. | 902276.16 | 18100.00 |
| 5 | **197-2024-25** DEN (W) ભાવનગર અધિકારક્ષેત્ર : (1) ભાવનગર વિભાગના મંજૂર કાર્ય સામે 9604 નંગ FB વેલ્ડનું વેલ્ડિંગ: ISD દ્વારા લૂપ લાઇનને મજબૂત બનાવવી (ડીપ સ્ક્રીનીંગ સાથે) અને LWR-51.470 TKM નું રૂપાંતર (પ્રોજેક્ટ આઈડી:15.02.31.24.3.51.007), (2) જેતલસર જંક્શન. સોમનાથ (SL) - ટીઆરઆર (પી) – 26.000 ટીકેએમ. (પ્રોજેક્ટ આઈડી: 15.02.31.24.3.51.002). (3) ભાવનગર વિભાગ: 2 થી 4 ડિગ્રી વળાંક પર SWR થી LWR નું રૂપાંતર. (પ્રોજેક્ટ આઈડી: 15.02.31.24.3. 51.006). (4) ભાવનગર વિભાગ: મુખ્ય અને મહત્વપૂર્ણ પુલો પર TRR(P)-20.80 TKM. (પ્રોજેક્ટ આઈડી: 15.02.31.24.3.51.010). (5) ADEN પોરબંદર: ISD દ્વારા લૂપ લાઈનોનું મજબૂતીકરણ (ડીપ સ્ક્રિનિંગ સાથે) અને ભાવનગર ડિવિઝનના મંજૂર કામ સામે LWR 14.070 TKMમાં રૂપાંતર:- ISD દ્વારા લૂપ લાઈન્સનું મજબૂતીકરણ (ડીપ સ્ક્રીનિંગ સાથે) અને LWR.-37.87.8 ID.: 15.02.31.22.1.51.002) | 119247531.56 | 746200.00 |
| 6 | **198-2024-25** સિનિયર DEN © ભાવનગર અધિકારક્ષેત્ર: મંજૂર થયેલા કામ સામે ૩૫૧૦ એફબી વેલ્ડનું વેલ્ડીંગ ૧) ભાવનગર વિભાગ - લૂપ લાઇનને મજબૂત બનાવવી (ઊંડા સ્ક્રીનીંગ સાથે) અને આઇએસડી દ્વારા એલડબલ્યુઆરમાં રૂપાંતર - 51.470 ટીકેએમ 2) રાજુલા - મહુવા (એસએલ) - TRR(P) -12.000 TKM 3) ભાવનગર વિભાગ - 2 થી 4 ડિગ્રી વળાંકો પર SWR થી LWR માં રૂપાંતર 4) ભાવનગર વિભાગ: મુખ્ય અને મહત્વપૂર્ણ પુલો પર TRR(P) 20.808 TKM | 44244841.41 | 371200.00 |
| 7 | **199-2024-25-R** ભાવનગર વિભાગ: મુખ્ય અને મહત્વપૂર્ણ પુલો પર TRR(P)20.808 TKM | 27432865.78 | 287200.00 |
| 8 | **200-2024-25** DEN (W) ભાવનગર અધિકારક્ષેત્ર: મંજૂર કાર્ય સામે 1533 સેટ ગ્લુડ જોઈન્ટ્સ બદલવા 1) ભાવનગર વિભાગ: ગ્લુડ જોઈન્ટ્સના 2977 સેટ બદલવા (15.02.31.24.3.51.005) 2) ભાવનગર વિભાગ: 2 થી 4 ડિગ્રી વળાંક રૂપાંતર પર SWR થી LWR સુધી (પ્રોજેક્ટ આઇડી 15.02.31.24.3.51.006) 3) ભાવનગર વિભાગ: મુખ્ય અને મહત્વપૂર્ણ પુલો પર TRR (P) 20.808 TKM (પ્રોજેક્ટ આઇડી 15.02.31.24.3.51.010) | 64284091.27 | 471400.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે : **બિડિંગની શરૂઆતની તારીખ :** 31/01/2025 **બિડની બંધ થવાની તારીખ :** 14/02/2025 NIT રેલવે વેબસાઇટ www.ireps.gov.in પર **તારીખ : 22/01/2025** ના રોજ અપલોડ કરવામાં આવી છે. 182

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**એન્જીનિયરિંગ કાર્ય**

**ટેન્ડર નંબર : DRM-BRC 120 થી 121 વર્ષ 2024-25** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી અને ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) વડોદરા ૪ દ્વારા નીચેના કામો માટે ઇ-ટેન્ડર મંગાવવામાં આવે છે. **ટેન્ડર નંબર :** DRM BRC 120 વર્ષ 2024-25 **કામનું નામ :** સિનિયર DEN/સાઉથ BRC ના અધિકારક્ષેત્ર હેઠળના લેવલ ક્રોસિંગ પર રબરાઇઝ્ડ સપાટી પૂરી પાડીને રસ્તાની સપાટીમાં સુધારો. **કામનો અંદાજિત ખર્ચ (રૂ.માં) :** ₹71,39,908.00 **બિડ સિક્યોરિટી સબમિટ કરવાની રહેશે (રૂ.માં) :** ₹1,42,800.00 **ટેન્ડર નંબર :** DRM BRC 121 વર્ષ 2024-25. **કામનું નામ :** વડોદરા વિભાગ:- સિનિયર DEN સાઉથ બીઆરસીના અધિકારક્ષેત્ર હેઠળ એસએસઈ પી વે ઓફિસ, શૌચાલયોનું સમારકામ અને અન્ય સંબંધિત કામો જેવા સિવિલ કામો. **કાર્યની અંદાજિત ખર્ચ (રૂ.માં) :** ₹91,82,240.42 **બિડ સિક્યોરિટી જમા કરવાની (રૂ.માં) :** ₹1,83,700.00 **ટેન્ડર રજૂ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ટેન્ડર 13.02.2025 ના રોજ 15.00 વાગ્યા પહેલા જમા કરવાની રહેશે અને તે જ તારીખે 15.30 વાગ્યે ખુલશે. **વેબ સાઈડ વિગતો અને સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવા સ્થાન અને ટેન્ડર ફોર્મ ખરીદી શકાય તેવા કાર્યાલયનું સરનામું માટેની માહિતી :** ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4 વેબસાઇટ @ www. ireps gov.in 281

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે**

**વિવિધ કામ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, 6ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ 400008 આમંત્રિત કરે છે ઈ-ટેન્ડર નોટિસ નંબર:- BCT/24-25/269, તારીખ:- 22-01-2025. કાર્ય અને સ્થાન:- (1) જોરાવાસન - સુરત:- વિભાગ - SSE-W-BILIMORA વિભાગ હેઠળ સેવા ઈમારતો અને અન્ય મહત્વપૂર્ણ સ્ટેશન ઈમારતોની સામાન્ય સમારકામ. (2) જોરાવાસન - સુરત :- વિભાગ - SSE-W-BILIMORA વિભાગ હેઠળ મહત્વપૂર્ણ સર્વિસ બિલ્ડિંગ, ક્વાર્ટર્સ, સ્ટીલ સ્ટ્રક્ચર, ફોઈટ ઓવર બ્રિજ, કવરશેડ, બ્રિજના ભાગોનું પેઈન્ટિંગ. (3) જોરાવાસન - સુરત :- વિભાગ - SSE-W-BILIMORA વિભાગ હેઠળ હાલના જર્જરિત સ્ટાફ ક્વાર્ટર્સમાં સામાન્ય સમારકામ અને છત લિકેજની સારવાર. (4) જોરાવાસણ - સુરત વિભાગ :- અધિકારક્ષેત્ર હેઠળની વસાહતોમાં ગટરના નિકાલ માટે સુધારાઓ જો SSE-W-Bilimora. કાર્યની અંદાજે ખર્ચ :- રૂ: 5,47,11,618.54. ઈએમડી:- રૂ: 4,23,600/-. સબમિશન કરવાની તારીખ અને રકમ :- 18-02-2025 એ 15:00 કલાક સુધી હ. ખુલવાની તારીખ અને સમય :- 18-02-2025 ના રોજ 15:30 વાગ્યે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઑફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 1002

અમને લાઇક કરો facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**નોન-ફેર રેવન્યુ કોન્ટ્રાક્ટ માટે ઈ-ઓક્શન**

નીચેના કેટલોગ માટે અમદાવાદ ડિવિઝનના નોન-ફેર રેવન્યુ કોન્ટ્રાક્ટ્સ માટે ઇ-ઓક્શન પર બિડ આમંત્રિત કરવામાં આવે છે, જે IREPS વેબસાઇટ પર પહેલેથી જ પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે.

| કેટલોગ નં. | કરારના પ્રકારો | કેટેગરી | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| NFR-ADI-51-24 | • વિવિધ સ્થિર સેવાઓ | • ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન માં જીએનસી ખાતે રેલ કોચ રેસ્ટોરન્ટ | તમામ લોટ માટે ઇ-ઓક્શન તારીખ 04-02-2025 ના રોજ બપોરે 12:00 વાગ્યે શરૂ થશે. |
| NFR-ADI-52-24 | • જાહેરાત • વિવિધ સ્થિર સેવાઓ | • આઉટ ઓફ હોમ • સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ) • બોટલ ક્રશિંગ મશીન | તમામ લોટ માટે ઇ-ઓક્શન તારીખ 05-02-2025 ના રોજ બપોરે 12:00 વાગ્યે શરૂ થશે. |

**નોંધ :** 1.સંભવિત બિડર્સને વિનંતી કરવામાં આવે છે કે તેઓ IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લે અને હરાજીમાં ભાગ લેતા પહેલા પોતાની નોંધણી કરાવે. 2. ઉપર જણાવેલ કેટલોગ નં. હેઠળ લોટ મુજબની વિગતો. આગામી ઈ-ઓક્શન, ઝોન:પશ્ચિમ રેલવે, યુનિટ: અમદાવાદ ડિવિઝન- કોમર્શિયલના હેડ હેઠળ ઉપલબ્ધ છે. 3. પ્રારંભિક કુલિંગ પીરીયડ 30 મિનિટનો છે. સકસેસિવ લોટ બંધ થવાનો અંતરાલ 10 મિનિટ છે. IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં લોટ મુજબ બંધ થવાનો સમય જોઈ શકાય છે.4. નિર્ધારિત હરાજી સંબંધિત કોઈપણ પ્રશ્નો માટે, કૃપા કરીને અમારો srdcm@adi.railnet.gov.in અથવા +91-9724093968 પર સંપર્ક કરો. 300

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

સુરતમાં જાહેરસભાના મંચ પર પટ્ટો ફટકારી કહ્યું- 'ગુજરાતના આત્માને જગાડવા માટે આવ્યો છું'

# પાટણમાં હારીજ હાઈવે નજીક સર્જાયો ત્રિપલ અકસ્માત

નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા હારીજ હાઈવે નજીક ત્રિપલ અકસ્માત સર્જાયો. હારીજ હાઈવે પરના CNG પંપ પાસે ટ્રેલર, ટ્રક અને એસટી બસ વચ્ચે અકસ્માત સર્જાયો. હાઈવે પર પસાર થતાં ટ્રક ચાલકે સ્ટેરિંગ પરનું કાબુ ગુમાવતા LPG ગેસના ટ્રેલર સાથે અથડાયું. ટ્રક ચાલકે ટક્કર મારતાં ટ્રેલર હાઈવે પલ્ટી મારી ગયું. અને વલસાડથી આવતી એસટી બસની પણ ટ્રેલર સાથે અથડામણ થઈ.ત્રિપલ અકસ્માતને પગલે હાઈવે પરનો વાહન વ્યવહાર ખોરવાઈ ગયો.

આ અકસ્માતમાં હજુ સુધી કોઈનું મોત થયાના સમાચાર સામે આવ્યા નથી. હારીજ પર વહેલી સવારે ત્રિપલ અકસ્માતની ઘટનાના સમાચારથી પંથકમાં ચકચાર મચી જવા પામી. વહેલી સવારે હાઈવે પર ટ્રેલર,ટ્રક અને એસ. ટી.બસ વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો. જો કે આ અકસ્માતમાં કોઈને જાનહાનિ થઈ નથી. એસ.ટી.બસના ડ્રાઈવરને સામાન્ય ઈજાઓ પંહોચી છે.

ત્રિપલ અકસ્માતમાં એસ ટી ડ્રાઈવરને સામાન્ય ઈજાઓ થતા ચાણસ્મા સિવિલ ખસેડાયો. હાઈવે પર સર્જાયેલ અકસ્માતની પોલીસને જાણ થતાં ઘટના સ્થળ પર પંહોચી. જો કે અકસ્માત સર્જનાર ટ્રેલર અને ટ્રક નો ડ્રાઈવર અકસ્માત સર્જી ફરાર થયો. પોલીસે અકસ્માત મામલે તપાસ હાથ ધરી.





**વાહનચાલકો બેફામ :** રાજ્યમાં હાઈવે પર વાહનચાલકો બેફામ વાહનો ચલાવી રહ્યા છે. લોકોને સુવિધા આપવા તંત્ર દ્વારા હાઈવે ના માર્ગ વધુ સુવિધાયુક્ત બનાવવામાં આવ્યા છે. પરંતુ વાહન ચાલકો સારા માર્ગ પર બેફામપણે વાહન હંકારી રહ્યા છે. ખાસ કરીને ટેંકર અને ટ્રક જેવા માલવાહક વાહનના ડ્રાઈવર અનેક વખત નશામાં ડ્રાઈવિંગ કરતા હોવાના કિસ્સા પણ સામે આવ્યા છે. માલવાહકના ડ્રાઈવરની બેદરકારીના કારણે માસૂમ લોકો ભોગ બને છે.કેટલાક કિસ્સામાં ગંભીર ઈજા પામે છે તો ભયાનક અકસ્માતમાં મોત થયાના કિસ્સા પણ સામે આવ્યા છે. વાહનચાલકોએ પણ પોતાની જવાબદારી સમજી ડ્રાઈવિંગ કરવું તેમના તેમજ અન્ય લોકો માટે પણ હિતાવહ રહે છે.



## ગુજરાતમાં પહેલીવાર બુલેટના સાઈલન્સર પર બુલડોઝર ફર્યું

### રાજકોટમાં 10 દિવસમાં 350 બુલેટ ડિટેઇન; મોડિફાઇડ સાઇલન્સરનો કચ્ચરઘાણ કાઢ્યો, જાણો શું છે નિયમ

રાજકોટ | ગુજરાતમાં દારૂ બાદ પ્રથમ વખત મોડિફાઈડ સાઈલન્સર પર રોડ રોલર ફરતું જોવા મળ્યું છે. રાજકોટ શહેર પોલીસ દ્વારા છેલ્લા 10 દિવસમાં વાયુ-પ્રદૂષણ ફેલાવતા મોડિફાઈડ સાઈલન્સરવાળા 350 બુલેટ ડિટેઈન કરી એમાંથી સાઈલન્સર કાઢી આજે (23 જાન્યુઆરી) એનો નાશ કરવામાં આવ્યો છે. આ સાથે જ પોલીસ દ્વારા વાહનો ડિટેઈન કરી RTOનો મેમો આપવામાં આવતાં RTO દ્વારા લાખો રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે કેટલીક જગ્યાએ શો રૂમની અંદર આ પ્રકારે મોડિફાઈડ સાઈલન્સર ફિટ કરવામાં આવતાં હોવાની ફરિયાદ છે, જેની સામે RTO દ્વારા ચેકિંગ કરવું જરૂરી બન્યું છે. જો આ મુજબ ચેકિંગ થાય અને મોડિફાઈડ સાઈલન્સર વેચાણ થતાં હોવાનું મળી આવે તો તેમના વિરુદ્ધ RTO કાર્યવાહી કરી તેમનું TC સસ્પેન્ડ કરી શકે છે. રાજકોટ શહેર ટ્રાફિક ડીસીપી પૂજા યાદવએ જણાવ્યું હતું કે પોલીસ કમિશનર બ્રજેશ ઝા, જોઈન્ટ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયાની સૂચના મુજબ રાજકોટમાં માર્ગ સલામતી માસની ઉજવણી દરમિયાન છેલ્લા 10 દિવસથી ખાસ વાયુ-પ્રદૂષણ ફેલાવતા મોડિફાઈડ સાઈલન્સરવાળાં વાહનો સામે સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરાઈ હતી. પોલીસ દ્વારા આવાં બુલેટ તેમજ બાઈક ડિટેઈન કરી મેમો આપી તેમના મોડિફાઈડ સાઈલન્સર કાઢી દેવામાં આવ્યાં છે. 10 દિવસમાં 350 જેટલાં મોડિફાઈડ સાઈલન્સર મળી આવતાં RTO અને શોરૂમના સર્ટિફિકેટ મેળવી કોર્ટના ઓર્ડર મેળવ્યો હતો. એની સાથે આજે પોલીસ દ્વારા આ તમામ મોડિફાઈડ સાઈલન્સર ઉપર રોડ રોલર ફેરવી એનો નાશ કરાયો છે.




**પોલીસ-RTOઓની ડ્રાઇવ હજુ ચાલુ રહેશે :** તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ-કોટમાં 10 દિવસમાં કરેલી આ ડ્રાઈવ આગળ પણ ચાલુ રહેશે અને જે કાર્યવાહી કરવામાં આવી છે એ આખા દેશમાં થઈ રહી છે. મોટર વ્હીકલ એક્ટ 52 અને 190 મુજબ મોડિફાઈડ સાઈલન્સર ઉપયોગ કરી શકાય નહિ એવો સ્પષ્ટ ઉલ્લેખ છે, જે અંતર્ગત રાજકોટ પોલીસ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ દ્વારા વાહન ડિટેઈન કરી બાદમાં મોડિફા-ઈડ સાઈલન્સર અંગે સર્ટિફિકેટ મેળવીને એને કાઢી એનો નાશ કરવામાં આવી રહ્યો છે. લોકો પણ આવા ગેરકાયદે મોડિફાઈડ સાઈલન્સર ઉપયોગ ન કરે, પોલીસનો મોટિવ નિયમનું પાલન થાય એ અને વાયુ-પ્રદૂષણ અટકાવવાનો છે.

## નર્મદા કેનાલમાંથી નવજાતનો મૃતદેહ મળ્યો...!

### ફરી એકવાર માનવતા લજવાઈ; હોસ્પિટલમાં જન્મ બાદ ફેંકી દીધું હોવાની આશંકા, 14 દિવસમાં ત્રીજી ઘટના

થરાદ | થરાદ તાલુકાના ગડશિસર વિસ્તારમાં આવેલી નર્મદા કેનાલમાંથી એક નવજાત શિશુનો મૃતદેહ મળતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. સ્થાનિક લોકોએ કેનાલમાં તરતા મૃતદેહની જાણ થરાદ ફાયર વિભાગને કરતાં ફાયર ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. એક અનુમાન મુજબ બાળકના મૃતદેહને જોતાં લાગી રહ્યું છે કે હોસ્પિટલમાં જન્મ બાદ તેને ફેંકી દીધું હોય. ઉલ્લેખનીય છે કે 14 દિવસમાં આ ત્રીજી ઘટના છે. આ પહેલાં 9 અને 18 જાન્યુઆરીના રોજ સુરતના પાંડેસરા વિસ્તારમાંથી માનવતાને લજવાવતી આવી જ ઘટના સામે આવી હતી.

મળતી માહિતી મુજબ, થરાદ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં આજે એક નવજાત શિશુનો મૃતદેહ તરી રહ્યો હતો, જેથી સ્થાનિક લોકોએ તાત્કાલિક થરાદ ફાયર ટીમને જાણ કરી હતી. ફાયર ટીમે ઘટનાસ્થળે પહોંચી નવજાત શિશુના મૃતદેહને કેનાલમાંથી બહાર કાઢ્યો હતો. થરાદ પોલીસને જાણ કર્યા બાદ નવજાત શિશુના મૃતદેહને સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. બનાવને પગલે લોકોમાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

ઉલ્લેખનીય છે કે કેનાલમાં મળી આવેલા શિશુના મૃતદેહ પર હોસ્પિટલમાં જન્મ થયો હોય એવી ગર્ભનાળની પટ્ટી હતી, જેથી એવું લાગી રહ્યું છે કે ડિલિવરી હોસ્પિટલમાં જ થઈ છે,

જે પછી કોઈએ પોતાનું પાપ છુપાવવા માટે માસૂમને ત્યજ્યું હોય એવી આશંકા છે. શું નવજાત શિશુને નિર્દય માતાપિતાએ ત્યજી દીધું હતું, આ બાળક કેનાલમાં ક્યાંથી આવ્યું, એને ત્યજી દેવાનું કારણ શું? જેવા અનેક સવાલો લોકોના મનમાં ઊભા થવા લાગ્યા છે, સાથે પોલીસ દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે એવી માગ પણ ઊઠવા પામી છે.



**નવજાતના મૃતદેહને હોસ્પિટલ ખસેડાયો :** થરાદ ફાયર ઓફિસર વિરમજી રાઠોડે જણાવ્યું હતું કે આજે થરાદના ગડશિસર માયનોર કેનાલ, જે રાણપુર અને આત્રોલ વચ્ચે પસાર થાય છે. રાણપુર પુલ નજીક પસાર થતી આ નર્મદા કેનાલમાં નવજાત શિશુની ડેડબોડી તરતી હોવાનો કોલ અમને સવારે 6:10 મિનિટે કોઈ અજાણી વ્યક્તિએ કર્યો હતો, જેથી અમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ડેડબોડીને કેનાલ બહાર કાઢી પોલીસને જાણ કરી હતી. હાલ ડેડબોડીને થરાદ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે હોસ્પિટલમાં ડિલિવરી થાય ત્યારે જે કોડ કલમ લગાવવામાં આવે એવી જ પટ્ટી આ બાળકના મૃતદેહ પર હતી, જેથી કહી શકાય કે આ બાળકનો જન્મ પણ હોસ્પિટલમાં જ થયો હોવો જોઈએ. આ ઘટનાને લઈ લોકોમાં અનેક સવાલો ઊભા થયા છે. સ્થાનિક લોકોએ થરાદ પોલીસને નિષ્પક્ષ તપાસ કરવા અને આ કૃત્ય કરનારાઓને શોધી કાઢવાની માગ કરી છે.

## ચાણોદ રેલવે ફાટક પાસે ટ્રેન અડફેટે 3 વર્ષની દીપડીનું મોત ફોરેસ્ટ વિભાગને જાણ કરાઇ...

(એજન્સી) વડોદરા | તા. 23

જિલ્લાના ચાંણોદ રેલવે ફાટક પર ટ્રેનની અડફેટે એક દીપડીનું મોત નીપજ્યું હતું.વન વિભાગે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી હતી. પોસ્ટમોર્ટમ થઈ ગયા બાદ નિયમ મુજબ દીપડીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ ઘટનાએ પંથકમાં ચકચાર જગાવી મુકી છે.

મળેલી માહિતી પ્રમાણે, ડભોઈ તાલુકાના ચાણોદ નજીક ઓરસંગ ગામડી અને ભાલોદ્રા ગામડી વચ્ચે રેલવે બ્રિજ આવેલો છે. શિકારની શોધમાં માનવ વસ્તી તરફ આવી ગયેલી દીપડી પસાર થતી ટ્રેનની અડફેટે આવી જતાં મોતને ભેટી હતી. સવારે આ ઘટના અંગે સ્થાનિક લોકોએ ફોરેસ્ટ વિભાગને જાણ કરતાં તુરંત જ ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃત દીપડીનો કબજો લઈ કાર્યવાહી હાથ ધરી હતી. દીપડીનું મોત થતા વન વિભાગ દ્વારા દીપડીના મૃતદેહને પી.એમ માટે ડભોઈ પશુ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. ડભોઈના આર.એફ.ઓ. કલ્યાણી ચૌધરીએ જણાવ્યું હતું કે, આજે સવારે અમને ઘટનાની જાણ થતાં અમારી ટીમ સ્થળ ઉપર પહોંચી ગઇ હતી અને મૃતદેહને ડભોઇ પશુ હોસ્પિટલ ખાતે લઇ આવ્યા હતા. મૃતક દીપડી હતી અને તેની ઉંમર સાડા ત્રણ વર્ષની હતી. હોસ્પિટલ ખાતે લાવ્યા બાદ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું.જે બાદ અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા.



## ગેરકાયદે ખનન પર કાર્યવાહી...

પંચમહાલ (ગોધરા) | પંચમહાલ જિલ્લામાં ગેરકાયદે ખનન કરતા માફિયાઓ સામે ખાણ-ખનિજ વિભાગે મોટી કાર્યવાહી કરી છે. વિભાગને મળેલી ચોક્કસ બાતમીના આધારે એક જ દિવસમાં પાંચ અલગ-અલગ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન વિભાગે એક JCB મશીન, ત્રણ ટ્રેક્ટર અને એક ટ્રક સહિત કુલ 60 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. કાકણપુર, વેલવડ, શનિયાળા, ઘોઘંબા અને ગોધરા બાયપાસ રોડ પર થયેલી આ કાર્યવાહીમાં પાંચ શખ્સોની અટકાયત કરવામાં આવી છે. આ લોકો ગેરકાયદેસર રીતે ક્વાર્ટ્ઝ, માટી અને રેતીનું બિનઅધિકૃત ખનન કરી તેની હેરાફેરી કરી રહ્યા હતા. જપ્ત કરાયેલો તમામ મુદ્દામાલ ગોધરા કલેક્ટર કચેરી ખાતે સીઝ કરીને મૂકવામાં આવ્યો છે.

પંચમહાલ જિલ્લો કુદરતી ખનિજ સંપત્તિથી સમૃદ્ધ છે, પરંતુ કેટલાક અસામાજિક તત્વો આ સંપત્તિનું ગેરકાયદે દોહન કરી રહ્યા છે. આ કાર્યવાહીથી ખનિજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે. વિભાગ દ્વારા આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

## વડોદરા શિક્ષણ સમિતિના પૂર્વ અધ્યક્ષ દ્વારા એક વ્યક્તિ સાથે એક કરોડની ઠગાઇ કર્યાની ફરિયાદ

(એજન્સી) વડોદરા | તા.23

વડોદરા હાલોલ રોડ પરના ભણીયારા ખાતે આવેલ સુખલીપુરા ગામની જમીન વેચવાના બહાને પૂજારી પાસેથી પણ રૂ.1.04 કરોડ પડાવી લેનાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન દિલીપ ગોહિલ વિરુદ્ધ વધુ એક ફરિયાદ સામે આવી છે. જેમાં પુજારીને પોતાના સબંધીની જમીન હોવાનું જણાવી રકમ પડાવી તે જ જમીનને પરાક્રમસિંહ જાડેજાને વેચી બને સાથે ઠગાઈ આચરી છે.

વાઘોડિયા તાલુકાના વડોદરા હાલોલ રોડ પર આવેલ ભણીયારાના શક્તિધામ ખાતે રહેતા અને ખેતી વ્યવસાય સાથે પૂજારી તરીકે સેવા આપતા રમેશભાઈ પટેલ (મહારાજ)એ વડોદરા શહેર પોલીસ કમિશ્નરને આપેલ ફરિયાદમાં જણાવ્યા મુજબ, ફરિયાદીના મંદિરની બાજુમાં સુખલીપુરા ગામ સર્વે નંબર 215 જેનું ક્ષેત્રફળ 1-99-30 વાળી જમીન અંગે આરોપી કમલેશભાઈ લાલજીભાઈ દેત્રોજા (રહે. વાત્સલ્ય કુંજ નારાયણ વાડી પાસે, અટલાદરા વડોદરા)એ જમીન પોતાના કાકા પરેચા અમૃતલાલ નરભેરામએ વેચાણ રાખેલ હોવાથી તેનો વહીવટ અમે પોતે કરીએ છીએ તેમ જણાવી પોતે ખાતરી આપી હતી. ત્યારબાદ કમલેશ અને દિલીપભાઈ ગણપતસિંહ ગોહિલ (રહે. રામા પેલેસીયો,ઈસ્કોન હેલીટેટ પાસે ન્યુ અલકાપુરી ગોત્રી, વડોદરા) એ વર્ષ 2023માં આ જમીન વેચાણ આપવા અંગેની ચર્ચા કરી પાવર ઓફ એટર્ની દર્શાવી હતી. દિલીપ ગોહિલએ ફરિયાદીને વેચાણ દસ્તાવેજ કરતી વખતે પરેચા અમૃતલાલને લઈ આવીશું તેવો ભરોસો આપ્યો હતો. જમીનની કીમત આશરે એક કરોડ પચ્ચાસ લાખ પુરા તેમજ વેચાણ દતાવેજ બાદ સદર રકમ 30 માસમાં પૂરી રકમ જમા કરી આપવાની રહેશે તેમજ ટોકનની રકમ અવેજ લેતા જ જમીનનો કબજો ફરિયાદીને સુપરત કરશે. ત્યારબાદ ફરિયાદીએ RTGS તથા આરોપીઓને રૂબરૂમાં રોકડ સાથે કુલ રૂપિયા 1,04,17,000/- જમીન પેટે આપવામાં આવેલ છે.

## રાજકોટમાં મહિલા પર એસિડ એટેક:મંગેતર પ્રેમી સાથે ભાગી જતા યુવકે ભાળ મેળવવા તેણીની પિતરાઈ બહેન સાથે બબાલ કરી એસિડ છાંટ્યું...

(એજન્સી) રાજકોટ | તા. 23

રાજકોટ શહેરમાં ગતરાત્રિના (22 જાન્યુઆરી) એસિડ એટેકની ઘટના સામે આવી છે. રાજકોટ-અમદાવાદ હાઇવે પર સોખડા ગામ ખાતે રહેતી મંગેતર તેના પ્રેમી સાથે ભાગી જતા યુવક તેની ભાળ મેળવવા યુવતીના ઘરે પહોંચ્ચી ગયો હતો. અહીં યુવકે મંગેતરની પિતરાઈ બહેનને તે ક્યાં છે? સહિતના સવાલો કરી ઉશ્કેરાઈને એસિડ એટેક કર્યો હતો. આ ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. હાલ કુવાડવા પોલીસ સમગ્ર મામલ BNSની કલમ 124(1), 133 મુજબ ગુનો નોંધી કાયદેસેની કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ-અમદાવાદ હાઇ-વે પર સોખડા ગામ ખાતે ગઈકાલે રાત્રિના એસિડ એટેકની ઘટના સામે આવી છે. સોખડા ગામે રહેતા પ્રકાશ પ્રવીણભાઈ સરવૈયા નામના યુવાનની સગાઇ તેના જ ગામની યુવતી પારસબેન સાથે કરવામાં આવી હતી. આ પછી યુવતી તેના પ્રેમી સાથે ભાગી લગ્ન કરી લીધા હોવાની જાણ થતા આરોપી પ્રકાશ સરવૈયા તેની મંગેતરના ઘરે સ્ટીલની બોટલમાં એસિડ ભરીને પહોંચ્યો હતો. આરોપી પ્રકાશ સરવૈયા મંગેતરના ઘરે પહોંચી મંગેતર પારસ ક્યાં છે? કોની સાથે છે? તમને ખબર છે? તેનું એડ્રેસ મને આપો. તમે બધું જાણો છો, છતાં મારાથી છુપાવી રહ્યા છો. મને જાણ કરો પારસ ક્યાં છે? તેમ કહી બબાલ કરી હતી. જે બાદ અચાનક ઉશ્કેરાઈને મંગેતરની પિતરાઈ બહેન વર્ષાબેન પર હાથમાં રહેલ સ્ટીલની બોટલ ખોલી એસિડ એટેક કર્યો હતો. આરોપી પ્રકાશએ એસિડ ઉડાવતા વર્ષાબેનને મોઢાના ભાગે, છાતીના ભાગે, સાથળના ભાગે તથા વાંસાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. રાજકોટ ઉત્તરના એસીપી આર.એસ. બારીઆએ જણાવ્યું હતું કે, રાજકોટ કુવાડવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગઈકાલે રાત્રીના રાજકોટ-અમદાવાદ હાઈ-વે પર સોખડા ગામ ખાતે એસિડ એટેકની ઘટના સામે આવી હતી.

સતત રડતી હતી, છાની રાખવા છતાં ન રહેતાં ગુસ્સો આવ્યો; પહેલા ઓશીકાથી મોઢું દબાવ્યું ને પછી ગળું દબાવી દીધું

# સુરતમાં 13 વર્ષીય કિશોરે જ માસિયાઈ બહેનનું ગળું દબાવી હત્યા કરી

સુરત | સુરતના નાનપુરા વિસ્તારમાં માસીના ઘરે રહેતા 13 વર્ષના કિશોરે 1 વર્ષની માસિયાઈ બહેનની હત્યા કરી નાખતાં ચકચાર મચી છે. બાળકી સતત રડતી હોવાથી કિશોરને ગુસ્સો આવ્યો હતો અને બાળકીની ગળું દબાવી હત્યા કરી હોવાનું સામે આવ્યું હતું. હાલ તો પોલીસે કિશોરની અટકાયત કરી કિશોર વિરુદ્ધ સાપરાધ મનુષ્ય વધનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ સાથે પોલીસે જુવેનાઈલ ઓફિસર,એનજીઓનાં મહિલા અને મહિલા પોલીસ દ્વારા કિશોરનું કાઉન્સેલ કરવાનું શરૂ કર્યું છે.

કિશોર મોબાઈલમાં કોઈ પ્રકારની ઓનલાઈન ગેમ રમતો હતો કે કોઈ વીડિયો ગેમ રમતો હતો અથવા તો સોશિયલ મીડિયામાં એક્ટિવ હતો કેમ એ અંગે પણ તપાસ શરૂ કરી છે. મળતી માહિતી પ્રમાણે સુરતના નાનપુરા વિસ્તારમાં રહેતા પરિવારમાં મૃતક દીકરીના પિતાના બહેનનાં સંતાનો પણ રહેતાં હતાં. પરિવાર હોસ્પિટલમાં કામ કરી ઘરનું ગુજરાત ચલાવતો હતો. ત્યારે 13 વર્ષના કિશોર પાસે બાળકીને મૂકીને જતા હતા. એ દરમિયાન તારીખ 21/1/2025ના રોજ બાળકી અચાનક બેભાન થઈ ગઈ હતી, જેથી તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી,

જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. બાળકીના મોતનું કારણ જાણવા માટે તેના મૃતદેહને પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો. પીએમ રિપોર્ટમાં જે હકીકત બહાર આવી એ જાણી સૌકોઈ ચોંકી ગયા હતા. બાળકીની હત્યા કરી હોવાનું સામે આવ્યું હતું. બાળકીનું મોઢું અને ગળું દબાવી હત્યા થઈ હોવાનું રિપોર્ટમાં આવ્યું હતું, જેથી અઠવા પોલીસે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન પોલીસે પૂછપરછ શરૂ થઈ હતી ત્યારે 13 વર્ષના કિશોરે બાળકીની હત્યા કરી નાખી હોવાનું કબૂલ્યું હતું. કિશોરે જણાવ્યું હતું કે બાળકી સતત રડતી હતી અને તે છાની ન રહેતાં કિશોરને ગુસ્સો આવ્યો હતો અને તેને ગુસ્સામાં જ પહેલા ઓશીકાથી મોઢું દબાવ્યું હતું, પછી ગળું દબાવી દેતાં મોત થયું હતું. ઘટના સંદર્ભે પોલીસે કિશોરને કસ્ટડીમાં લેતાં પરિવારે કલ્પાંત કરી ગુનો નહીં દાખલ કરવા પોલીસને આજીજી કરી હતી, પરંતુ પોલીસે ગંભીર ગુનાને લઈ કિશોરની અટકાયત કરી તેના વિરુદ્ધ સાપરાધ મનુષ્ય વધનો ગુનો દાખલ કરી સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કિશોર એક વર્ષ પહેલાં મુંબઈથી સુરત આવ્યો હતો અને માસીના ઘરે રહેતો હતો. કિશોરની આ હરકતથી લોકો ચોંકી ગયા છે. આ અંગે ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે 13 વર્ષના કિશોરે 1 વર્ષની બાળકીની હત્યા કરી નાખી હતી, જેથી તેની અટકાયત કરવામાં આવી છે. પોલીસે કિશોરની પૂછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે બાળકી સતત રડતી હતી, જેથી તેને ચૂપ કરાવવા તેના મોઢા ઉપર ઓશીકું મૂકી દીધું હતું. પોલીસે જણાવ્યું હતું કે કિશોરને એ માહિતી ન હતી કે તેના મોઢા ઉપર ઓશીકું મૂકવાથી બાળકીના શ્વાસ રૂંધાઈ જાય. આ સાથે પોલીસે જુવેનાઈલ ઓફિસર, એનજીઓનાં મહિલા અને મહિલા પોલીસ દ્વારા કિશોરનું કાઉન્સેલ કરવાનું શરૂ કર્યું છે. કિશોર મોબાઈલમાં કોઈ પ્રકારની ઓનલાઈન ગેમ રમતો હતો કે કોઈ વીડિયો ગેમ રમતો હતો અથવા તો સોશિયલ મીડિયામાં એક્ટિવ હતો.

### ભુજ શહેરના આશાપુરા રીંગરોડ વિસ્તારમાં સુમરા ડેલી નજીક ગઢરાંગ પાસે શ્વાનનું વિસ્ફોટકના કારણે દર્દનાક મોત નિપજ્યું હતું

# ભુજમાં જાહેરમાં ફેંકાયેલા વિસ્ફોટક ટોટાથી શ્વાનનું મોત

(એજન્સી) કચ્છ | તા 23

કચ્છના ભુજ શહેરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ભુજમાં એક શ્વાન કચરાપેટીમાં પડેલાં એક પદાર્થને ખોરાક સમજીને ખાવા જઈ રહ્યો હતો, ત્યારે અચાનક એક બ્લાસ્ટ થયો. હકીકતમાં શ્વાને જે પદાર્થને ખોરાક સમજ્યો હતો તે વિસ્ફોટક જિલેટીન સ્ટિક (ટોટા) હતી. આ વિસ્ફોટકના કારણે શ્વાનનું જડબું ફાટી ગયું અને તેનું અરેરાટીભર્યું મોત નિપજ્યું હતું. ભુજ શહેરના આશાપુરા રીંગરોડ વિસ્તારમાં સુમરા ડેલી નજીક શિફા હોસ્પિટલવાળી ગલીમાં દરબાર ગઢની ગઢરાંગ પાસે શ્વાનનું વિસ્ફોટકના કારણે દર્દનાક મોત નિપજ્યું હતું. શ્વાન અહીં ભોજનની શોધમાં હતું, ત્યારે તેણે કચરામાંથી ભોજન સમજી એક પદાર્થ ઉપાડ્યો. હકીકતમાં આ પદાર્થ ભોજનની બદલે વિસ્ફોટક ટોટા હતો. જેવું જ શ્વાને આ વિસ્ફોટક ટોટાને મોઢામાં લીધું કે, તેનું જડબું ફાટી ગયું અને આસપાસમાં લોહીના ખાબોચ્યા ભરાઈ ગયાં. જોકે, ઘટના બનતા તુરંત જ આસપાસના જાગૃત નાગરિકોએ આ બનાવ અંગે માધાપરની જીવદયા પ્રેમી સંસ્થાને આ વિશે જાણકારી આપી. બાદમાં તેઓ આ શ્વાનને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયાં પરંતુ, મોડી સાંજે શ્વાને હોસ્પિટલમાં પોતાનો દમ તોડી દીધો હતો.



## પોલીસે બે શખ્સોને ઝડપ્યા

વિસ્ફોટક પદાર્થ કચરાપેટીમાં ફેંકીને માદા શ્વાનનું દર્દનાક મોત નીપજાવવા બદલ ભુજ-એ ડિવિઝન પોલીસે બે શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધીને તેની અટકાયત કરી છે. વિસ્ફોટક પદાર્થના લીધે માણસો અને અબોલ પશુઓનું જીવન જોખમમાં મૂકાય તેવું જાણવા છતાં બંને લોકો બેદરકારી દાખવી હોવાનું પોલીસે ફરિયાદમાં જણાવ્યું છે. પોલીસે ભુજના સલીમ આમદ કુંભાર (રહે. કેમ્પ એરિયા) અને અઝીઝ હાજી મણિયાર (રહે. સંજોગનગર) સામે પશુ ક્રૂરતા નિવારણ અધિનિયમ, જીપી એક્ટ અને BNS કલમ 325, 287, 54 હેઠળ ગુનો નોંધ્યો છે. આ પદાર્થ કયા હેતુથી લઈ જવાતો હતો? ત્રીજો યુવક કોણ હતો? વિસ્ફોટકમાં જીલેટીન કે કેવા પ્રકારના એક્સપ્લોઝીવનો ઉપયોગ થયેલો છે? વગેરે મુદ્દે વધુ તપાસ શરૂ કરાઈ છે. આ મામલે પીઆઈ હાર્દિક ત્રિવેદી તપાસ કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સીસીટીવી ફૂટેજમાં બાઈક પર આવેલાં ત્રણ યુવકો પૈકી એક યુવકના જેકેટમાંથી ત્રણેક વિસ્ફોટક ટોટા નીચે પડી જતાં જણાય છે. રોડ પર પડેલાં આ વિસ્ફોટક પદાર્થ પરથી એક બાઈક અને ઓટો રીક્ષા પસાર થતાં પૈડાંના દબાણથી તે ફૂટ્યો હતો.

## અગાઉ બે ગાય થઈ હતી ઈજાગ્રસ્ત

સમગ્ર ઘટના બાદ મોટો પ્રશ્ન થઈ રહ્યો છે કે, આવા વિસ્ફોટક ટોટા ક્યાંથી આવે છે અને કોણ આ રીતે જ્યાં-ત્યાં ફેંકી દે છે? હજુ પણ આવા વિસ્ફોટક ટોટા કોઈ અન્ય જગ્યાએ છે કે કેમ? ક્યાં સુધી આ પ્રકારે અબોલ જીવ આવા વિસ્ફોટકોનો ભોગ બનશે? નોંધનીય છે કે, આ થોડા દિવસો પહેલાં પણ માતાના મઢમાં બે ગાયના મોઢામાં વિસ્ફોટક ફાટતાં ગંભીર ઈજા થઈ હતી. પોલીસે આ મુદ્દે ગુનો નોંધી તપાસ પણ હાથ ધરી હતી. જોકે, તેમ છતાં આજે ફરી શ્વાન સાથે આવી જ એક ઘટના બની.

### ભાઈ સોહીલ ઝડપાયાના પાંચ દિવસ બાદ રઈશની ધરપકડ : પોલીસે વિસ્તારમાં સરઘસ કાઢ્યું

# રઈશ મહીડા વિરૂદ્ધ દુષ્કર્મ અને ત્રાસની હિન્દુ પરિણીતાની ફરિયાદ

(એજન્સી) નડિયાદ | તા 23

નડિયાદ પશ્ચિમમાં સ્થાનિક પોલીસના પાપે બેફામ દારૂ અને ગેરકાયદે પ્રવૃત્તિ કરતો પરિવાર વિસ્તાર માટે માથાનો દુઃખાવો બન્યો છે. હજૂ તા. ૧૭મીએ એસએમસીના દરોડામાં ભરણના ભાર તળે રણજીત મહીડાના દારૂના અડ્ડા પર સપાટો બોલાવ્યો હતો. જ્યાંથી કુખ્યાત બુટલેગર સોહીલ જશભાઈ મહીડા ઝડપાઈ ગયો હતો. તેનો ભાઈ રઈશ પણ દારૂના ધંધામાં સંકળાયેલો છે. ત્યારે હવે બુટલેગર રઈશ જશભાઈ મહીડા સામે યુવતીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, નડિયાદ પશ્ચિમની ૩૨ વર્ષિય હિન્દુ પરિણીત પીડિતાને રઈશે પ્રેમજાળમાં ફસાવી હતી. બાદમાં તેણે માંગણી કરી નાણાં અને ઘરેણા સહિત ૮થી ૧૦ લાખ રૂપિયા લીધા હતા. બાદમાં રઈશ વિધર્મી હોવાનું માલુમ પડતા પીડિતાએ સંબંધ રાખવાની ના પાડી દીધી હતી. છતા દબાણ કરી સંતાનોને ઉપાડી લેવાની ધમકીઓ આપી પીડિતા સાથે સંબંધો બાંધ્યા હતા. 'પોલીસ મારો વાળ પણ વાંકો નહીં કરી શકે' તેવી ધમકી આપી વારંવાર પરિણીતા અને તેના પતિને ધમકાવતો હોવાથી સમગ્ર મામલે કલમ ૬૪(૨)(એમ), ૩૫૧(૩), ૩૫૨, ૩૨૪, ૧૧૫ મુજબ રઈશ વિરૂદ્ધ પશ્ચિમ મથકે ગુનો નોંધાવ્યો છે. જેના પગલે પોલીસે રઈશ મહીડાની ધરપકડ કરી તેનું સરઘસ કાઢ્યું હતું. કુખ્યાત બુટલેગર રઈશ મહીડા સાથે પોલીસ અધિકારીઓની જાણ બહાર કેટલાક વહીવટદારો સાથે ઘરોબો હતો. જેનો રૌફ જમાવી તે દારૂના ધંધામાં ધરખમ કમાણી કરતો હોવાની ચર્ચાએ જોર પકડયું છે.



### રિકન્સ્ટ્રક્શનના ઓથા હેઠળ પોલીસે આબરૂ બચાવી

કુખ્યાત બુટલેગર રઈશ વિરૂદ્ધ પોલીસને ફરિયાદ નોંધવાની ફરજ પડી છે. ત્યારે રિકન્સ્ટ્રક્શનના ઓથા હેઠળ પશ્ચિમ પોલીસ મથકથી પીજ રોડ પર આરોપી રઈશ મહીડાનું લંગડાતું સરઘસ કાઢ્યું હતું. ત્યારે પોલીસે પોતાની આબરૂ બચાવવાની કોશીશ કરી હોય તેવું ચર્ચાઈ રહ્યું હતું.

### ભૂતકાળની અરજી રફેદફે થતા પરિણીતા વધુ એક વર્ષ પીડાઈ


અગાઉ એકાદ વર્ષના અરસા દરમિયાન મહિલાએ નડિયાદ પશ્ચિમ પોલીસ મથકે રઈશ વિરુદ્ધ અરજી કરી હતી. પરંતુ તે વખતે અરજી પર કાર્યવાહી થઈ નહોતી અને અરજી રફેદફે થઈ ગઈ હતી. તેના કારણે આરોપીને સાહસ મળ્યું અને તેણે પુનઃ મહિલાને ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

# સેવાલિયા રેલવે સ્ટેશનથી પાલી ગામ તરફનો 300 મીટરનો રોડ બિસ્માર

(એજન્સી) સેવાલિયા | તા 23

ગળતેશ્વર તાલુકાના સેવાલિયા રેલવે સ્ટેશનથી પાલી ગામ જવાનો ૩૦૦ મીટરનો રસ્તો અત્યંત બિસ્માર બનતા ૧૮ ગામોના લોકો હાલાકી ભોગવી રહ્યા છે. ત્યારે આ અંગે પાલીના ગ્રામજનોએ રસ્તો સુદ્રઢ બનાવવાની માંગણી સાથેનું આવેદનપત્ર મામલતદાર અને ટીડીઓને આપ્યું હતું. સેવાલિયા રેલવે સ્ટેશનથી પાલી ગામ તરફનો આશરે ૩૦૦ મીટર રસ્તો અત્યંત બિસ્માર બનતા ૧૮ ગામના લોકો હાલાકી ભોગવી રહ્યા છે. આ રસ્તેથી સ્મશાને નનામી લઈને જતા ડાઘુઓ, સેવાલિયા બજારમાં જતા સંખ્યાબંધ લોકો અને દેવગોડા મંદિરે જતા દર્શનાર્થીઓને ખાડાંઓના લીધે પડી જવાનો અને અકસ્માતનો ભય સતત રહ્યા કરે છે. આસપાસના રહીશો રોડ ઉપર ગંદુ પાણી ધોળી દેવાના કારણે પણ ખાડાં વધુ પડતા હોવાનો આક્ષેપ પણ કરાયો છે. સત્વરે રોડ સુદ્રઢ કરાય તેવી માંગણી સાથે પાલી સહિત આસપાસના ગ્રામજનોએ મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. ત્યારે તંત્રએ આરએન્ડબી પંચાયતના અધિકારીઓને જાણ કરી ઘટતું કરવા માટે હૈયાધારણા આપી છે.





# ખારડી ગામે પ્રાથમિક શાળા પાસે પાણીનો ટાંકો જર્જરીત હાલતમાં

ભાવનગર | તળાજા તાલુકાના ખારડી ગામે આવેલી પ્રાથમિક શાળાની બાજુમાં જ પાણીનો ટાંકો જર્જરીત હાલતમાં છે. પડું.. પડું.. કરતા આ પાણીના ટાંકાના કારણે શાળાના બાળકો અને રાહદારીઓના માથે જીવનું જોખમ કાયમ મંડરાયેલું રહે છે. તેમ છતાં ગ્રામ પંચાયત કે શાળા સંચાલકો આંખ આડા કાન કરીને બેઠા છે. જેના કારણે ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. તળાજાના ખારડી ગામે પ્રાથમિક શાળાની પાસે વર્ષો પહેલા બનાવવામાં આવેલો પાણીનો ટાંકો સાવ જર્જરિત હાલતમાં થઈ ગયો છે. ટાંકામાં જ્યાં-ત્યાં ગાબડા પડી ગયા છે. જેના કારણે આ પાણીનો ટાંકો ગમે ત્યારે ધરાશાયી થવાનો ડર કાયમ રહે છે. પાણીના ટાંકાને અડીને શાળાએ જવાનો રસ્તો આવેલો છે. આ ઉપરાંત ખારડીથી ગુંદરણા જવા માટે પણ ટાંકાની બાજુમાંથી જ પસાર થવું પડે છે. ત્યારે પાણીના ટાંકાનું સમારકામ કે પાડીને નવો બનાવવામાં નહીં આવે તો ભવિષ્યમાં શાળાના કોઈ બાળકો કે રાહદારીઓ સાથે કોઈ દુર્ઘટના થવાની ભીતિ સેવાઈ રહી છે. પાણીના ટાંકાની જર્જરીત હાલત અંગે ગ્રામ પંચાય અને શાળાના આચાર્ય-શિક્ષકો પણ જાણતા હોવા છતાં મૌન સેવીને બેઠા છે. વળી, તાલુકાના અધિકારીઓ અવાર-નવાર શાળાની મુલાકાતે આવતા રહે છે. તેમ છતાં તેઓ પણ આંખ આડા કાન કરીને જતા રહે છે. ત્યારે પાણીના જર્જરીત ટાંકાનું રિપેરીંગ કામ અથવા પાડીને નવો બનાવવામાં આવે તેવી લોકોની માંગણી ઉઠી છે. વધુમાં પ્રાથમિક શાળામાં બેથી ત્રણ ઓરડા જ સારી કંડીશનમાં છે અને તેમાં ધો.૧થી ૮ના વિદ્યાર્થીઓને બેસાડી શિક્ષણ આપવામાં આવી રહ્યાનો કકળાટ સાંભળવા મળી રહ્યો છે.

**ગ્રામ પંચાયત-શાળા સંચાલકોના આંખ આડા કાન ભવિષ્યમાં મોટી દુર્ઘટના સર્જી શકે**

### ખાદ્યપદાર્થમાં ભેળસેળ અટકાવવા ફૂડ વિભાગની તપાસ યથાવત

# મહાપાલિકાના ફૂડ વિભાગે જાન્યુઆરી માસમાં ખાદ્યપદાર્થના 32 નમૂના લીધા

(એજન્સી) ભાવનગર | તા 23

ખાદ્યપદાર્થમાં ભેળસેળ અટકાવવા માટે ભાવનગર મહાપાલિકાના ફૂડ વિભાગ દ્વારા તબક્કાવાર ખાદ્યપદાર્થના નમૂના લેવામાં આવતા હોય છે અને આ નમૂના તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવતા હોય છે. મનપાના ફૂડ વિભાગે ચાલુ જાન્યુઆરી માસમાં ખાદપદાર્થના ૩૨ નમૂના લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલ્યા છે. આ ઉપરાંત રાંધનપુરી બજારની પેઢીમાંથી અગાઉ ઘીનો નમૂનો લીધો હતો તે સબસ્ટાન્ડર્ડ જાહેર થયો હતો તેથી એડજ્યુડીકેટીંગ કોર્ટે દંડ ફટકાર્યો છે. સરકાર તથા કમિશનર ભાવનગર મહાપાલિકાની સુચના અને માર્ગદર્શન હેઠળ ભાવનગર મહાનગરપાલિકાના ફુડ સેફ્ટી વિભાગ દ્વારા જાન્યુઆરી-૨૦૨૫માં ચીકી, લાડુના નમુના આબાંચોક, મામા ખાંડણીયા, મરચાગલી વિસ્તારોમાંથી તથા આઈસક્રીમ, તીખા ગાંઠીયા, ખાદ્યતેલ, અડદીયા, બદામપાક, ગુંદરપાક, રાંધેલા પદાર્થો જેવાકે શાક, કઠોળ, દાળ, રોટલી, મીઠુ, ભાત વગેરેના શાસ્ત્રીનગર, ચિત્રા, વગેરે વિસ્તારમાંથી મળી કુલ-૩૨ સેમ્પલ લેવામાં આવ્યા હતાં. આ સેમ્પલ પૃથ્થકરણ માટે સરકારી લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે. ફુડ સેફટી વિભાગ દ્વારા અગાઉ લેવામાં આવેલ નમુનાઓ પૈકી રાકેશકુમાર મહીપતરાય શાહ, રાંધનપુરી બજાર, ભાવનગર પાસેથી ઘી (લુઝ)નો નમુનો લેવામાં આવેલ હતો, જે સરકારી લેબોરેટરી દ્વારા સબસ્ટાન્ડર્ડ જાહેર થતા તેઓની સામે કેસ ચાલી જતા એડજ્યુડીકેટીંગ કોર્ટ દ્વારા રૂ. ૪૦ હજારનો દંડ કરવામાં આવ્યો હતો. મહાપાલિકાના ફૂડ વિભાગની તપાસના પગલે ભેળસેળ કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હોવાનુ ચર્ચાય રહ્યુ છે. આગામી દિવસોમાં પણ ખાદ્યપદાર્થના નમૂના લેવાની કાર્યવાહી શરૂ રહેશે તેમ ફૂડ વિભાગના સુત્રોએ જણાવેલ છે. ખાદ્યપદાર્થમાં ભેળસેળ કરવાથી લોકોના આરોગ્ય ખરાબ થતા હોય છે ત્યારે ભેળસેળ કરતા વેપારીઓ સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવતી હોય છે.

# જે.એન. એન્ટરપ્રાઈઝ પાસેથી બોરસદ પાલિકાએ રૂા. 60 હજારનો દંડ વસૂલ્યો

(એજન્સી) આણંદ | તા 23

વાસણા જીઆઈડીસીની જે.એન. એન્ટરપ્રાઈઝમાંથી ઝડપેલા ૧૭,૦૦૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકના જથ્થામાંથી હજાર કિલોનો ૬૦ હજાર દંડ બોરસદ પાલિકાએ વસૂલ કર્યો છે. જ્યારે બાકીના જથ્થા સંદર્ભે જીપીસીબી દ્વારા કાર્યવાહી કરાશે. બોરસદ નગરપાલિકાની ટીમે વાસણા જીઆઈડીસીમાં આવેલી જે.એન. એન્ટરપ્રાઈઝમાંથી દરોડો પાડયો હતો. ત્યારે ૧૨૦ માઈક્રોનથી ઓછું હોય તેવો પ્લાસ્ટિકના ઝભલા બનાવવામાં આવતા હોવાનું ખૂલ્યું હતું. જે સંદર્ભે જીપીસીબીના અધિકારીએ પણ સ્થળ પર આવીને કાર્યવાહી કરી હતી. સ્થળ ઉપરથી ૧૭,૦૦૦ કિલો બિનગુણવત્તાવાળા પ્લાસ્ટિકનો મોટો જથ્થો સીઝ કરાયો હતો. જેમાંથી ૧,૦૦૦ કિલો પ્લાસ્ટિક બોરસદ નગરપાલિકાએ જપ્ત કર્યું હતું. આ જથ્થાનો ૬૦ હજારનો દંડ ઉત્પાદક પાસેથી વસૂલાયો હતો. બાકીના ૧૬,૦૦૦ કિલો સીઝ કરાયેલા પ્રતિબંધિત પ્લાસ્ટિકના જથ્થા સંદર્ભે જીપીસીબીના અધિકારી દ્વારા કાર્યવાહી કરવામાં આવશે તેમ બોરસદ પાલિકાના ચીફ ઓફિસરે જણાવ્યું છે.



### પત્ની, 2 સંતાનો સહિત 4 વ્યક્તિને ઈજા

# ખેડામાં કાર સાથે નિલગાય અથડાતા હેડ કોન્સ્ટેબલ અને તેમના માતાનું મોત

નડિયાદ | કાસોર મંદિરેથી દર્શન કરીને પરત ફરી રહેલા મહેમદાવાદ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ અને તેમના પરિવારની કારની સાથે ખેડા કેમ્પ એસપીના જૂના બંગલા સામે અચાનક નિલગાયનું ટોળું અથડાયું હતું. ચાલકે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર ઝાડ સાથે અથડાઈ હતી. જેમાં ગંભીર ઈજાગ્રસ્ત હેડ કોન્સ્ટેબલ અને તેમના માતાનું મોત નિપજ્યું હતું. જ્યારે પત્ની, બે સંતાનો અને બહેનને ઈજા પહોંચી હતી. આ અંગે ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મહેમદાવાદ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ શંકરભાઈ પરસોત્તમભાઈ સોલંકી (ઉં.વ.૪૫) મંગળવારે પત્ની આશાબેન, માતા શારદાબેન (ઉં.વ.૬૫), દીકરી મમતા (ઉં.વ.૧૬), દીકરો મહીપાલ (ઉં.વ.૧૩) અને બહેન અનસયાબેન જીતુભાઈ સોઢા (ઉં.વ.૪૪) કારમાં કાસોર મંદિરે દર્શન કરવા ગયા હતા. દર્શન કરી તેઓ રાત્રે મહેમદાવાદ પરત ફરી રહ્યાં હતાં. ત્યારે મોડી રાત્રે સવા અગિયાર વાગ્યા આસપાસ ખેડા કેમ્પ એસપીના જૂના બંગલા પાસે અચાનક નિલગાયોનું ટોળું દોડીને તેમની તરફ આવી કાર સાથે અથડાયું હતું. પરિણામે કારચાલકે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતા કાર રોડની સાઈડમાં આવેલા ઝાડ સાથે અથડાતા કારનો ભુક્કો બોલી ગયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત શંકરભાઈ અને તેમના માતા શારદાબેનનું મોત નિપજ્યું હતું. જ્યારે પત્ની, બંને સંતાનો અને બહેનને ઈજા પહોંચતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. હેડ કોન્સ્ટેબલનું મોત નિપજતા મહેમદાવાદ પોલીસ બેડામાં શોક વ્યાપી ગયો હતો. આ અંગે આશાબેને જાણ કરતા ખેડા ટાઉન પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દિવ્યાંગોની 4 કેટેગરીમાં કુલ 13 સ્પર્ધા અંતર્ગત 1590 ખેલાડી પોતાનું કૌશલ્ય બતાવશે

(એજન્સી) ભાવનગર | તા 23

ભાવનગર ખાતે દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે. ખેલમહાકુંભ ૩.૦ અંતર્ગત ચાર વિભાગમાં કુલ ૧૩ સ્પર્ધામાં ૧૫૯૦ ખેલાડી ભાગ લેશે જેનું ટાઈમ ટેબલ પણ જાહેર કરવામાં આવ્યું છે. જિલ્લા રમતગમત અધિકારી અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ભાવનગર દ્વારા દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે. ખેલમહાકુંભ ૩.૦ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડેફ દિવ્યાંગ ખેલાડીઓની એથ્લેટીક્સ સ્પર્ધા તા.૨૮મી જાન્યુઆરીને મંગળવારના રોજ સવારે ૮ કલાકે સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, સિદસર રોડ, ભાવનગર ખાતે યોજાશે. શારીરિક ક્ષતિગ્રસ્ત (ઓ.એચ.) ખેલાડીઓની ક્રિકેટ સ્પર્ધા તા.૩૦-૧ના રોજ એ.વી. સ્કૂલ ગ્રાઉન્ડ, ક્રેસન્ટ પાસે, એમ. આર. દિવ્યાંગ ખેલાડીઓની એથ્લેટીક્સ, સાયકલીંગ, બોચી, વોલીબોલ, બાસ્કેટબોલ અને બેડમિન્ટન તા.૬ અને ૭મી ફેબ્રુઆરીના રોજ સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે તેમજ બ્લાઈન્ડ ખેલાડીઓ માટેની એથ્લેટીક્સ સ્પર્ધા તા.૧૦-૨ સવારે ૮ કલાકે સ્પોર્ટસ કોમ્પલેક્ષ, સિદસર રોડ, બ્લાઈન્ડ ક્રિકેટ ૧૧-૨ના રોજ કેપીઈએસ કોલેજ કાળિયાબીડ ખાતે તેમજ બ્લાઈન્ડ ખેલાડીઓની ચેસ સ્પર્ધા તા.૧૨-૨ના રોજ અંધ સ્કૂલમાં સ્પર્ધા યોજાશે. આ તમામ સ્પર્ધાનો સમય સવારે ૮ કલાકનો રહેશે. આમ સ્પે. ખેલમહાકુંભમાં માનસિક ક્ષતિગ્રસ્ત માટે એથ્લેટીક્સ, સાયકલીંગ, બોચી, વોલીબોલ, બાસ્કેટબોલ, બેડમીન્ટન સ્પર્ધામાં ૫૦૦ ખેલાડી ભાગ લેશે. તો બ્લાઈન્ડ વિભાગમાં એથ્લેટીક્સ, ક્રિકેટ, ચેસમાં ૩૫૦ ખેલાડી, શારીરિક ક્ષતિગ્રસ્ત વિભાગમાં એથ્લેટીક્સ, ક્રિકેટ, વોલીબોલમાં ૬૮૦ ખેલાડી તો ડેફ (બહેરા મુંગા) વિભાગમાં એથ્લેટીક્સ ૧૦૦મી., ૨૦૦ મી. સ્પર્ધામાં ૬૦ ખેલાડી ભાગ લેશે. આમ ચાર વિભાગની કુલ ૧૩ સ્પર્ધામાં કુલ ૧૫૦૦ ખેલાડી પોતાનું કૌશલ્ય દાખવશે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ)**
તમે નવરાશની લહેજત માણવાના છો. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમે જેની સાથે રહો છો તેની સાથે સંઘર્ષમાં ન ઉતરી પડાય તેની તકેદારી રાખજો.

**મિથુન (ક,છ,ઘ)**
અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.

**કર્ક (ડ,હ)**
જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થઈ શકે છે જેથી તમને માનસિક તાણ થઈ શકે છે. ઘરના લોકો સાથે તમારે કશુંક ઉત્સાહજનક તથા અલગ કરવું જોઈએ. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે.

**સિંહ (મ,ટ)**
તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો બાળકના અભ્યાસ વિશે ચિંતા કરવાની જરૂર નથી.

**કન્યા (પ,ઠ,ણ)**
આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. વગર વિચાર્યે પોતાના પૈસા કોઈને પણ ના આપવા જોઈએ નહીંતર આવનારા સમય માં તકલીફ થઈ શકે છે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**તુલા (ર,ત)**
તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.

**વૃશ્ચિક (ન,ય)**
તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે.

**ધન (ભ,ધ,ફ)**
તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. બહેન જેવો પ્રેમ તમારો ઉત્સાહ વધારશે.

**મકર (ખ,જ)**
ઉચ્ચ કેલેરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. મોટી વયની વ્યક્તિની તબિયત ચિંતાનું કારણ બનશે. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે, તે ખૂબ ધાર્મિક તથા આધ્યાત્મિક બાબત પણ છે. આજે તમને એ બાબત સમજાશે.

**કુંભ (ગ,શ,સ)**
મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. તમને આજે પ્રેમની સુંદર ચોકલેટના સ્વાદ માણવા મળશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે! આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે.

## આગામી બજેટમાં કસ્ટમ ડ્યૂટીના દરને વ્યવહારુ બનાવી તેની સંખ્યા ઘટાડવા પણ વિચારણા

# અમેરિકા ખાતેથી આયાત વધારવા તથા વેપાર કરાર કરવા ભારતની તૈયારી

(એજન્સી) મુંબઈ | તા 23

અમેરિકાના નવા નિયુકત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ભારત તરફ કૂણું વલણ દર્શાવવા રાજી કરવા માટે ભારત સરકાર તેની સાથે વેપાર કરાર, વધુ માલસામાનની આયાત તથા ટેરિફમાં ઘટાડો કરવા જેવા પગલાં લેવા વિચારી રહી છે. આગામી બજેટમાં કસ્ટમ ડયૂટીના દરની સંખ્યા ઘટાડવા ઉપરાંત તેમાં વ્યવહારિકતા લાવવા પણ વિચારાઈ રહ્યું છે. ગયા નાણાં વર્ષમાં અમેરિકા સાથે ભારતને ૩૫.૩૦ અબજ ડોલરની વેપાર પુરાંત રહી હતી. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કોઈપણ સખતાઈભર્યા પગલાં આ પુરાંતમાં ઘટાડો કરાવી શકે છે. વેપાર પુરાંતને ટકાવી રાખવા ભારત અમેરિકાના પગલાં સામે વળતા પગલાં અંગે પણ વિચારી રહ્યું હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. અમેરિકા ખાતેથી સ્ટીલ, વ્હીસ્કી તથા ક્રુડ તેલની આયાતમાં ભારત વધારો કરી શકે છે, એટલું જ નહીં કેટલાક પ્રોડકટસ પરના ટેરિફમાં ઘટાડો કરવા પણ વિચારાઈ રહ્યું છે. ટ્રમ્પ સાથે કોઈપણ સંઘર્ષને ટાળવાના ભાગરૂપ આ વિચારણા થઈ રહી છે. આ ઉપરાંત અમેરિકા-



ચીનના વચ્ચે કોઈપણ શકય ટ્રેડ વોરનો ભારત લાભ લેવા માગે છે. ટ્રમ્પ સાથે કોઈપણ સંઘર્ષ ઈચ્છતું નહીં હોવાના સંકેત આપવા ભારતે અમેરિકામાં ગેરકાયદે વસતા ૧૮૦૦૦ ભારતીયોને પાછા લઈ લેવાની તૈયારી બતાવી હોવાનું એક અહેવાલમાં જણાવાયું હતું. કેનેડા તથા મેક્સિકો પર ૨૫ ટકા જ્યારે ચીન પર ૧૦ ટકા ટેરિફ લાગુ કરવા અમેરિકાએ જાહેર કર્યું છે. બ્રિકસ દેશો જો પોતાના ખાસ ચલણને બહાર પાડશે તો આ દેશો સામે પણ સખત વલણની ટ્રમ્પે ચીમકી ઉચ્ચારી છે. દરમિયાન ૧લી ફેબ્રુઆરીના રજૂ થનારા આગામી નાણાં વર્ષ માટેના બજેટમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારામન કસ્ટમ ડયૂટીના સ્તરમાં ઘટાડો કરી તેને વ્યવહારીક બનાવશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. હાલમાં વિવિધ આયાતી ચીજવસ્તુઓ પર કસ્ટમ્સ ડયૂટીના ૪૦થી વધુ સ્તર છે. કસ્ટમ્સ ડયૂટીના સ્તર ઘટાડી સરકાર તેને વ્યવહારુ બનાવવા માગે છે, પરંતુ વિવિધ દેશો સાથે થયેલા મુકત વેપાર કરાર (એફટીએ)ની જોગવાઈઓને કારણે સરકાર વધુ છૂટ લેવાની સ્થિતિમાં નહીં હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. એફટીએ હેઠળ નિશ્ચિત થયેલા ડયૂટીના દરમાં ફેરફાર શકય નહીં બને. આમછતાં કસ્ટમ્સ દર માળખાની સમીક્ષા ચાલી રહી છે. વેરા સ્તરમાં સાધારણ ઘટાડો શકય છે, પરંતુ આ ઘટાડો જેતે પ્રોડકટની આયાત માત્રા પર વધુ નિર્ભર રહેશે.

# અમદાવાદમાં 'રસના બઝ'નું ડેબ્યૂ

## મોકટેલ ક્ષેત્રમાં ભારતીય સ્વાદ મળશે



અમદાવાદ | અમદાવાદ : રસના એક એવું નામ છે જેણે છેલ્લા 35થી વધુ વર્ષથી ભારતીય ઘરોમાં પીણાં તરીકે પોતાની એક અલગ ઓળખ બનાવી છે. કંપનીએ 23 જાન્યુઆરી 2025ના રોજ અમદાવાદમાં પ્રથમ મોકટેલ બાર 'રસના બઝ'નું લોન્ચિંગ કર્યું છે. આ આઉટલેટ બોપલ વિસ્તારમાં મેરી ગોલ્ડ સર્કલની બાજુમાં આવેલા શાનવી નિર્માણ ખાતે સ્થિત છે. જે બ્રાન્ડ માટે એક નવા રોમાંચક પ્રકરણની શરૂઆત કરે છે. ફ્રેન્ચાઇઝ ઈન્ડિયા સાથે તેના માસ્ટર ફ્રેન્ચાઈઝર તરીકે ભાગીદારી કરીને રસના બઝ સર્જનાત્મક પીણાંમાં ભારતીય સ્વાદનો સમાવેશ કરીને મોકટેલ અનુભવને ફરીથી વ્યાખ્યાયિત કરવાના મિશન પર છે. અમદાવાદનું આ આઉટલેટ ઘણા બધા આઉટલેટમાંથી પ્રથમ છે. આગામી મહિનાઓમાં ગુજરાતમાં સુરત સહિતના અન્ય શહેરોમાં વિસ્તરણ કરવાનું આયોજન છે. રસનાના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પિરુઝ ખંભાતાએ જણાવ્યું કે, 'અમારો ઉદ્દેશ્ય એક એવો અનોખો અનુભવ આપવાનો છે જ્યાં યુવા ભારતીયો અને પરિવારો જીવંત વાતાવરણમાં સ્વાદિષ્ટ, આલ્કોહોલ વગરના પીણાંનો આનંદ માણી શકે. રસના સિરપની વૈવિધ્યતાને પ્રદર્શિત કરી શકે તે રીતે મોકટેલ બારને ડિઝાઈન કરવામાં આવ્યો છે. જે ભારતના પીણાંના રિટેલ લેન્ડસ્કેપમાં એક વિશિષ્ટ સ્થાન બનાવવાની સાથે જૂની યાદો અને નવીનતાનું મિશ્રણ કરે છે. આ બ્રાન્ડ આગામી પાંચ વર્ષમાં સમગ્ર ભારતમાં 500 આઉટલેટ્સ સ્થાપવાની મહત્વાકાંક્ષી યોજના ધરાવે છે. ફ્રેન્ચાઇઝ ઈન્ડિયાના ચેરમેન ગૌરવ માર્યાએ આ ભાગીદારી માટે પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતા કહ્યું: 'રસના બઝ એક ગેમ-ચેન્જર છે, જે રસનાના વિશ્વસનીય વારસાની ફ્રેન્ચાઈઝીંગમાં અમારી કુશળતા સાથે જોડે છે. અમારું વિઝન રસના બઝને દરેક મુખ્ય શહેર અને નગર સુધી પહોંચાડવાનું છે, જે ગ્રાહકોને તાજગીભર્યો નવો અનુભવ પ્રદાન સાથે ઉદ્યોગસાહસિકો માટે આકર્ષક તકો ઊભી કરે છે.' રસના બઝ એક એવું મેનૂ પીરસે છે જે ભારતના સમૃદ્ધ પકવાન વારસાની ઉજવણી કરે છે. કાલા ખટ્ટા બઝ, મિન્ટી જીરા લેમોનેડ અને મિર્ચી મેંગો જેવા સિગ્નેચર મોકટેલ્સ પરંપરાગત ભારતીય સ્વાદોથી ભરેલા રસનાના આઈકોનિક સિરપનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે.

## ડિજિટલ એસેટસ માટે નિયમનકારી માળખું તૈયાર કરવાની પહેલથી સેન્ટિમેન્ટમાં સુધારો

# અમેરિકન સિક્યુરિટી કમિશન દ્વારા ટાસ્ક ફોર્સની રચનાથી ક્રિપ્ટો માર્કેટ ઉંચકાયું

(એજન્સી) મુંબઈ | તા 23

ડિજિટલ એસેટસ માટે નિયમનકારી માળખુ તૈયાર કરવા ખાસ ટાસ્ક ફોર્સની રચના કરાઈ હોવાની અમેરિકાની સિક્યુરિટીસ એન્ડ એકસચેન્જ કમિશને કરેલી જાહેરાત બાદ ક્રિપ્ટોકરન્સીસ માર્કેટમાં ખેલાડીઓનું માનસ સુધર્યું હતું અને બિટકોઈનની આગેવાની હેઠળ અન્ય ક્રિપ્ટોસમાં પણ સુધારો જોવા મળ્યો હતો. ટ્રમ્પના પરિવારની માલિકીની ક્રિપ્ટોસમાં પણ સુધારાની ચાલ જોવાઈ હતી. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર હેઠળ ક્રિપ્ટો પોલિસી તરફ આ એક મોટુ



પગલું માનવામાં આવે છે. ચૂંટણીમાં વિજય બાદ ટ્રમ્પે કમિશનના ચેરમેનપદે નવી નિમણૂંક કરી હતી. કમિશનના નવા અધ્યક્ષ માર્ક યુએડાની ઓફિસ તરફથી આવી પડેલા નિવેદનમાં જણાવાયું હતું કે સદર ટાસ્ક ફોર્સે નિયમનકારી માળખા તૈયાર કરવામાં મદદ કરશે. ટ્રમ્પ પણ આવનારા દિવસોમાં ક્રિપ્ટો માર્કેટ માટે એક્ઝિકયૂટિવ ઓર્ડર બહાર પાડશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. મુખ્ય ક્રિપ્ટો બિટકોઈન ઉપરમાં ૧,૦૭,૨૪૬ ડોલર અને નીચામાં ૧,૦૨,૮૧૩ ડોલર થઈ મોડી સાંજે ૧૦૫૩૭૧ ડોલર કવોટ થતો હતો. ટ્રમ્પ પરિવારની માલિકીની ક્રિપ્ટોસ મેલનિયાનો ભાવ નીચામાં ૩.૭૨ ડોલર અને ઉપરમાં ૪.૯૯ ડોલર થઈ મોડી સાંજે ૪.૦૨ ડોલર મુકાતો હતો. ટ્રમ્પનો ભાવ ઉપરમાં ૪૮.૨૮ ડોલર અને નીચામાં ૩૫.૫૩ ડોલર થઈ મોડી સાંજે ૪૨.૦૨ ડોલર મુકાતો હતો.

## ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેન્ક લિમિટેડે રાષ્ટ્રવ્યાપી 15 બેન્કિંગ આઉટલેટ્સ લોન્ચ કરીને 8મી એનિવર્સરીની ઉજવણી કરી

(એજન્સી) મુંબઈ | તા 23

ઉત્કક્ષ સ્મોલ ફાઈનાન્સ બેન્કે હવે સિક્કિમ રાજ્યમાં પ્રવેશ કરીને દેશભરમાં ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેન્કના વિસ્તરણમાં નોંધપાત્ર સિદ્ધિ છે. એકધારી વૃદ્ધિનાં 8 વર્ષમાં એક આઉટલેટમાંથી રાષ્ટ્રવ્યાપી મજબૂત નેટવર્ક ઊભું કરીને આજે 27 રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં હાજરી ધરાવે છે. 8મી એનિવર્સરીની ઉજવણીના ભાગરૂપે ભારતભરમાં 15 નવાં બેન્કિંગ આઉટલેટ લોન્ચ કરવા સાથે વંચિત સમુદાયો માટે નાણાકીય સેવાઓને પહોંચ વધારી. લાખ્ખો લોકોને ઈનોવેટિવ બેન્કિંગ સમાધાન અને સતત વિસ્તરતી ડિજિટલ અને પ્રત્યક્ષ હાજરી સાથે સશક્ત બનાવ્યા. બિહાર, ગુજરાત, હરિયાણા, ઝારખંડ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, સિક્કિમ, તામિલનાડુ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, 23મી જાન્યઆરી, 2025 – ઉત્કર્ષ સ્મોલ ફાઈનાન્સ બેન્ક 8ની એનિવર્સરીની ગૌરવભેર ઉજવણી કરી રહી છે, જે સિદ્ધિ નાણાકીય સમાવેશકતામાં તેની મજબૂત કટિબદ્ધતા અને ઝડપી વૃદ્ધિ પ્રદર્શિત કરે છે. 2017માં શરૂઆતથી બેન્કે ભારતભરમાં 1043 બેન્કિંગ આઉટલેટ્સનું નેટવર્ક ઊભું કરીને તેજ ગતિથી પોતાની પહોંચ વિસ્તારી છે. આ મહત્ત્વપૂર્ણ પ્રવાસની યાદગીરીમાં બેન્કે તેની એનિવર્સરી પર ઘણાં બધાં નવાં બેન્કિંગ આઉટલેટ લોન્ચ કરીને તેની પરિવર્તનકારી બેન્કિંગ સેવાઓ વધુ સમુદાયોની નજીક લાવી દીધી છે.

# સારા સિબિલ એમએસએમઈ રેન્ક (સીએમઆર) અને કંપની ક્રેડિટ રિપોર્ટ (સીસીઆર)ના ફાયદા

(એજન્સી) મુંબઈ | તા 23

સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) મંત્રાલયના ઉદ્યમ રજિસ્ટ્રેશન પોર્ટલ (યુઆરપી) મુજબ ભારતમાં 63 મિલિયન એમએસએમઈ છે. 2030 સુધીમાં ભારત 7 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે આ એમએસએમઈ દેશના આર્થિક વિકાસ, રોજગારીના સર્જન, ઈનોવેશનને પ્રોત્સાહન આપવા અને નિકાસની સંભાવના વધારવા માટે નિર્ણાયક હોય છે. દેશના અર્થતંત્રની કરોડરજ્જુ સમાન એમએસએમઈ સાહસિકો, વિસ્તરણ અને અન્ય જરૂરિયાતો માટે તેમની વધતી જતી મૂડી જરૂરિયાતોને ભંડોળ પૂરું પાડવા માટે આજના ગતિશીલ વાતાવરણમાં આગળ વધે છે, તેમના માટે તેમની ક્રેડિટપાત્રતાને સમજવી મહત્વપૂર્ણ છે. સિબિલ એમએસએમઈ રેન્ક (સીએમઆર) અને કંપની ક્રેડિટ રિપોર્ટ (સીસીઆર) જેવા નાણાકીય સાધનો વ્યવસાયની ક્રેડિટ સ્ટેન્ડિંગમાં મૂલ્યવાન માહિતી પ્રદાન કરે છે, જે એમએસએમઈને તેમના વ્યવસાયના ઉદ્દેશ્યોને ટેકો આપવા અને વૃદ્ધિને આગળ વધારવા માટે ક્રેડિટ વિકલ્પો ઍક્સેસ કરવામાં મદદ કરે છે. સિબિલ એમએસએમઈ રેન્ક 1 (ઓછા જોખમ) થી લઈને 10 (સૌથી વધુ જોખમ) સુધીની હોય છે જે કંપનીની ક્રેડિટપાત્રતાનો સંકેત આપે છે. તે એમએસએમઈના સીસીઆરનો સિંગલ નંબરમાં સમરી પ્રદાન કરે છે, જે બિઝનેસના ક્રેડિટ ઈતિહાસ અને લોનની ચુકવણીની વર્તણૂકને સમાવી લે છે. તેમાં નીચેનો ક્રમ વધારે મજબૂત ધિરાણપાત્રતા દર્શાવે છે, જે સંભવિતપણે એમએસએમઈ માટે નીચા વ્યાજના દરો અને વધારે અનુકુળ પુન:ચુકવણીના વિકલ્પો જેવી અનુકૂળ શરતો પર ધિરાણ સુરક્ષિત કરવાનું સરળ બનાવે છે. વૃદ્ધિ અને ઓપરેશનલ ક્ષમતાને ટેકો આપવા માટે તે જરૂરી છે.

**નાણાકીય વિશ્વસનીયતા વધારવા અને તેમના સિબિલ એમએસએમઈ રેન્કને શ્રેષ્ઠ બનાવવા માટે એમએસએમઈએ નીચેની વ્યૂહરચનાઓને ધ્યાનમાં લેવી જોઈએ**

**લોનની સમયસર ચુકવણી**
તંદુરસ્ત સિબિલ એમએસએમઈ રેન્ક જાળવવા માટે તમામ ક્રેડિટ ઓબ્લિગેશનની સમયસર ચૂકવણી કરો.

**વિવેકપૂર્ણ ઋણ**
નાણાકીય દબાણ અને ઓવરલિવરેજિંગને રોકવા માટે બિઝનેસની પુન:ચુકવણી ક્ષમતા અનુસાર સમજદારીપૂર્વક ઋણ લો.

**ક્રેડિટ રિપોર્ટ્સનું નિયમિત મોનિટરિંગ**
સીએમઆર અને સીસીઆરનું નિયમિત મોનિટરિંગ એમએસએમઈ અને વ્યવસાયોને ક્રેડિટપાત્ર રહેવામાં મદદ કરી શકે છે.

# ક્રોમાના રિપબ્લિક ડે 2025 સેલમાં કિંમતોમાં અવિશ્વસનીય ઘટાડો, ગ્રાહકોની બચતમાં વધારો થશે

(એજન્સી) મુંબઈ | તા 23

ક્રોમા ઈલેક્ટ્રોનિક્સ અને હોમ એપ્લાયન્સિસે પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે કિંમતોમાં મોટાપાયે ઘટાડો કરતી યાદગાર સેવિંગ્સ ઓફર રજૂ કરી છે. ક્રોમાના સ્ટોર તેમજ ઓનલાઈન www.croma.com અને Tata Neu પર સૌથી વધુ રાહ જોવાતા 16થી 26 જાન્યુઆરી, 2025 સુધી ચાલનારા રિપબ્લિક ડે સેલમાં આકર્ષક ડીલ્સ ઉપલબ્ધ છે.ક્રોમનો રિપબ્લિક ડે સેલ ઈલેક્ટ્રોનિક્સ અને હોમ એપ્લાયન્સિસની વિશાળ રેન્જ પર આકર્ષક કિંમતો ઓફર કરતાં ગ્રાહકોને જીવનશૈલીને અપગ્રેડ કરવાની શ્રેષ્ઠ તક આપી રહ્યો છે. 23 જાન્યુઆરીથી વિવિધ ઓફર્સ હેઠળ રૂ. 25690ની કિંમતથી શરૂ થતાં ક્રોમા 1.5 ટન થ્રી સ્ટાર એસી સાથે ગરમીમાં કુલિંગનો અનુભવ કરાવશે, પ્રારંભિક કિંમત રૂ. 24590માં ક્રોમા 303 લીટર ફ્રોસ્ટ ફ્રી રેફ્રિજરેટર સાથે કીચનને અપગ્રેડ કરો. રૂ. 14390*થી શરૂ થતાં ક્રોમા 8 કિગ્રા ટોપ લોડ વોશિંગ મશીન અને 7 કિગ્રા ફ્રન્ટ લોડ વોશિંગ મશીનની પ્રારંભિક કિંમત રૂ. 21690થી શરૂ થાય છે. ઘરમાં મનોરંજનના શોખીનો માટે રૂ. 30990થી શરૂ થતાં 55-ઈંચ UHD ટીવી અથવા માત્ર રૂ. 42990*માં પ્રીમિયમ 65-ઈંચ UHD ગુગલ ટીવી મેળવી શકાશે. ટેક-સેવી ખરીદદારો માટે ઈનટેલ i3 લેપટોપ રૂ. 26530ની પ્રારંભિક કિંમત સાથે આકર્ષક ડીલ્સ ઉપલબ્ધ છે. સેમસંગ ગેલેક્સી ફોલ્ડ 5 માત્ર રૂ. 98990માં ઉપલબ્ધ છે, જ્યારે એપલ આઈફોન 16 કિંમત રૂ. 39490ની શરૂઆતી કિંમતથી ઉપલબ્ધ છે. ખરીદીમાં વધુ બચત કરવા માગતાં ગ્રાહકો આઈસીઆઈસીઆઈ બેન્ક, એચડીએફસી બેન્ક, બેન્ક ઓફ બરોડા કાર્ડ્સ, ફેડરલ બેન્ક, કોટક મહિન્દ્રા બેન્ક, સાઉથ ઈન્ડિયન બેન્ક, અને એચએસબીસી સહિત પસંદગીના બેન્ક કાર્ડ્સ પર રૂ. 26000 સુધીનું ઈન્સ્ટન્ટ કેશબેક મેળવી શકે છે.




- ક્રોમા 1.5 ટન 3 સ્ટાર એસીની કિંમત રૂ. 25,690*થી શરૂ (કેશબેક અને એક્સચેન્જ સહિત)
- ક્રોમા 303 લીટર ફ્રોસ્ટ ફ્રી રેફ્રિજરેટર રૂ. 24,590*થી શરૂ (કેશબેક અને એક્સચેન્જ સહિત)
- ક્રોમા 8 કિગ્રા ટોપ લોડ વોશિંગ મશીન રૂ. 14,390*થી શરૂ (કેશબેક અને એક્સચેન્જ સહિત)
- ક્રોમા 55-ઈંચ UHD ટીવીની કિંમત રૂ. 30,990*થી શરૂ (કેશબેક અને એક્સચેન્જ સહિત)
- ઈન્ટેલ i3 લેપટોપ રૂ. 26,530* થી શરૂ (કેશબેક અને એક્સચેન્જ સહિત)
- સેમસંગ ગેલેક્સી ફોલ્ડ 5 રૂ. 98,990*થી શરૂ (કેશબેક અને સેમસંગ અપગ્રેડ સહિત)
- એપલ આઈફોન 16ની શરૂઆતી કિંમત રૂ. 39,490* છે (કેશબેક અને એક્સચેન્જ સહિત)

**અગ્રણી બેન્ક કાર્ડ્સ પર 26% સુધીનું ઈન્સ્ટન્ટ કેશબેક અને વિવિધ શ્રેણીઓમાં આકર્ષક ડિસ્કાઉન્ટ, એચડીએફસી ક્રેડિટ કાર્ડ્સ પર 6 મહિના માટે નો કોસ્ટ ઈએમઆઈ**

## કેર હેલ્થ ઈન્શ્યોરન્સ અલ્ટીમેટ કેરનાં લોન્ચ સાથે ગ્રાહકોને હેલ્થ ઈન્શ્યોરન્સના ભવિષ્યનો પરિચય કરાવે છે

(એજન્સી) મુંબઈ | તા 23

ભારતની અગ્રણી આરોગ્ય વીમા કંપનીઓ પૈકીની એક કેર હેલ્થ ઈન્શ્યોરન્સે અલ્ટીમેટ કેર લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે હેલ્થ કવરેજમાં નવા માપદંડો સ્થાપિત કરવા માટે રચાયેલ એક અદભુત હેલ્થ ઈન્શ્યોરન્સ છે. અલ્ટીમેટ કેર અણધારી મેડિકલ કટોકટીઓને સંબોધવા માટે રચાયેલ વ્યાપક લાભોને જોડે છે અને તમને સ્વસ્થ રહેવા બદલ પુરસ્કાર આપે છે. અલ્ટીમેટ કેર વ્યાપક આરોગ્ય કવરેજ પ્રદાન કરે છે, જેમાં મનીબેક ફીચરનો સમાવેશ થાય છે, જ્યાં પોલિસીધારકોને સ્વસ્થ રહેવા બદલ પુરસ્કાર આપવામાં આવશે. કંપની દર 5 ક્લેમ ફ્રી વર્ષ પછી પ્રથમ વર્ષનો બેઝ પ્રીમિયમ પરત કરશે. તેનું લોયલ્ટી બૂસ્ટ વધારાનું સમ ઈન્શ્યોર્ડ (SI) પ્રદાન કરે છે જે 7 ક્લેમ ફ્રી વર્ષ પછી પ્રથમ પોલિસી વર્ષના SI ની સમકક્ષ હોય છે, જ્યારે ઈન્ફિનિટી બોનસ લાભ સંચિત બોનસને મર્યાદિત કરતું નથી, દર વર્ષે SI નું 100% બોનસ પ્રદાન કરે છે, ક્લેમ કોઈપણ હોય - સતત પોલિસી રિન્યુઅલ સાથે અમર્યાદિત સમય. વધુમાં, આ યોજના વેલનેસ ડિસ્કાઉન્ટ પ્રદાન કરે છે જે પોલિસીધારકોને હેલ્ધી ડેઝ પ્રોગ્રામ સાથે રિન્યુઅલ પ્રીમિયમ પર 30% સુધી ડિસ્કાઉન્ટનો આનંદ માણવા સક્ષમ બનાવે છે. આ લોન્ચ અંગે ટિપ્પણી કરતા કેર હેલ્થ ઈન્શ્યોરન્સના ડિસ્ટ્રિબ્યુશન હેડ અજય શાહે જણાવ્યું હતું કે, 'આજના હેલ્થકેર લેન્ડસ્કેપમાં, ગ્રાહકોને એક વ્યાપક અને મજબૂત નાણાકીય સુરક્ષા પૂરી પાડવી જરૂરી છે જે અણધારી તબીબી આવશ્યકતાઓને સંબોધિત કરે છે અને સાથે સાથે આરોગ્ય અને સુખાકારી માટે સક્રિય અભિગમને પ્રોત્સાહન આપે છે. અલ્ટીમેટ કેર સાથે, અમે ગ્રાહકોને તેમના સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રાથમિકતા આપવા સક્ષમ બનાવીને અદ્વિતિય નાણાકીય આરોગ્ય સુરક્ષા પૂરી પાડવા માટે એક નવું ધોરણ સ્થાપિત કરવાનો લક્ષ્યાંક રાખીએ છીએ, જેનાથી તેમને માનસિક શાંતિ મળે છે જેનાં તેઓ હકદાર છે.

## IITE અને કમિશ્નરેટ ઑફ હાયર એજ્યુકેશન દ્વારા સંયુક્ત રીતે SAMARTH વર્કશોપનું આયોજન



(એજન્સી) ગાંધીનગર | તા 23

21 જાન્યુઆરી, 2025 ના રોજ, ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (IITE), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ના સહયોગથી, SAMARTH પ્લેટફોર્મના અસરકારક સંચાલન પર આઈ.આઈ.ટી.ઈ. ખાતે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. 'સમર્થ ઈ-ગવ સ્યુટ' ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને ભવિષ્ય માટે તૈયાર ડિજિટલ કેમ્પસ તરફ પરિવર્તન માટે પ્રોત્સાહન આપવાનું કામ કરે છે. સમર્થ પોર્ટલ દ્વારા યુનીવર્સીટી માટે 40+ મોડ્યુલ સાથે એક પ્લેટફોર્મ પર વ્યવસ્થિત રેકોર્ડ રાખવામાં સહાય કરે છે, જેમાં પ્રવેશ વિગતોથી લઈને પરીક્ષા, કર્મચારી રેકોર્ડ, પેરોલ અને વહીવટીય બાબતો સંબંધિત માહિતીનો સમાવેશ થાય છે. આ મોડ્યુલ્સ યુનિવર્સિટીના નિયમો અને સિસ્ટમ્સને સમજીને ડિઝાઈન કરવામાં આવ્યા છે, જેથી રેકોર્ડ અને ડેટાની એકીકૃત સિસ્ટમ પૂરી પાડી શકાય. આ કાર્યક્રમ સવારે 10:30 થી સાંજના 4:00 વાગ્યા સુધી યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં તજજ્ઞ લોકોએ પ્રેઝન્ટેશન દ્વારા 'સમર્થ પોર્ટલ' વિશે વિસ્તૃત છણાવટ સાથે સમજ આપેલ હતી. IITE વાઈસ ચાન્સેલર-પ્રો. આર.સી. પટેલ અને રજીસ્ટ્રાર ડૉ. અનિલ વરસાત હાજર રહ્યાં હતા. શ્રી વદનસિંહ બોડાણા, સંયુક્ત નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા સમર્થ બાબતે પ્રોત્સાહક પ્રવચન આપવામાં આવેલ હતું. નીચે મુજબના અધિકારીશ્રીઓ દ્વારા સમર્થ પોર્ટલ સંદર્ભે માર્ગદર્શન પુરુ પાડવામાંઆવેલ હતું. પ્રો. મુકેશ કુમાર મેહલાવત, દિલ્હી યુનિવર્સિટી શ્રી દર્શનભાઈ મારુ, સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત IITEના શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફ ઉપરાંત, વર્કશોપમાં રાજ્ય સરકારની વિવિધ યુનિવર્સિટીઓના SAMARTH પોર્ટલના પ્રતિનિધિઓ દ્વારા ભાગ લેવામાં આવેલ હતો.

# લેન્ક્સેસને ઉત્કૃષ્ટ સસ્ટેનેબિલિટી રેટિંગ્સ પ્રાપ્ત થયું

(એજન્સી) મુંબઈ | તા 23

લેન્ક્સેસ દ્વારા અનેક સસ્ટેનેબિલિટી રેટિંગ્સમાં ટોચનું સ્થાન હાંસલ કરવામાં આવ્યું છે. ડોવ જોન્સ સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સ (ડીજેએસઆઈ) યુરોપમાં આ સ્પેશિયાલ્ટી કેમિકલ્સ કંપનીને 100માંથી 79 પોઈન્ટ સાથે ''કેમિકલ્સ''માં પ્રથમ રેન્ક પ્રાપ્ત થયો છે. ડીજેએસઆઈ વર્લ્ડમાં લેન્ક્સેસે 4થું સ્થાન હાંસલ કર્યું છે અને હવામાન વ્યૂહરચના, પાણી, કોર્પોરેટ નૈતિકતા, માનવાધિકારો અને પ્રોડક્ટ સ્ટુઅર્ડશિપનાં ક્ષેત્રોમાં પણ સારો સ્કોર પ્રાપ્ત કર્યો છે. નવેમ્બરમાં રેટિંગ એજન્સી એનએસસીઆઈ ઈએસજી દ્વારા લાગલગાટ ચોથા વર્ષ માટે લેન્ક્સેસને AA રેટિંગનું સમર્થન આપવામાં આવ્યું છે. આ સ્પેશિયાલ્ટી કેમિકલ્સ કંપની ''કોમોડિટી અને ડાઈવર્સિફાઈડ કેમિકલ્સ ઉદ્યોગમાં પણ સર્વોચ્ચ રેટિંગ ધરાવે છે. એસએમસીઆઈ ઈએસજી દ્વારા પર્યાવરણીય, સામાજિક અને શાસન (ઈએસજી)નાં જોખમોનું કંપનીઓ કેટલી સારી રીતે વ્યવસ્થાપન કરે છે તેનું આકલન કરાય છે. ઉપરાંત નવેમ્બરમાં રેટિંગ એજન્સીએ લેન્ક્સેસનું રેટિંગ A+થી D-ના સ્કેલ પર B- પરથી B પર વધાર્યું છે, જ્યારે કંપનીના પ્રાઈમ સ્ટેટસને પણ સમર્થન આપ્યું છે.

## નવા ગુજરાત પ્લાન્ટને સમર્પિત પાવર સપ્લાયની સાથે શરૂ કરવામાં આવ્યો


(એજન્સી) મુંબઈ | તા 23

પીવીસી બેઝ્ડ પ્રોડક્ટના અગ્રણી મેન્યુફેક્ચરર અને સપ્લાયર, કાકા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે ગુજરાતના ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના લસુન્દ્રા ગામામાં પોતાની એડવાંસ્ડ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીનું ઓપરેશન શરૂ કરી દીધું છે. આ સિદ્ધિ છેલ્લા છ મહિનાઓથી ચાલી રહેલી પાવર સપ્લાયની સમસ્યાને સફળતાપૂર્વક ઉકેલ્યા બાદ પ્રાપ્ત થઈ છે, જેણે પ્લાન્ટની કાર્યક્ષમતાને મર્યાદિત કરી દીધી હતી. આ પ્લાન્ટ આશરે 8,00,000 ચોરસ ફૂટના વિશાળ વિસ્તારમાં ફેલાયેલો છે, જેમાં 4,00,000 ચોરસ ફૂટના નિર્માણ ક્ષેત્રનો સમાવેશ થાય છે. 40,000 મેટ્રિક ટન પ્રતિ વર્ષ (એમટીપીએ)ની અસરકારક ક્ષમતા સાથે, આ પ્લાન્ટ આગામી 2થી 3 વર્ષોમાં પોતાની હાલની ક્ષમતાને 18,000 એમટીપીએથી 120%થી વધુ વધારશે. છેલ્લા છ મહિનાથી પાવર સપ્લાયની સમસ્યાના કારણે પ્લાન્ટને અનેક પડકારોનો સામનો કરવો પડ્યો હતો. જોકે, 2 જાન્યુઆરી, 2025થી કાકા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (એમજીવીસીએલ) તરફથી સમસ્યારહિત વીજ પુરવઠો મેળવવાનું શરૂ કરી દીધું હતુ. સાથે જ, વીજ લાઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ પૂરૂં કરી દેવામાં આવ્યું છે. આ સમસ્યાના ઉકેલની સાથે, પ્લાન્ટ હવે તેની પૂર્ણ ક્ષમતાથી કામ કરવા માટે તૈયાર છે, જેનાથી કંપની માટે ઉત્પાદકતા અને કાર્યક્ષમતાનો નવો અધ્યાય શરૂ થશે. કાકા ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સીએફઓ સીએ ચિંતન બોદરે જણાવ્યું, "અમે ગુજરાતમાં અમારા અત્યાધુનિક મેન્યૂફેક્ચરિંગ પ્લાન્ટમાં ઓપરેશંસને પૂર્ણ રીતે શરૂ કર્યાની જાહેરાત કરતા ખૂબ જ ખુશ છીએ અને અમને આશા છે કે નાણાકીય વર્ષ 2027ના અંત સુધી કંપનીનું ટર્નઓવર બેગણું થઈ જશે. સતત વીજ પૂરવઠાની અછત અમારી કામગીરીને અસર કરી રહી હતી, જેનો હવે તાત્કાલિક અસરથી ઉકેલ લાવી દેવામાં આવ્યો છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, પોષ વદ-10

# વિકલ્પો ખૂલ્લા રાખવા જરૂરી



અમેરિકાના વેપારી ભાગીદારોમાં રાહત હતી કે ડોનાલ્ડ ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળની શરૂઆત ટેરિફ લાદીને કરી નથી. જોકે આવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી. જોકે, આ રાહત લાંબા સમય સુધી ટકી શકે તેમ નથી કારણ કે નવા રાષ્ટ્રપતિની નીતિગત વિચાર પ્રક્રિયા તેમના અગાઉના કાર્યકાળ કરતા અલગ દેખાતી નથી. ઘણા લોકોએ અપેક્ષા રાખી હતી કે ટ્રમ્પ ટેરિફની ધમકીનો ઉપયોગ વેપારી ભાગીદારોને વાટાઘાટોના ટેબલ પર લાવવા અને યુનાઈટેડ સ્ટેટ્સ માટે વધુ સારા સોદા માટે વાટાઘાટો કરવા માટે કરશે. અમેરિકા ટેરિફ વધારશે. આ વધારાની રકમ ઘણા પરિબળો પર આધારિત રહેશે. પોતાના કાર્યકાળના પહેલા દિવસે ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ 1 ફેબ્રુઆરીથી કેનેડા અને મેક્સિકોથી થતી આયાત પર 25 ટકા ડ્યુટી લાદવા માંગે છે. યુએસ વહીવટીતંત્ર ઈચ્છે છે કે યુએસ-મેક્સિકો અને કેનેડા વેપાર કરાર પર નવેસરથી વાટાઘાટો થાય. તેમણે એમ પણ કહ્યું કે તેઓ ચીનથી થતી આયાત પર 10 ટકા ડ્યુટી લાદવાનું વિચારી રહ્યા છે. આ ઉપરાંત, યુરોપિયન યુનિયનમાંથી થતી આયાત પર ડ્યુટી લાદવાનો પણ વિચાર કરવામાં આવી રહ્યો છે. મૂળ દલીલ એ છે કે યુએસ ટેરિફથી વિશ્વને ફાયદો થયો છે કારણ કે તેનાથી યુએસમાં ઉત્પાદન અને રોજગારને નુકસાન થયું છે. આવી સ્થિતિમાં, ટેરિફમાં વધારો થવાથી માત્ર આયાત મોંઘી થશે જ નહીં, પરંતુ એવી પણ અપેક્ષા છે કે માંગ યુએસ-નિર્મિત ઉત્પાદનો તરફ જશે, જેના કારણે આવકમાં પણ વધારો થશે. ટ્રમ્પ ટેરિફમાંથી આવતા મોટા પ્રમાણમાં નાણાં એકત્રિત કરવા માટે બાહ્ય મહેસૂલ સેવા બનાવવાની યોજના ધરાવે છે. ઘણા અર્થશાસ્ત્રીઓએ નિર્દેશ કર્યો છે કે આ વિચાર પ્રક્રિયા સાચી નથી. ટેરિફમાં નોંધપાત્ર વધારો થવાના વિવિધ પરિણામો આવી શકે છે. ઉદાહરણ તરીકે, આનાથી અમેરિકન ગ્રાહકો માટે કિંમતો વધી શકે છે. આનાથી કુલ માંગમાં ઘટાડો થઈ શકે છે. આનાથી ફુગાવાનો દર પણ વધી શકે છે. યુએસ ફેડરલ રિઝર્વ મધ્યમ ગાળામાં ફુગાવાને બે ટકાની અંદર રાખવા માટે પહેલાથી જ સંઘર્ષ કરી રહ્યું છે. ફુગાવાના દરમાં વધારો અથવા અપેક્ષા ફેડને દર વધારવા માટે દબાણ કરી શકે છે. એ પણ શક્ય છે કે વેપારી ભાગીદારો પ્રતિભાવમાં દરોમાં વધારો કરી શકે છે. આનાથી અમેરિકાની નિકાસ પર અસર પડશે. આ પરિસ્થિતિ કોઈના માટે સારી નહીં હોય. અન્ય દેશો દ્વારા ટેરિફ વધારા અને પગલાંના આધારે, વિવિધ પરિણામો બહાર આવી શકે છે, જોકે આમાંથી કોઈ પણ લાંબા ગાળે અમેરિકા માટે ફાયદાકારક રહેશે નહીં. આ પહેલી વાર નથી જ્યારે ટ્રમ્પે ટેરિફ લાદવાની ધમકી આપી હોય. તેમના પહેલા કાર્યકાળ દરમિયાન, તેમણે 2018 અને 2019 માં ખાંડની આયાત પર ઊંચા ટેરિફ લાદ્યા હતા. જો બિડેન વહીવટીતંત્રે આ ટેરિફ યથાવત રાખ્યા હતા અને કેટલાક નવા ટેરિફ ઉમેર્યા હતા. થિંક ટેન્ક ટેક્સ ફાઉન્ડેશન અનુસાર, આ ટેરિફ લાંબા ગાળે GDP માં 0.2 ટકાનો ઘટાડો કરી શકે છે અને તેના પરિણામે લગભગ 1.42 લાખ પૂર્ણ-સમયની નોકરીઓ ગુમાવી શકે છે. મેક્સિકો, કેનેડા અને ચીન પર પ્રસ્તાવિત ટેરિફની વધુ ઊંડી અસર પડશે. આ પરિસ્થિતિઓમાં ભારતે સાવધાનીપૂર્વક આગળ વધવું પડશે. ટ્રમ્પે ધમકી આપી છે કે જો બ્રિક્સ સભ્યો ડોલરથી દૂર જશે તો તેઓ તેમના પર 100 ટકા ટેરિફ લાદશે. ભારતીય નીતિ ઘડવૈયાઓએ નવા યુએસ વહીવટીતંત્રને સમજાવવું જોઈએ કે ભારત અને ચીનને એક સંયુક્ત ચિત્ર તરીકે ન જોવું જોઈએ. ભારતે પણ પોતાના વલણમાં સમજદારી રાખવી પડશે. અહેવાલો અનુસાર, ભારત અનેક વિકલ્પો પર વિચાર કરી રહ્યું છે. આમાં ડ્યુટીમાં ઘટાડો અને અમેરિકાથી આયાત વધારવાનો સમાવેશ થાય છે. ભારત બાકીના વિશ્વમાંથી ચોખ્ખો આયાતકાર છે અને ઇંધણ સહિત તેની કેટલીક આયાતોને અમેરિકામાં સ્થાનાંતરિત કરવી મુશ્કેલ નહીં હોય. કોઈપણ એકપક્ષીય પગલાને ટાળવા માટે, એ સુનિશ્ચિત કરવું જોઈએ કે નવા યુએસ વહીવટીતંત્ર સાથે વાતચીતનો અભાવ ન રહે.

## મોટા માથાઓને પંપાળતા સાગબારા વીજ કંપનીના અધિકારીઓ સામે કોણ પગલા લેશે?




ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં અનેકવાર વીજ કંપની ની બહાર ની ટીમો આવી આકસ્મિક ચેકીંગ કરી વીજ ચોરી પકડે છે પરંતુ ખાટલે મોટી ખોડ ની જેમાં વીજ ચોરી કરતા મોટા માથાઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી જ્યારે ગરીબ નાના વ્યક્તિઓ પર દોષનો ટોપલો નાંખી દેવાઈ છે.

વાત કરીએ જિલ્લાના સાગબારા તાલુકાના પાટ ગામની તો આ ગામમાં તાજેતર માં વીજ કંપની એ વીજ ચોરી પકડી ૧૭૭૮૩ રૂપિયા જેવો દંડ ફટકાર્યો પરંતુ ત્યાં ચાલતા આંગણવાડી ના કામમાં વપરાતું કટર મશીન લંગરીયા નાખી ચાલતું હતું અને આ વીજ ચોરી માં એક રાકેશ ડામોર નામના કામદાર સામે વીજ ચોરી નો કેસ કર્યો જેમાં ખરેખર આંગણવાડી બનાવતી એજન્સી સામે પગલાં લેવાના બદલે દોષનો ટોપલો કામદાર ના માથે નાંખી વીજ અધિકારીઓ એ જાણે એજન્સી નો સીધો બચાવ કર્યો હોય તેવું લાગ્યું, જ્યારે ત્યાં બાજુ માં જ પંચાયત ની એક પાણી ની ટાંકી માં પણ લંગરિયા નાખી વીજ જોડાણ ચાલતું ઝડપાયું પરંતુ પંચાયત પર કોઈજ કાર્યવાહી નહી કરાઈ આમ એજન્સી અને પંચાયત નો સીધો બચાવ કરાતા સ્થાનિક લોકો માં એવી ચર્ચા ચાલી કે એજન્સી અને પંચાયત નો બચાવ કરવામાં કોના ખિસ્સા ગરમ થયા..? શું આ રીતે વીજ કંપની ગરીબ આદિવાસીઓ ને હેરાન કરી મોટા માથા ને બચાવી પોતાનો અંગત ફાયદો કરે છે કે કોઈ દબાણ ને વશ થઈ બેવડી રમત રમે છે..?

દક્ષિણ ગુજરાત વીજ કંપની ના સુરત વડી કચેરી માં બેઠેલા ઉચ્ચ અધિકારીઓ આ મુદ્દે તટસ્થ તપાસ કરી કડક પગલા લે તેવી માંગ ઉઠી છે.

# રાજપીપળા ડેપોની એસટી બસોનું શોર્ટકટ મુસાફરો માટે જોખમી

## ક્યારેક દુર્ઘટના ઘટે તો જવાબદાર કોણ




ભરત શાહ | નર્મદા

રાજપીપળા શહેર માં કોલેજ રોડ પર આવેલા કાર માઈકલ બ્રિજ નું હાલ માં નવીનીકરણ નું કામ ચાલુ છે છતાં ત્યાંથી એસટી બસો લઈ જવાતા અંદર બેઠેલા મુસાફરો માટે જીવનું જોખમ કહી શકાય.

કાર માઈકલ બ્રિજ નું નવીનીકરણ કરવામા આવી રહ્યું છે અને આ માટે તંત્ર દ્વારા જાહેરનામું પણ બહાર પાડ્યું છે તેમ છતાં એસટી બસ ના કેટલાક ચાલકો ઉતાવળ કરતા આ પુલ પરથી જોખમી રીતે મુસાફરો ભરેલી બસો લઈ ને જતા જોવા મળ્યા હતા. શું તંત્ર ના જાહેરનામા ની પણ દરકાર નહી કરી પોતાની મનમાની કરતા આ ચાલકો પર ડેપો સત્તાધીશો કાર્યવાહી કરશે..? શોર્ટકટ ના ચક્કર માં મુસાફરો ભરેલી એસટી બસ આ પુલ પરથી લઈ જતા ક્યારેક કોઈ દુર્ઘટના બને તો કોણ જવાબદાર કહેવાશે..?

તંત્ર દ્વારા અગાઉ ૧૦ જાન્યુઆરી સુધી નું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું ત્યારબાદ હજુ પુલ નું કામ ચાલુ હોવાથી તારીખ.૧૭.૪.૨૫ સુધી નું નવું જાહેરનામું લાગુ કરવામાં આવ્યું છે આમ તારીખ લંબાવવા માં આવી હોવા છતાં એસટી વિભાગ જાણે આ બાબતે અજાણ હોય તેમ કામ ચાલતું હોવા છતાં આ પુલ પરથી બસો પસાર કરી શોર્ટકટ અપનાવવાના ચક્કર માં ક્યારેક મુસાફરો માટે જોખમ ઊભી કરે છે.

# નખત્રાણા ઘડુલી માર્ગને ફોરલેન બનાવવાની આગોતરી કામગીરી માટે રૂ.150 કરોડ ફાળવાયા

મહેશ એલ.સોની | નખત્રાણા

નખત્રાણાથી માતાના મઢ - ઘડુલી સુધીના હાઈવે માર્ગને ફોરલેન કરવાના આગોતરા આયોજનના ભાગ રૂપે જમીન સંપાદન , યુટીલીટી શિફ્ટિંગ, ફોરેસ્ટ કલિયરન્સ જેવી કામગીરી માટે રૂપિયા ૧૫૦ કરોડ ફાળવાયા જેટલી રકમ ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે.

અબડાસા વિસ્તારના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમન સિંહ જાડેજાની વારંવાર અને



ધારદાર રજૂઆતના પગલે ગુજરાતના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ રકમ ફાળવી છે. આ હાઈવે લિગ્નાઈટ ઉદ્યોગ, નમક ઉધોગ, સિમેન્ટ ઉદ્યોગ તેમજ માતાનામઢ, નારાયણ સરોવર જેવા પવિત્ર યાત્રાધામ સ્થળો માટે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. આ ઉપરાંત લખપત નારાયણ સરોવર રસ્તાને પહોળા કરવા ૩૫ કરોડ, કણજ - પાનધ્રો -દયાપર રોડ પહોળો કરવા ૨૦ કરોડ, ભચાઉ - રાપર આડેસર રોડ પહોળો કરવા માટે ૨૫ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે. નખત્રાણા થી ઘડુલી સુધીના માર્ગ ને ફોરલેન કરવા બદલ અબડાસા મત વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજાએ આ વિસ્તારની જનતા વતી મુખ્ય મંત્રીશ્રીનો આભાર માન્યો હતો.

# મોડાસા આર્ટસ કોલેજમાં "બેટી બચાવો બેટી પઢાઓ" કાર્યક્રમ યોજાયો



રાકેશ મહેતા | ધનસુરા

આર્ટસ કોલેજ મોડાસા તથા જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી કચેરી અરવલ્લીના સંયુક્ત ઉપક્રમે 'બેટી બચાવો બેટી પઢાઓ'યોજનાના દસ વર્ષ પુર્તી ઉજવણી કાર્યક્રમ યોજવામાં આવ્યો.જેમાં જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી શ્રીમતી હસીનાબેન મન્સૂરી, તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી સ્નેહલબેન પટેલ, POSH act અધ્યક્ષ વનિતાબેન, દહેજ પ્રતિબંધક કચેરી માંથી રમેશભાઈ, જિલ્લા માહિતી અધિકારી શ્રીમતી નિધીબેન, 181 અભયમ માંથી ચંદ્રકાંતભાઈ અને ચેતનાબેન, સુરક્ષા સેતુ સોસાયટી માંથી મિહિરભાઈ અને એમની ટીમ તેમજ she team ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને જાતીય સતામણી, દહેજ પ્રથા, 181 મહિલા હેલ્પલાઇન, ભ્રુણ હત્યા નિવારણ તેમજ પોલીસ હેલ્પલાઇન જેવી પ્રેરણાત્મક અને ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમના આયોજન માટે આર્ટસ કોલેજ ના આચાર્ય ડૉ.દીપકભાઈ જોષી અને મંડળના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ શાહનું માર્ગદર્શન મળ્યું છે સમગ્ર કાર્યક્રમ નું સંચાલન વુમન ડેવલપમેન્ટ સેલના સભ્યો પ્રા પુષ્પાબેન ગરાસિયા, ડો. મંજુલાબેન સોલંકી, પ્રા. કોકીલાબેન પટેલ અને ડો. વંદનાબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

### શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ એસો.દ્વારા

## મોડાસાના સુવર્ણજયંતી વર્ષ નિમિત્તે બીજો મફત નેત્ર રોગ નિદાન કેમ્પ યોજાયો



રાકેશ મહેતા | ધનસુરા

શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ એસોસિએશન મોડાસા દ્વારા ચાલુ વર્ષે સુવર્ણ જયંતી વર્ષ ઊજવણી ના ભાગ રૂપે ડોક્ટર રસિકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલ ના સહયોગથી મફત નેત્ર રોગ નિદાન કેમ્પ આંબેડકર હોલ સર્વોદયનગર (ડુંગરી) મોડાસા મુકામે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ડોક્ટર પ્રિયંકાબેન આંખ રોગના નિષ્ણાતે પોતાની સેવાઓ આપી હતી. આ પ્રસંગે સર્વોદયનગરના કોર્પોરેટર નિકેશ પરમાર, બાલુભાઈ સિંધી, કાર્યકર નવીનભાઈ ભોઈ, સાર્વજનિક હોસ્પીટલ ના પ્રતિનિધિ રાજુભાઈ પટેલ, મંડળીના ચેરમેન પંકજભાઈ બી બુટાલા, એસોસિયેનના પ્રમુખ રમણભાઈ જે પ્રજાપતી, મંત્રીશ્રી મુકુન્દકુમાર એસ શાહ, ઉપપ્રમુખ નરેન્દ્ર ભાઈ શાહ, ઉપપ્રમુખ પ્રવિણભાઈ પટેલ, સોવેનીયર ચેરમેન જગદીશભાઈ ભાવસાર, કારોબારી સભ્ય મનહરભાઈ શેઠ હાજર રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી મુકુન્દ એસ. શાહે કર્યું હતું. મંડળીના હસમુખભાઈ અને સોલંકીભાઈ ખાસ ઉપસ્થિત રહી સહકાર આપ્યો હતો. આ કાર્યક્રમમાં સર્વોદયનગરના રહીશો નો ખુબ સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો. આ નિદાન કેમ્પમાં 183 દર્દીઓએ લાભ લીધો હતો.

## મોડાસા કૉલેજ કેમ્પસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં કોમર્સ કોલેજની ટિમ વિજેતા



રાકે હે ા. ુરા | ધી. મ. લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ સંચાલિત કોલેજો ની ક્રિકેટ ટુર્નામેન્ટ આયોજન આર્ટ્સ.કોમર્સ. સાયન્સ કૉલેજ દ્વારા કરાયું જેમાં કૉલેજ કેમ્પસ વિદ્યાર્થી અને અધ્યાપકો સાથે 16 ટીમો એ ભાગ લીધો જેમાં ફાઈનલ માં આર્ટ્સ કોલેજ અને કોમર્સ કોલેજ વચ્ચે યોજાઈ જેમાં કોમર્સ કોલેજ વિદ્યાર્થી ટિમ નો ભવ્ય વિજય થયો જ્યારે અધ્યાપકો ની ફાઈનલ માં બી. સી. એ અને ઈંગ્લિશ મીડિયમ ટિમ વચ્ચે યોજાતા બી.સી.એ કૉલેજ વિજય બનેલ બંન્ને ટીમો ને મંડળ ના પ્રમૂખ મહેન્દ્રભાઈ. વિ. શાહ. ઉપપ્રમુખશ્રીઓ મંત્રીશ્રીઓ મંડળ ના હોદેદારો સાથે કૉલેજ ના પ્રિન્સીપાલ ડો.કે.પી.પટેલ.ડો.દિપકભાઈ જોષી. ડો. એમ. કે. પટેલે સાથે કૉલેજ પરિવારે વિજેતા ટિમ ને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર ક્રિકેટ ટુર્નામેન્ટ નું સુંદર આયોજન પી. ટી. આઇ રાકેશ મહેતા. રાજેશ ખરાડી કર્યું હતું.

## રાજપીપળામાં ભૂગર્ભ ગટર બન્યા બાદ કોઢ ઉંદરોનો વધતો ત્રાસ



ર ાહ, ૅદા | રાજપીપળામાં ભૂગર્ભ ગટર લાઈન નંખાઈ પરંતુ જૂની ખુલ્લી ગટરો હજુ યથાવત રહેતા કોઢ ઉંદરો અંદર થી માટી, રેતી ખોદી ને બહાર નીકળી લોકોના ઘરો માં ઘુસી જાય છે અને ઘર માં આટલા મોટા ઉંદરો જોઈ લોકો માં ભય ફેલાઈ છે માટે જૂની ગટરો નું યોગ્ય પુરાણ કરી તેને બંધ કરાવાઈ તો ઉંદરો ના ત્રાસ માંથી લોકોને મુક્તિ મળે તેમ છે. રાજપીપળા શહેર માં રખડતા શ્વાનો પણ વધુ હોવાથી ભૂખ્યા શ્વાનો ઉંદ, કબૂતર કે અમુક ફળીયા માં ફરતા મરઘાં ને શિકાર બનાવે છે જેમાં ક્યારેક કોઈ બીમાર ઉંદર આ શ્વાનો ખાઈ જાય તો તે પણ બીમાર પડે છે અથવા મૃત્યુ પામે છે માટે શહેર માં બિન ઉપયોગી ખુલ્લી ગટર નું પુરાણ થાય તેવી માંગ છે.

## ચાણસ્માના દાંતકરોડી ગામે આવાસ સર્વેની કામગીરીનું નિરીક્ષણ જિલ્લા વિકાસ અધિકારીએ કર્યું



ૌિ ઠાકર, ા ર્ ા | પાટણ જિલ્લામાં આવાસ વિહોણા લાભાર્થીઓને ને ઘરનું ઘર મળી રહે એ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૨.૦ ની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી બી.એમ. પ્રજાપતિ દ્વારા ચાણસ્મા તાલુકાના દાંતકરોડી ગામે સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમજ જરૂરી સુચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### બિરસામુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીમાં

## ઉચ્ચ કક્ષાની ભરતીમાં ST SC ઓબીસીની બાદબાકી મુદ્દે આવેદન



રાકેશ મહેતા | ધનસુરા

બિરસામુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી માં ઉચ્ચ કક્ષા ની ભરતી પાડવામાં આવી જેમાં ST SC OBC સમાજ માટે બાદબાકી કરવામાં આવી છે જેને અનુલક્ષીને તારીખ 23-1-2025 ના રોજ નાંદોદ કોંગ્રેસ સમિતિ અને NSUI દ્વારા યુનિવર્સિટી ના VC ને આવેદન આપી રજૂઆત કરવામાં આવી અને સરકાર સુધી વાત પોહચે અને ST SC OBC સમાજ ને પણ સરકાર દ્વારા નક્કી કરેલ અનામત કોટા મુજબ તક મળે તેવી રજૂઆત કરવામાં આવી.

આવેદન માં નાંદોદ ના પૂર્વ ધારાસભ્ય પી. ડી વસાવા નાંદોદ તાલુકાના કોંગ્રેસ પ્રમુખ પ્રકાશભાઈ વસાવા નર્મદા જિલ્લા કોંગ્રેસ મહામંત્રી ચંદ્રકાંતભાઈ તડવી રાજપીપળા શહેર કોંગ્રેસ માલવ બારોટ નર્મદા જિલ્લા યુથ કોંગ્રેસ માજી પ્રમુખ વાસુદેવ વસાવા નાંદોદ તાલુકાના સેવાદળ પ્રમુખ પ્રતીકભાઈ પટેલ નર્મદા જિલ્લા કોંગ્રેસ મહામંત્રી હમેશભાઈ વસાવા, NSUI જિલ્લા પ્રમુખ તેજસ તડવી, NSUI રાજપીપળા પ્રમુખ ઐયાઝ બલુચી નાંદોદ કોંગ્રેસ મંત્રી સૂર્જનભાઈ વસાવા નાંદોદ તાલુકા કોંગ્રેસ મંત્રી રાકેશભાઈ પટેલ સહિતના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

## બોરીગાવઠા ગામમાં રેતી ભરેલ ટ્રક પલ્ટી મારી જતા સર્જાયો ગંભીર અકસ્માત



સુશીલ પવાર | ડાંગ

પ્રાપ્ત વિગતો અનુસાર વાંસદા તરફથી રેતીનો જથ્થો ભરી ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં બોરીગાવઠા(ચીખલી) ગામે જઈ રહેલ ટ્રક જે સાપુતારાથી વઘઇને જોડતા આંતર રાજ્ય ધોરીમાર્ગનાં બોરીગાવઠા ફાટક પાસેનાં આંતરિક માર્ગનાં વળાંકમાં આવેલ ચુનાનાં પાતળ પાસે ચાલકે અચાનક સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા આ ટ્રક નદીનાં પટમાં ખાબકી પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં ટ્રક સહિત રેતીનાં જથ્થાને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે ચાલક અને ક્લિનરને ગંભીર ઈજાઓ પોહચતા પ્રથમ શામગહાન બાદ આહવા સિવિલ હોસ્પિટલમાં સારવારનાં અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

## મહીસાગર કલેક્ટર શ્રીમતી નેહા કુમારીની અધ્યક્ષ સ્થાને સ્થાનિક સ્વરાજની ચુંટણી સંદર્ભે સમીક્ષા બેઠક યોજાઈ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

જિલ્લામાં ચૂંટણી નિષ્પક્ષ તથા પારદર્શક રીતે યોજાય અને તેનું સરળ સંચાલન થાય તે હેતુ નોડલ અધિકારીશ્રીઓ સાથે બેઠક યોજાઈ.

જિલ્લામાં આગામી સમયમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના એકમોમાં નગરપાલિકા સામાન્ય તથા તાલુકા પંચાયત પેટા ચૂંટણીઓ તા- ૧૬/૦૨/૨૦૨૫ના રોજ યોજાનાર છે. જે ચૂંટણીઓ નિષ્પક્ષ તથા પારદર્શક રીતે યોજાય અને તેનું સરળ સંચાલન થાય તે હેતુ નોડલ અધિકારીશ્રીઓની બેઠક જિલ્લા કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીના અધ્યક્ષ સ્થાને યોજાઈ. બેઠકમાં આચાર સહિતાનું અમલીકરણ, ઉમેદવારના ચુંટણી ખર્ચ પર દેખરેખ રાખવા અને ઉમેદવારના રજીસ્ટરની ચકાસણી માટે અને તેના રીપોર્ટિંગ માટે,મતદારયાદી/માર્ક કોપી,ઈ વી એમ,બેલેટ પેપર/ પોસ્ટલ બેલેટ, કાયદો અને વ્યવસ્થા, મતદાર જાગૃતિ કાર્યક્રમ,મતદાન મથકને લગતી કામગીરી, હેલ્પલાઈન અને ફરિયાદ નિવારણ અને કોમ્યુનિકેશન પ્લાન,



પોસ્ટલ બેલેટ/બેલેટ પેપર/ ડમી બેલેટ પેપર, મીડિયા મેનેજમેન્ટ, તમામ મતદાન મથકો ઉપર ફસ્ટ એઈડ કીડ અને મતદાન મથકની સ્ટેશનરીની ચકાસણી બાબતે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી એલ પટેલ, પોલીસ અધિક્ષકશ્રી જયદીપસિંહ જાડેજા, નિવાસી અધિક કલેકટરશ્રી સી વી લટા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રીમતી ચંદ્રિકાબેન ભાભોર સહિત નોડલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# "એજયુકેશન અવેરનેસ ડે"ની ઉજવણી રાજપીપળાની MAM પ્રિ સ્કૂલમાં કરાઇ

ભરત શાહ | નર્મદા

રાજપીપળાની એમ. એ.એમ પ્રિ સ્કૂલ ખાતે ૨૩ જાન્યુઆરીના દિવસને 'એજ્યુકેશન અવેરનેસ ડે' તરીકે ઉજવણી કરાઈ હતી જેમાં ઉપસ્થિત મહેમાનોએ વાલીઓ અને બાળકોને આજના જમાનામાં શિક્ષણ નું કેટલું મહત્વ છે એ સમજાવ્યું હતું.

મોહસીને આઝમ મિશનના ફાઉન્ડર સૈય્યદ હસન અશ્કરી મિયાંના જન્મ દિવસ ૨૩ જાન્યુઆરી હોય તેમના જન્મ દિવસે સમગ્ર ગુજરાત રાજ્યની તેમજ વિશ્વની મોહસિને આઝમ મિશન ની શાખા દ્વારા આ દિવસ ને એજ્યુકેશન અવરનેસ ડે તરીકે ઉજવણી કરાઈ છે. સૈયદ હસન અશ્કરી મિયાં એ શિક્ષણ ઉપર ભાર મુકતા 'પઢોગે તો આગે બઢોગે' સૂત્ર આપ્યું છે જે અંતર્ગત રાજપીપળા ની એમએએમ પ્રિ સ્કૂલ ખાતે એજ્યુકેશન અવેરનેસ ડે ની



ઉજવણી કરવામાં આવી હતી, જોકે સૈય્યદ હસન અશ્કરી મિયાંના જન્મ દિવસની એજ્યુકેશન અવેરનેસ ડે તરીકે ઉજવણી કરી સમાજમાં એક સારો સંદેશો આપ્યો છે

આ કાર્યક્રમમાં ઉપસ્થિત મોસીને આઝમ મિશન રાજપીપલા બ્રાન્ચના પ્રમુખ શાહનવાઝ પઠાણ, મુસ્લિમ અગ્રણી સૈયદ સુબ્હાની બાપુ, સૈયદ અશરફી બાપુ તેમજ પત્રકાર ઈકરામ મલેક, પત્રકાર આરીફ કુરેશી અને પત્રકાર જુનેદ ખત્રી દ્વારા ઉપસ્થિત વાલીઓ અને વિદ્યાર્થીઓ ને આજના જમાનામાં શિક્ષણ નું કેટલું મહત્વ છે તે સમજાવ્યું હતું તેમજ મુસ્લિમ સમાજ માં શિક્ષણ નો વ્યાપ વધે સમાજના બાળકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તે અંગે સમજ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત જો બાળકો શિક્ષિત હશે તો જ તેઓ પરિવાર, ગામ, રાજ્ય અને દેશને આગળ વધારી શકશે તેમ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોએ મુસ્લિમ સમાજમાં મહિલાઓ ના શિક્ષણ અંગે ચિંતા વ્યક્ત કરી સમાજમાં દીકરીઓ પણ ઉચ્ચ શિક્ષણ મેળવે તેની ઉપર ભાર મૂક્યો હતો.

## નાસિકના મર્ડરના ગુનાના ભાગેડુ આરોપીને ઝડપી પાડતી LCB નર્મદા

ભરત શાહ | નર્મદા



નર્મદા જીલ્લાના તમામ પો.સ્ટે. વિસ્તારમાં દાખલ થયેલ ગુનાઓના નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢી પરીણામલક્ષી કામગીરી કરવા સૂચના મુજબ ઇન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એલ.સી.બી., વાય એસ શિરસાઠ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા હ્યુમન સોર્સ આધારે ચોક્કસ બાતમી હકીકત મેળવી (૧) દેડીયાપાડા પો.સ્ટે. (૨) સાગબારા પો.સ્ટે. તથા (૩) ઉમરપાડા પોલીસ સ્ટેશન ના પ્રોહિબિશન ના અલગ અલગ ગુનામાં તેમજ (૪) મહારાષ્ટ્ર રાજ્યના નાસીક રૂરલના ચાંદવડ પોલીસ સ્ટેશન તથા મહારાષ્ટ્ર રાજ્ય લિકર પ્રોહીબીશન તથા ભારતીય રેલ્વે ના ગુનામાં છેલ્લા એક વર્ષથી તથા ડેડીયાપાડા તથા સાગબારા પો.સ્ટેમાં છેલ્લા છ સાત મહિનાથી નાસતો ફરતો આરોપી અશોક કેસરીમલ માલી ઉ.વ.૩૮ રહે. ગુરુજી નગર સોસાયટી ઝંખવાવ તા.માગરોલ જી.સુરત મુળ રહે.કંભોડીયા તા.નેત્રંગ જી.ભરુચ ને પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.

# બાળકોમાં વધતું જતું 'ઓનલાઇન એડિકશન'એક વૈશ્વિક સમસ્યા...

તાજેતરમાં ઓસ્ટ્રેલિયાની જેમ ગ્રીસે પોતાના બાળકોને ઈન્ટરનેટની લત છોડાવવા અને ઈન્ટરનેટના ઉપયોગનું નિયમન કરવા માર્ચ ૨૦૨૫ સુધીમાં 'ગ્રીસ કિડ્સ વોલેટ' એપ લોંચ કરવાની જાહેરાત કરી છે. આ એપ થકી મોબાઈલ પર બ્રાઉઝિંગ મર્યાદા અને બાળકોની ઉંમરની ખરાઈ કરવામાં આવશે. આ એપને વર્તમાન ડિજિટલ પ્લેટફોર્મ સાથે જોડીને બાળકોએ કઈ વેબસાઈટ અને સામગ્રી જેવી એ માતા પિતા નકકી કરી શકશે એટલું જ નહી સોશિયલ મીડિયા પ્લેટફોર્મને જવાબદારી સ્વીકારવા બાધ્ય કરવામાં આવશે. આ પગલાને બાળકોની સ્વતંત્રતા, ગોપનિયતા અને અભિવ્યકિત પર તરાપ હોવાની ટીકા થઈ રહી છે પરંતુ ગ્રીસના પ્રધાનમંત્રી કિરિયાકોસ મિત્સોટાકિસએ બાળકોના દિમાગ પર થતા મોટા પ્રયોગોને રોકવા આ પગલું ભરવામાં આવી રહયું હોવાનો બચાવ કર્યો છે. ગ્રીસનું આ પગલું ઓસ્ટ્રેલિયાએ સોશિયલ મીડિયા પર મુકેલા પ્રતિબંધથી પ્રેરિત માનવામાં આવે છે. ઓસ્ટ્રેલિયાએ નવેમ્બરમાં એક કાયદો પસાર કરીને ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મુકયો હતો. નિયમ તોડનારાને ૫ કરોડ ડોલરનો દંડ નકકી કરવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનિઝએ આ પ્રતિબંધને બાળકોના માનસિક સ્વાસ્થ્ય માટે જરુરી ગણાવ્યો હતો. સોશિયલ મીડિયા સંચાલકોએ કમાણીની સાથે હવે જવાબદારી નિભાવવાનો પણ સમય પાકી ગયો છે. આ કાનુન અંગે ઓસ્ટ્રેલિયામાં પણ ખૂબ ચર્ચા ચાલી હતી પરંતુ છેવટે બહુમતી નાગરિકો કાયદાના સમર્થનમાં આવ્યા હતા. ઓસ્ટ્રેલિયાએ કાયદાનો તો ગ્રીસે ટેકનિકનો સહારો લીધો છે. ઓનલાઈનની આદત છોડાવવા માટે ઓસ્ટ્રેલિયા કે ગ્રીસ જ નહી દુનિયાના અન્ય દેશો પણ જાગૃત થયા છે. દક્ષિણ કોરિયા એક એવો દેશ જેમાં મલ્ટીપ્લેયર ઓનલાઈન ગેમ ખૂબજ લોકપ્રિય છે. ૨૦૧૧માં દક્ષિણ કોરિયાએ યુવા સુરક્ષા સુધારણા કાયદો (શટડાઉન લો) અમલમાં મુકયો હતો. જેમાં સોળ વર્ષથી ઓછી ઉંમરના કિશોરો માટે રાત્રીના ૧૨ થી સવારના ૬ લાગ્યા સુધી વિડીયો ગેમ્સ રમવાની મનાઈ ફરમાવી હતી. જો કે આ કાયદો ઓગસ્ટ ૨૦૨૧માં નાબૂદ કરવામાં આવ્યો હતો પરંતુ દક્ષિણ કોરિયાની સરકાર પાસે એક એવી પ્રણાલી છે જેનાથી ૬ કલાકથી વધારે સમય ઈન્ટરનેટ પર ગેમ રમનારા બાળકોના ઈન્ટરનેટની સ્પિડ ધીમી કરી શકે છે. ચીન સરકાર છેક ૨૦૦૭થી ૧૮ વર્ષથી ઓછી ઉંમરનાને દિવસમાં ૩ કલાકથી ઓછું રમવા માટે પ્રોત્સાહિત કરે છે. ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ડોયીન (ટિકટોકનું ચીની સંસ્કરણ) પર દિવસમાં ૪૦ મિનિટ કરતા વધુ સમય વિતાવવાની અનુમતિ નથી. ફ્રાંસે સોશિયલ મીડિયા એકાઉન્ટસ પર આયુ ખરાઈ લાગુ કરવાનો પ્રસ્તાવ રાખ્યો છે. ત્યાર બાદ બાળકોને માતા પિતાની પરવાનગી વિના સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાની છુટ મળશે નહી. ગત માર્ચ ૨૦૨૪માં અમેરિકાના ફ્લોરિડામાં ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પ્રતિબંધને લગતું બિલ પસાર કરવામાં આવ્યું હતું. જેમાં વાલીની સંમતિ નહી હોય તેવા સોશિયલ મીડિયા પરના તમામ એકાઉન્ટ બંધ કરવાની જોગવાઈ હતી. અમેરિકાના ઈતિહાસમાં સોશિયલ મીડિયા પરની સૌથી મોટી કાર્યવાહી હતી. આ પગલું બાળકોને ડિપ્રેશન, આત્મહત્યા જેવા માનસિક સ્વાસ્થ્યને લગતા ઓનલાઈન જોખમોથી બચાવવા માટે ભરવાની ફરજ પડી હતી.જો કે સોશિયલ મીડિયા અભિવ્યકિત અને વાણી સ્વાતંત્રતા માટે





મહત્વનું ગણીને આ નિર્ણયને અદાલતમાં પડકારવામાં આવ્યો છે. છેલ્લા બે દાયકાથી દુનિયામાં વધતા જતા ઓનલાઈનના પ્રભાવથી ઈન્ટરનેટ પેઢી તૈયાર થઈ રહી છે. નાના બાળકો અને કિશોરોમાં વધતા જતા ઓનલાઈન વપરાશથી સામાજિક સમસ્યા ઉભી થઈ રહી છે જે કોઈ એક દેશ કે ખંડ પુરતી નહી સમગ્ર દુનિયામાં વ્યાપક છે. ધર્મ કલ્ચર કે સંસ્કૃતિ ભલે જુદી હોય પરંતુ વાલીઓની મુંઝવણ એક સરખી છે. વૈશ્વિક સ્તરે આને લગતો કોઈ વિશ્વસનિય ડેટા નથી પરંતુ અનુમાન છે કે દરેક પશ્ચિમી અને પૂર્વી દેશો એક સાથે સમસ્યા અનુભવી રહયા છે. સોશિયલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર કિશોરવયની વધતી જતી સક્રિયતાનો તોડ કાઢવા મથી રહયા છે. એ વાત સાચી છે કે ઈન્ટરનેટના કારણે માનવજીવનમાં ક્રાંતિ આવી છે, શીખવાનું અને સમજવાનું સરળ બન્યું છે. ઓન લાઈન એજયુકેશનની એક વિશાળ દુનિયા વિસ્તરી છે. ઓનલાઈન બજારની એક દુનિયા ઉભી થઈ છે. લોકો એક બીજાથી દૂર રહીને પણ એક સાથે રહી શકે છે. વિજ્ઞાન, વાણીજય,ખરીદી, બિલોની ચુકવણી સરળ બની છે પરંતુ બાળકો માટે ઈન્ટરનેટ કે ઓનલાઈનની દુનિયા કેટલી જરુરી છે કે કેટલી જરુરી નથી એ બાબતે મતભેદો જોવા મળે છે. આ મતભેદો હોવા છતાં બાળકોને ઓનલાઈનથી દૂર રાખવા જોઈએ એવો મત વધતો જાય છે. બાળકોને કલાસરુમમાં ભણી ગણીને તૈયાર થવાનું હોવાથી ઓનલાઈનના વળગણના લીધે ઓફ લાઈન એજયુકેશન પર અસર થવા લાગી છે. બાળકને મોડી રાત્રિ સુધી ઓનલાઈન રહેતું હોયતો સવારે તેને સ્કૂલ માટે ઉઠવાથી માંડીને એકાગ્રતા પર વિપરીત અસર થવાની જ છે. એક સમયે બે કે ત્રણ દિવસની સ્કૂલમાં રજા હોય ત્યારે બાળકો અભ્યાસ માટે થોડો સમય આપતા હવે સ્કૂલનો સિલેબસ કલાસરુમ પુરતો જ રહી જાય છે. રજાઓમાં લોટરી લાગી હોય એમ ઓનલાઈનની દુનિયામાં વ્યસ્ત થઈ જાય છે. બાળકો માટે ડિવાઈસ પકડીને ઓનલાઈન રહેવુંએ રમકડા સાથે રમવા જેવું સરળ બની ગયું છે.વિવિધ સ્ટડી પરથી જાણવા મળે છે કે ઓનલાઈનના વહેણમાં બાળકો તણાતા જાય છે. કોરોના મહામારીના લાંબા લૉકડાઉન પછી કિશોરો અને કિશોરીઓની દુનિયા ઝડપથી વર્ચ્યુઅલ બની છે.બાળકોની ઓનલાઈન અતિ વ્યસ્તતાને લીધે માતા પિતા સાથેના સંબંધો પણ બગડી જાય છે. ઈન્ટરનેટનો ઉપયોગ કરવાની ના પાડે તો બાળકોમાં ગુસ્સા,બેચેની અને ચિડિયાપણું આવી જાય છે. જુઠુ બોલવું, ખોટી ચર્ચા કરવી અને સામા થવાની સમસ્યા પણ વધી રહી છે.મોબાઈલ આપ્યા પછી બાળકો પાસેથી પાછો લેવાથી ઘરમાં અશાંતિ સર્જાય છે. છેવટે આંગળીઓ અને મગજ થાકે ત્યારે જ બાળક જપે છે. વધતા જતો સ્ક્રિન ટાઈમ અને જીવનશૈલીની અસરથી બાળકોની આંખોના આરોગ્ય સામે જોખમ ઉભું થયું છે.

ખાસ કરીને માયોપિયા બાળકોમાં એક ગંભીર સ્વરુપ લઈ રહી છે. વિશ્વનું દર ત્રીજુ બાળક માયોપિયા એટલે કે દૂરનું નહી જોઈ શકવાની સમસ્યા ધરાવે છે. વર્ષ ૨૦૫૦ સુધીમાં ૪૦ ટકાથી વધુ બાળકોમાં આ સમસ્યા જોવા મળી શકે છે આ અંગેનો સ્ટડી બ્રિટિશ જર્નલ ઓફ ઓપ્થલ્મોલોજીમાં પણ પ્રકાશિત થયો હતો. અમેરિકામાં થયેલા એક સર્વે મુજબ ૯ થી ૧૨ વર્ષના ૭૬ ટકા બાળકો વ્યકિતગત ડિવાઈસથી ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. ૨૨ ટકા બાળકો અરુચિકર સામગ્રી જુએ છે. સાથે અનેક બાળકો ઓનલાઈન સેફટી ટૂલ્સ જેવા કે બ્લોક અને રિર્પોટ કરવાનું પણ જાણતા ન હોવાથી સાયબર બુલિંગનો ભોગ બની રહયા છે. એક સમયે ઘર, સ્કૂલો અને સમુદાયોમાં બાળકો હિંસાનો સામનો કરતા હતા કે હવે એસએમએસ, ચિત્રો, વીડિયો, ઈમેલ ચેટથી વર્ચ્યુઅલ હિંસાનો ભોગ બનતા જાય છે. ઓનલાઈન ગેમિંગના પ્રમોશન વિજ્ઞાપન બાળકો અને કિશોરોને લક્ષ્ય બનાવે છે. ધીરે ધીરે વાલીઓને સમજાવા લાગ્યું છે કે તણાવ મુકત આભાસી મનોરંજન પછી પણ જીવનની સમસ્યાઓ તો રહેવાની જ છે. માણસ એકલો પડે, કશુંક વિચારે ત્યારે જ તેનામાં કશુંક સર્જનાત્મક આવતું હોય છે. ઓનલાઈન જીવન બાળકોની સ્પોટર્સ, ગ્રાઉન્ડ ગેમ અને ઈત્તર પ્રવૃતિઓનો ભોગ લઈ રહયું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મના વીડિયો બનાવવા અને વીડિયો જોવા એ જ ખાલી જીવન નથી. એક સર્વેમાં એવું પણ ધ્યાનમાં આવ્યું હતું કે દુનિયાના દેશોની સરખામણીમાં ભારતીય બાળકો પણ નાની ઉંમરે મોબાઈલનો ઉપયોગ કરવાનું શીખી લે છે. ભારતીય માતા પિતા સાયબર અપરાધ અંગે સંતાનો સાથે ખૂબ ઓછી વાત કરે છે. બાળકો જ આમાં રચ્યા પચ્યા રહેશે તો મોટા થઈને કરશે શું ? બાળકો ડિજિટલ પ્લેટફોર્મ પર જે જુએ છે કે જાણે છે તે કેટલું સાચું છે તેનું ફેકટ ચેક કોણ કરશે ? બાળક પતંગિયા પાછળ દોડવાના સ્થાને એઆઈ કેરેકટર પાછળ ભાગતું રહેશે તો તેના પર કેવી અસર થશે ? આમ પણ ઓનલાઈન દુનિયાએ માણસને બહારથી વ્યસ્ત અને અંદરથી એકલો બનાવી દીધો છે જો આવું બાળકો સાથે થતું રહેશે તો તે કેવા તૈયાર થશે ? ઈન્ટરનેટ સામાન્ય લોકો અને ખાસ કરીને બાળકોનું ખૂબજ મનગમતું માધ્યમ બની ગયું છે. ગ્રીસ અને ઓસ્ટ્રેલિયાનું માનવું છે કે બાળકોની સુરક્ષાને પ્રાથમિકતા સૌથી મહત્વની છે. આ બાળકોના માનસિક સ્વાસ્થ્ય અને સુરક્ષિત ડિજિટલ માહોલ પુરો પાડવા માટે નિયંત્રણો જરુરી છે. જો કે કાયદાના વિરોધીઓની દલીલ છે કે માણસનું મન પ્રતિબંધિત સામગ્રી સુધી પહોંચવા વધારે લલચાતું હોય છે આવું બાળકોમાં થશે તો માનસિક સ્વાસ્થ્ય અને સમાજ માટે વધુ નુકસાનકારક સાબીત થશે. કાળા વાદળની રુપેરી કોરની જેમ જો આ પ્રયાસો સફળ થશે તો દુનિયાના બીજા ત્રાહિમામ દેશો માટે પણ પ્રેરણા બનશે.




# Republic day પર કરો આ રીતે મેકઅપ

ભારતનો રાષ્ટ્રીય તહેવાર, પ્રજાસત્તાક દિવસ, દર વર્ષે 26 જાન્યુઆરીએ ઉજવવામાં આવે છે. આ 26 જાન્યુઆરી 1950ના રોજ અમલમાં આવ્યું અને ભારત એક ધર્મનિરપેક્ષ, લોકશાહી પ્રજાસત્તાક બન્યું. ભારત 76મો પ્રજાસત્તાક દિવસ ખૂબ જ ઉત્સાહથી ઉજવશે. જો તમે આ વખતે ગણતંત્ર દિવસ પર ત્રિરંગાનો મેકઅપ કરવા માંગતા હો, તો તમે અહીંથી મેકઅપના આઈડિયા લઈ શકો છો. ખાસ કરીને તમે તમારી આંખો પર તિરંગી આઈ શેડો લગાવી શકો છો. દર વર્ષે 26 જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ દિવસે, દેશભરમાં ઓફિસો, શાળાઓ, કોલેજો અને અન્ય સ્થળોએ દેશભક્તિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. દર વર્ષે 26 જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ સુધી પરેડનું આયોજન કરવામાં આવે છે. જેમાં ભારતીય સેના, નૌકાદળ, વાયુસેના, NCC કેડેટ્સ અને પોલીસ દળ પરેડમાં ભાગ લે છે. આ ઉપરાંત, વિવિધ રાજ્યોના ટેબ્લો પણ દર્શાવવામાં આવતા હોય છે. આ પ્રસંગે ઈન્ડિયા ગેટ પર પરેડ જોવા માટે લોકો દૂર-દૂરથી આવે છે. આ ઉપરાંત, દરેક વ્યક્તિ પોતાની શાળા, કોલેજ, ઓફિસ અને સોસાયટીમાં આયોજિત કાર્યક્રમોમાં ભાગ લે છે. લોકો તિરંગા રંગના કપડાં પહેરે છે. તો તમે મેકઅપ પણ અજમાવી શકો છો.

## આંખનો મેકઅપ

તમારી આંખોને આકર્ષક બનાવવા માટે, તમે તિરંગી રંગોમાં આઈશેડો લગાવી શકો છો. જો તમે ઈચ્છો તો, તમે વાદળી રંગના આઈલાઈનરનો પણ સાથે ઉપયોગ કરી શકો છો. જે ખૂબ જ અનોખું અને સુંદર લાગશે. ઉપરાંત, પાંપણ પરનો મસ્કરા તમે જાડી કે પાતળી રાખી શકો છો.



## દેખાવને સુંદર બનાવો

સૌ પ્રથમ, બેઝ લગાવો અને તે પછી તમે ફાઉન્ડેશન અથવા ક્રીમનો ઉપયોગ કરી શકો છો. આ પછી, સૌથી મહત્વની વસ્તુ આંખનો મેકઅપ છે. તે તમારા દેખાવને અલગ બનાવવાનું કામ કરે છે. તમે તિરંગી કલરનો ઉપયોગ કરીને આંખનો મેકઅપ કરી શકો છો

**આઈલાઈનર |** નારંગી, સફેદ અને લીલા રંગોથી રેખાઓ દોરી લો. જે એકદમ અનોખું લાગશે. તમે આ ત્રણ રંગોનો ઉપયોગ કરીને આઈલાઈનર પણ લગાવી શકો છો. પાંપણ પણ લગાવી. તમે તમારી પાંપણોને જાડી બનાવવા માટે મસ્કરાનો પણ ઉપયોગ કરી શકો છો. પ્રજાસત્તાક દિવસના કાર્યક્રમમાં જતી વખતે, તમે તમારા ગાલ પર આ રીતે તિરંગો બનાવી શકો છો. ઉપરાંત, આંખો પર તિરંગા આઈશેડોનો ઉપયોગ કરવો જોઈએ. જેમાં સફેદ રંગનું આઈલાઈનર લગાવવું જે ખૂબ જ સુંદર લાગી શકે છે.. આ રીતે, તમે ટ્રાઈ-કલર આઈ શેડોથી પણ આઈ મેકઅપ કરી શકો છો.

# ફિલ્મી ગીતો તે માત્ર ગીતો જ નથી, પરંતુ તે મનના આનંદમાં વધારો અને એકલતાનો સહારો છે.....

આવો હજૂર તમકો સિતારો મે લે ચલું,
દિલ ઝૂમ જાયે એસી બહારો મે લે ચલુ,

સંગીત એ આત્મા નો આનંદ છે ને સાંભળતા જ મન ખુશ થઈ જાય છે.જૂના નવા કર્ણપ્રિય ગીતો નું મહત્વ એ પ્રત્યેક ના જીવનનો ભાગ હોય છે.સંગીત ના બે પ્રકાર સુગમ સંગીત અને શાસ્ત્રીય સંગીત એમાં ગાયન અને ઈનસ્ટ્રુમેન્ટલ મતલબ વાદ્ય સંગીત.સંગીત ના જાણકાર અને વિશેષજ્ઞ ને શાસ્ત્રીય સંગીત સાંભળવામાં વધારે રસ પડે છે.વિવિધ રાગ જેવા કે રાગ મલ્હાર,રાગ ભૈરવી,રાગ મલકોષ,રાગ દિપક વગેરે કુલ ૨૦૦૦ રાગ છે. સંગીત માં રાગ ની ખાસ વિશેષતા એ છે કે સંગીત માં રાગ પદ્ધતિ સર ગાવા માં આવે તો રાગ ના નામ અનુસાર પ્રગટ થઈ જાય છે. જૂની બ્લેક એન્ડ વ્હાઈટ ૧૯૪૩ માં જયંત દેસાઈ દ્વારા નિર્મિત ફિલ્મ “સંગીત સમ્રાટ તાનસેન” માં જ્યારે રાજા એ સંગીત સમ્રાટ તાનસેન ને રાગ દીપક ગાવાનું ફરમાન સંભળાવ્યું ત્યારે તાનસેન ના રાગ દીપક ગાવાથી રાજાના મહેલ ના દીપક ઓટોમેટિક પ્રગટવા સાથે તાનસેન ના શરીર માં પણ બધેય આગ લાગવા માંડી હતી.તાનસેન ના સમય માં એ ભારત ભર માં ફેમસ સંગીત સમ્રાટ હતા.

ગુજરાત માં વસ્તી સંગીત સમ્રાટ તાનસેન ની શિષ્યા તાના રીરી ને “બાદશાહ ની સભા મા ગુરુ તાનસેન રાગ દીપક ગાવા ના છે” આ સમચાર મળ્યા એટલે તુરંત બાદશાહ ની સભામાં આવવા નીકળી ચૂકી હતી. સંગીત સમ્રાટ તાનસેન એ રાગ મલ્હાર એની બન્ને શિષ્યા તાના રિરી સિવાઈ કોઈને શીખવ્યો નહતો.રાગ દીપક ની વિશેષતા એ છે કે એ બંધ દીપક પ્રગટાવી ને ગાનાર વ્યક્તિ ને બાળવા લાગે છે અન્ય ને રાગ દીપક ની અસર નથી થતી.જ્યારે સંગીત સમ્રાટ તાનસેન એની ખુદ ની લગાવેલ આગ મા તપવા લાગ્યા ત્યારે તાના રીરિ એ રાગ મલ્હાર છેડતા આકાશ માં કાળા કાળા વાદળાંઓ અને વીજળી ના ચમકારા સાથે ભયાનક વરસાદ પડવા લાગ્યો. રાગ દીપક ને વિરામ આપવા રાગ મલ્હાર ની આવશ્યકતા જરૂરી હોય છે.

બરસો રે બરસો રે બરસો રે બરસો રે
ઉમડ ઘુમડ કર ગરજ ગરજ કર બરસો.

ભક્ત કવિ નરસિંહ મહેતા ની પૌત્રીઓ તાના રિરિ એ સંગીત ક્ષેત્રે માં ખૂબ નિપૂણ હતી એમણે સંગીત ને આત્મ સાધ કર્યું હતું એટલે મેઘ મલ્હાર રાગ છેડતા સ્વયં મેઘરાજા ને વરસાદ વરસવવો પડ્યો હતો. દર વર્ષે ગુજરાત સરકાર સંગીત ક્ષેત્રે પ્રસિધ્ધ વ્યક્તિ ને તાના રીરી એવોર્ડ થી સન્માનિત કરે છે.



ફિલ્મી સંગીત
- રુપાલી દવે

સંગીત એક અત્યંત કઠીન સાધના સમજો સંગીત ના સાધકો ની કલાકો ની રિયાઝ બાદ ઉતમ રચના સાંભળવા મળતી હોય છે.કોઈપણ પ્રકાર નું સુગમ ,શાસ્ત્રીય, વોકલ સંગીત,ભક્તિ સંગીત,ફિલ્મી સંગીત,પોપ સંગીત ,હિપ હોપ વગેરે ના લોકો ખાસ ચાહક હોય છે.દુનિયામાં ફિલ્મી સંગીત નો ચાહક વર્ગ ખૂબ મોટા પ્રમાણ માં છે. સંગીત ના રાગ કે શિક્ષણ થી અજાણ માણસ ના કાને “મેરે સામને વાલી ખીડકી મે એક ચાંદ કા ટુકડા..” પડતાં જ એ ગીત ના તાલે ગાવા લાગશે.વાયો વૃદ્ધ થી લઈને યુવાનો ટી નેજરો ને ફિલ્મી ગીત સંગીત ની ગજબ ની ઘેલછા હોય છે.ફિલ્મી સંગીત એ દરેક પ્રકાર ના વર્ગ ને વધારે પસંદ હોવાના લીધે સોંગ ના શબ્દો,મ્યુઝિક અને અવાજ ગમે તે મતલબ ઉદાસ કે ઉમંગ આનંદ વાળો હશે તો પણ લોકો ને પસંદ આવશે. મનહર ઉધાસ નું ગુજરાતી સુગમ ગીત “શાંત ઝરુખે વાતો કરતી એક નિરાલી દેખી હતી” સાંભળવું ગમશે ને એટલુ જ સ્ટીવ વન્ડર નું અંગ્રેજી સોંગ “I just called to say I lv yu..”સાંભળવા ની મજા આવશે.ફિલ્મી સંગીત પ્રેમી ઓને ભાષા નથી નડતી “સ્વપ્ન સુંદરી ઓ માય મંજરી..” તમિલ ભાષા ભલે ના સમજાય છતાંય સોંગ સાંભળશે.

ઓ મેરે દિલ કે ચેન
ચેન આયે મેરે દિલ કો,
દુવા કીઝીએ

ફિલ્મી ગીતો એ માત્ર ગીતો નથી મનનો આનંદ માં વધારો અને એકલતા નો સહારો છે.ઓફિસ વર્ક થી કંટાળી ગયા હો ત્યારે થોડી વાર મ્યુઝિક સાંભળશો તો સ્ટ્રેસ ઓછું થશે. કાર મા પ્રેમિકા સાથે લોગ ડ્રાઈવ પર જતા હો ને લાગે કે પ્રેમિકા ની માંગ માં વધારો થયો છે ત્યારે કાર ના સ્પીકર પરથી આર.ડી બર્મન ના કિશોર કુમાર અને આશા ભોંસલે ના સ્વર માં ગવાયેલા સોંગ સાંભળવા ની મજા અલગ છે.કાર ના સ્પીકર માંથી “હોગા તુમસે પ્યાર કૌન. ઓ કંચન.. ઓ કંચન” કે “સાગર જેસી આંખોવાલી યે તો બતા તેરા નામ હે ક્યાં..” કે “ગુલાબી આંખે યે તેરી દેખી દીવાના યે દિલ હો ગયા..” “સાગર કિનારે દિલ યે પુકારે તુ જો નહિ તો મર્સ કોઈ નહિ.. વગેરે વગેરે વાગતા જ પ્રેમિકા સાથે કાર નું વાતાવરણ રોમેન્ટિક બની જશે.પ્રેમિકા એની માગણીઓ નું લીસ્ટ પાકીટ માં મૂકી રોમેન્ટિક વાતો કરવા લાગશે એ નક્કી

પ્રેમ નો ઈઝહાર કરવાનું કર કે રૂઠી પ્રેમિકા ને મનાવવા નો રંગારંગ કાર્યક્રમ કરવાનો હોય તો ફિલ્મી મ્યુઝિક થી ઉતમ એકપણ આઈડિયા નથી. “તુમ રૂઠી રહો મે મનાતા રહું..” કે “એસે સે રૂઠા ના કરો બાત દિલ કી સુનો..” રૂક જા ઓ જાને વાલી રૂક જાવગેરે વગેરે સોંગ સાંભળતા થાય છે કે ફિલ્મી સોંગ સાંભળવા માં જે આનંદ આવે છે એવો બીજે ક્યાંય નથી આવતો.

ક્યારેક રાત ના સમયે ચા કે કોફી નો કપ હાથમાં પકડી ને હેડફોન કાનમાં મૂકીને ફિલ્મી સોંગ સાંભળશો તો દિવસભર નો થાક ઉતરી જશે.આખા દિવસ નો કામનો સ્ટ્રેસ ઓછો થશે એની ગેરંટી આપુ છું.

મિતવા કહે યે ધડકને કહે તુમસે ક્યાં
મિતવા યે ખુદ સે તોહ ના તું છુપા..

શંકર મહાદેવન ના કંઠે ગવાયેલ આ સોંગ કાન માં પડતાં જ મન ખુશ થઈ જાય છે. સંગીત ની સાથે ગીત ગાનાર ના ગાયક કલાકાર ના અવાજ નું પણ એટલું જ મહત્વ રાખે છે. લતા મંગેશકર ના કંઠ જેવો અદ્ભુત કંઠ કદાચ બોલીવુડ ના અન્ય ગાયક કલાકારો નો નથી. લતા મંગશ્કેર એ એની લાઈફ માં ૫૦,૦૦૦ થી વધારે સોંગ ગાયા છે જ્યારે “લગ જા ગલે સે..”, લતા મંગેશકર ના મધુર કંઠે ગવાયેલ સોંગ રસ્તા માંથી પસાર થતા કાને પડતા જ ઉભા રહીને સાંભળવા નું મન થાય છે.

સંગીત એ ઈશ્વરીય આનંદ ની અનુભૂતિ છે આ અનુભૂતિ માં આવતો આનંદ ને સમજવા કરતા માણવા ની મજા આવે છે.સંગીત નો પ્રકાર જે પણ હોય સંગીત વગર આકાશ થી લઈને નભ નું વાતાવરણ ઉદાસ બની જાય છે. નદી માં વહેતા પાણી નું સંગીત હોય કે આકાશ માં ઊંચે ઉડતા પક્ષીઓ ના કલરવ બધું ફિલ્મી સંગીત માં મઢાય છે ત્યારે કાન,મન અને હદય ને અત્યંત ગમવા લાગે છે.

મેરે ખ્વાબો મે જો આયે, આકે છેડ જાયે,
ઈસે કહો જરા સામને તો આયે

# હાથ-પગના નખના આકાર અને રંગમાં થયેલો આ ફેરફાર લીવર સડતું હોવાની નિશાની



લીવર ડેમેજ થઈ જાય તો ગંભીર સ્થિતિ ઊભી થઈ શકે છે. લીવર આપણા શરીરનું મહત્વનું અંગ છે. તેનાથી શરીરનું દરેક અંગ પ્રભાવિત હોય છે. લીવરની મદદથી જ શરીર ઝેરી તત્વોને બહાર કાઢે છે. સાથે જ લીવર ઓર્ગન ડાયજેશન, ગુડ કોલેસ્ટ્રોલ અને રેડ બ્લડ સેલના નિર્માણમાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. આમ તો લીવર એવું અંગ છે જે પોતાની જાતને હેલ્થી રાખવાની ક્ષમતા ધરાવે છે. પરંતુ જો કોઈ વ્યક્તિ લાંબા સમય સુધી ખરાબ જીવનશૈલી જીવે તો તેનાથી લીવર ડેમેજ થવા લાગે છે. લીવર જ્યારે ડેમેજ થતું હોય ત્યારે નખમાં કેટલાક સંકેતો દેખાય છે. જો હાથ કે પગના નખમાં આ પ્રકારના ફેરફાર જોવા મળે તો સમજી લેવું કે લીવર ડેમેજ થઈ રહ્યું છે.

**નખનો રંગ બદલવો :** જો લીવરમાં કોઈ સમસ્યા હોય તો નખનો રંગ બદલી જાય છે. નખ બેરંગ થઈ જાય છે અને પીળા પડવા લાગે છે. સાથે જ નખની ઉપર દેખાતો સફેદ ભાગ ગાયબ થવા લાગે છે.

**ડાર્ક લાઈન :** હેલ્થી નખ પર કોઈ પણ પ્રકારની ડાર્ક લાઈન હોતી નથી. પરંતુ જ્યારે લીવર ખરાબ થવાની શરૂઆત થાય છે તો નખ ઉપર લાલ, ભૂરા કે પીળા રંગની ધારદાર મોટી લાઈનો દેખાવા લાગે છે.

**શેપ ખરાબ થઈ જાય છે :** એ વાતમાં કોઈ શંકા નથી કે લીવર ડેમેજ થાય એટલે સૌથી પહેલા નખનો શેપ અલગ થઈ જાય છે. ઘણી વખત નખ ચપટા થઈ જાય છે તો ઘણી વખત વિચિત્ર દેખાવા લાગે છે. નખ જો ડેમેજ થઈ જાય તો સમજી લેવું કે લીવરમાં ખરાબી આવી છે.

**જલ્દી તૂટી જવા :** લીવર ખરાબ થવાના સંકેતમાં નબળા નખનો પણ સમાવેશ થાય છે. લીવર ડેમેજ હોય તે સ્થિતિમાં નખ કિનારેથી ઝડપથી તૂટવા લાગે છે. નખ જ્યારે તૂટે છે તો નાના નાના ટુકડામાં તૂટે છે.

**ડેમેજ લીવરના અન્ય લક્ષણ :** નખ પર દેખાતા આ લક્ષણો સિવાય ડેમેજ લીવરના અન્ય લક્ષણોને પણ ધ્યાનમાં લેવા જોઈએ. જેમ કે લીવર ખરાબ થાય તો ત્વચા પીળી પડવા લાગે છે. આંખનો સફેદ ભાગ પણ પીળો દેખાવા લાગે છે. જેને સામાન્ય ભાષામાં કમળો કહેવાય છે. આ સિવાય લીવર ડેમજ હોય તો પેટમાં દુખાવો અને સોજો પણ રહે છે. ત્વચામાં ખંજવાળ આવે છે અને સતત થાક લાગે છે. આ સિવાય ભૂખ ન લાગવી પણ લીવર ડેમેજ થયાનો સંકેત છે.

# 'કચરો દૂર કરવો જ જોઇએ': સૈફ પરના હુમલા અંગે શિવસેનાના નેતાએ ઉઠાવ્યા સવાલ, કહ્યું- સૈફ, શાહરુખની જ પડી છે, સુશાંતની કોઈ વાત પણ કરતું નથી...



મુંબઈ | મુંબઈ પોલીસે એક્ટર સૈફ અલી ખાન પર હુમલો કરવા માટે વપરાયેલ છરીનો ત્રીજો ભાગ કબજે કર્યો છે. આરોપી શરીફુલે તેને બાંદ્રા તળાવ પાસે ફેંકી દીધો હતો. અગાઉ સ્થળ પરથી છરીનો એક ભાગ મળી આવ્યો હતો. તે જ સમયે, સર્જરી દરમિયાન અભિનેતાના શરીરની અંદરથી 2.5 ઈંચ છરીનો બીજો ભાગ દૂર કરવામાં આવ્યો હતો. હોસ્પિટલમાંથી રજા મળ્યા પછી, સૈફ અલી ખાન ઓટો ડ્રાઈવર ભજન સિંહને મળ્યો જે તેને હોસ્પિટલ લઈ ગયો. સૈફ અને તેની માતા શર્મિલાએ પણ ડ્રાઈવરનો આભાર માન્યો હતો. આ સિવાય હુમલાના 6 દિવસ બાદ બાંદ્રા પોલીસે સૈફ અલી ખાનનું નિવેદન નોંધ્યું હતું.

સૈફ અલી ખાન પર 15 જાન્યુઆરીના રોજ સતગુરુ શરણ એપાર્ટમેન્ટમાં ઘૂસીને હુમલો કરવામાં આવ્યો હતો. જે બાદ સૈફ પોતે હોસ્પિટલ પહોંચ્યો હતો, સારવાર બાદ એક્ટરને 21 જાન્યુઆરીએ રજા આપવામાં આવી હતી. હુમલા બાદ સૈફ હવે સતગુરુ શરણ એપાર્ટમેન્ટને બદલે ફોર્ચ્યુન હાઇટ્સ સ્થિત તેના જૂના મકાનમાં રહેવા ગયો છે. 'કચરો દૂર કરવો જ જોઈએ' શિવસેના નેતા સંજય નિરૂપમ પછી, મહારાષ્ટ્રના મંત્રી નિતેશ રાણેએ ફિલ્મ એક્ટર સૈફ અલી ખાન પર થયેલા હુમલા અંગે પ્રશ્નો ઉઠાવ્યા. ગઈકાલે એક સભાને સંબોધતા મહારાષ્ટ્રના મંત્રી નિતેશ રાણેએ કહ્યું, 'જુઓ મુંબઈમાં બાંગ્લાદેશીઓ શું કરી રહ્યા છે. તેઓ સૈફ અલી ખાનના ઘરમાં પ્રવેશ્યા. પહેલા તે ચારરસ્તે ઉભા રહેતા હતા, હવે તે ઘરોમાં ઘૂસવા લાગ્યા છે. કદાચ તે સૈફને મારી નાખવા આવ્યા હશે. આ સારું છે, કચરો દૂર કરવો જોઈએ.

'મેં તો જોયું, પછી મને શંકા થઈ' આ બાબતની સત્યતા પર સવાલ ઉઠાવતા તેણે કહ્યું કે જ્યારે સૈફ હોસ્પિટલમાંથી બહાર આવ્યો ત્યારે મેં તેને જોયો અને મને શંકા ગઈ. મને શંકા ગઈ કે તેને સાચે છરી મારી દેવામાં આવી હશે અથવા તે એક્ટિંગ કરી રહ્યો હતો. હોસ્પિટલમાંથી બહાર આવતી વખતે તે હસી રહ્યો હતો. 'ફક્ત સૈફ, શાહરુખ ખાનનો દીકરો અને નવાબ મલિકની જ ચિંતા છે' તેણે કહ્યું કે જ્યારે પણ શાહરુખ ખાન કે સૈફ અલી ખાન જેવા કોઈ ખાનને દુઃખ થાય છે, ત્યારે બધા તેના વિશે વાત કરવાનું શરૂ કરે છે. જ્યારે સુશાંત સિંહ રાજપૂત જેવા હિન્દુ એક્ટર હેરાન થાય છે, ત્યારે કોઈ કંઈ કહેવા માટે આગળ આવતું નથી. મુમ્બ્રાથી જીતુદ્દીન (જિતેન્દ્ર આવ્હાડ) અને બારામતીથી તાઈ (સુપ્રિયા સુલે) કંઈ કહેવા માટે આગળ આવ્યા નહીં. તેને ફક્ત શાહરૂખ ખાનના પુત્ર, સૈફ અલી ખાન અને નવાબ મલિકની ચિંતા જ છે. શું તમે ક્યારેય તેને કોઈ હિન્દુ કલાકારની ચિંતા કરતા જોયા છે?

**અજિત પવારે આપ્યો જવાબ નિતેશ રાણેના નિવેદન પર નાયબ મુખ્યમંત્રી અજિત પવારે** કહ્યું કે મને ખબર નથી કે નિતેશ રાણેએ શું કહ્યું? જ્યારે હું તેને મળીશ ત્યારે હું તેને આ વિશે પૂછીશ. જો કોઈ શંકા હોય તો હું પોલીસ વિભાગને પૂછીશ. આરોપીની ધરપકડ પહેલાથી જ થઈ ચૂકી છે. ગઈકાલે, જ્યારે સૈફ તેના ઘરે જઈ રહ્યો હતો, ત્યારે કેટલાક લોકોએ તેની તબિયત જોઈને કેટલાક પ્રશ્નો ઉભા કર્યા. થોડા દિવસ પહેલાં તેમના પર હુમલો થયો હતો, પરંતુ હવે તેઓ સ્વસ્થ છે.

પોલીસે ગુનાનું દ્રશ્ય બે વાર રીક્રિએટ કર્યું મુંબઈ પોલીસે મંગળવારે સવારે અને મોડી રાત્રે ક્રાઈમ સીન ફરીથી બનાવ્યો હતો. પોલીસે આરોપી શરીફુલ ઈસ્લામને સૈફના ઘરથી લગભગ 500 મીટર દૂર ઝડપી લીધો હતો. પોલીસે જણાવ્યું કે આરોપી બાથરૂમની બારીમાંથી સૈફના ઘરમાં ઘૂસ્યો હતો અને હુમલા બાદ અહીંથી પણ બહાર આવ્યો હતો. જ્યારે આરોપી બિલ્ડીંગમાં પ્રવેશ્યો ત્યારે ગાર્ડ સૂતા હતા. મુખ્ય ગેટ અને કોરિડોરમાં સીસીટીવીની ગેરહાજરીનો આરોપીઓએ લાભ લીધો હતો. કોઈ અવાજ ન થાય તે માટે મેં મારા ચંપલ ઉતાર્યા અને મારો મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધો. સૈફના પુત્ર જહાંગીરના રૂમમાંથી આરોપીની કેપ મળી આવી હતી. કેપમાંથી મળેલા વાળને ડીએનએ ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા છે. મુંબઈ પોલીસે 19 જાન્યુઆરીની મોડી રાત્રે આરોપી શરીફુલની ધરપકડ કરી હતી. આ કેસની તપાસ હવે સુદર્શન ગાયકવાડને બદલે અજય લિંગુકરને સોંપવામાં છે. IOને હટાવવાનું કારણ આપવામાં આવ્યું નથી.

### રોડીઝના નવા પ્રોમોમાં જોવા મળ્યો તીખો અવતાર; નેહાએ ગુસ્સામાં કહ્યું- મોઢું સંભાળીને વાત કર...

# રિયા ચક્રવર્તી-નેહા ધૂપિયા વચ્ચે ગાળાગાળી?



(એજન્સી) મુંબઈ | તા.23

MTV રોડીઝની નવી સીઝન 11 જાન્યુઆરીથી ઓન-એર થઈ છે. તાજેતરમાં, શોનો એક પ્રોમો સામે આવ્યો છે, જેમાં ગેંગ લીડર રિયા ચક્રવર્તી ગેંગ લીડર નેહા ધૂપિયા સાથે લડતી દેખાઈ હતી. આ બધું એક ટાસ્ક દરમિયાન થયું હતું. રિયાએ તેની વાતમાં નેહાનો ઉલ્લેખ કર્યો. એક એપિસોડ દરમિયાન, તેણે નેહાને 'બડી કમીની હૈ તૂ' એવું કહ્યું હતું. નેહાએ તેને વળતો પ્રહાર કરતાં કહ્યું કે 'મોઢું સંભાળીને વાત કર'. જોકે, બંને વચ્ચેની વાતચીત પછી વાતાવરણ ગરમ થઈ ગયું. પ્રેક્ષકોની સાથે, બાકીના ગેંગ લીડર્સ પણ જોતા રહી ગયા.

આ પહેલીવાર નથી કે ગેંગ લીડર તરફથી આવું રિએક્શન સામે આવ્યું હોય. આ પહેલા નેહા ધૂપિયા પોતાના એક નિવેદનને કારણે ચર્ચામાં આવી હતી. તેણે એક કન્ટેસ્ટન્ટને તેની ગર્લફ્રેન્ડને થપ્પડ મારવા બદલ ઠપકો આપ્યો હતો. જ્યારે છોકરાની ગર્લફ્રેન્ડે તેની સાથે ઘણી વખત છેતરપિંડી કરી હતી. આના પર નેહાએ કહ્યું હતું- તો શું, એ તેની પંસદગી છે....જેના પર બહુ મીમ્સ પણ બન્યા હતા અને આ વાત પર એક્ટ્રેસને ટ્રોલ કરવામાં આવી હતી. નેહાએ સોશિયલ મીડિયા દ્વારા આ નિવેદનનો ખુલાસો કરવો પડ્યો હતો. નેહાએ કહ્યું હતું કે તેણે હિંસાની નિંદા કરી હતી. કોઈને છેતરવાનું સમર્થન કર્યું નથી. MTV રોડીઝની નવી સીઝન રણવિજય સિંહ હોસ્ટ કરી રહ્યા છે. ગેંગના લીડરમાં નેહા ધૂપિયા, પ્રિન્સ નરુલા, રિયા ચક્રવર્તી અને એલ્વિશ યાદવનો સમાવેશ થાય છે.

# 'મારું બ્લડ ટેસ્ટ કરવું હોય તો કરી લો'

### ડ્રગ એડિક્ટના ટેગને કારણે ડિપ્રેસ્ડ હતી ઈશા દેઓલ, માતા હેમા માલિની સામે સત્ય સાબિત કરવા એક્ટ્રસે તૈયારી બતાવી...

(એજન્સી) મુંબઈ | તા.23

એક્ટ્રેસ ઈશા દેઓલ વર્ષ 2024માં છૂટાછેડાના સમાચારને કારણે ચર્ચામાં હતી. એક્ટ્રેસે તેના પતિ ભરત તખ્તાની સાથે છૂટાછેડા લીધા હતા. એક્ટ્રેસ ફરી એક જૂની અફવાને લઈને ચર્ચામાં છે. હાલમાં જ ઈશાએ જણાવ્યું હતું કે વર્ષ 2010માં તેને સોશિયલ મીડિયા પર ડ્રગ એડિક્ટનું ટેગ આપવામાં આવ્યું હતું. જેના કારણે તે ખૂબ જ ડિપ્રેસ્ડ હતી અને માતાને સત્ય સાબિત કરવા બ્લડ ટેસ્ટ કરાવવા પણ તૈયાર થઈ ગઈ હતી.

'મારું બ્લડ ટેસ્ટ કરવું હોય તો કરી લો' ઈશા દેઓલે તેની માતાની બાયોગ્રાફી 'હેમા માલિનીઃ બિયોન્ડ ધ ડ્રીમ ગર્લ'માં લખ્યું છે- 'આ આરોપની મારા પર એટલી અસર થઈ કે મેં મારી માતાને સત્ય સાબિત કરવા માટે મારું બ્લડ ટેસ્ટ કરાવવા પણ તૈયાર હતી. હું એવું કંઈ નથી કરતી જેનાથી મારા માતા-પિતાને શરમ અનુભવાય. હું મારા મિત્રો સાથે પાર્ટી કરતી, થોડું ડ્રિંક્સ કરતી. એ ઉંમરે બધા પાર્ટી કરે છે અને ડ્રિંક કરે છે, પણ મેં ડ્રગ્સ ક્યારે નથી લીધું.

વર્ષ 2024માં ઈશાના છૂટાછેડા થયા ભરત તખ્તાની અને ઈશા દેઓલે વર્ષ 2012માં લગ્ન કર્યા હતા. અભિનેત્રીને બે પુત્રીઓ પણ છે. જોકે, વર્ષ 2024માં ભરત અને ઈશાના છૂટાછેડા થઈ ગયા હતા. છૂટાછેડા પછી ઈશા દેઓલ તેની માતા હેમા માલિની સાથે રહે છે.

વર્ષ 2002માં ડેબ્યૂ કર્યું હતું ઈશા દેઓલના ફિલ્મી કરિયરની વાત કરીએ તો, તેણે 2002માં 'કોઈ મેરે દિલ સે પૂછે' ફિલ્મથી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. છેલ્લા કેટલાક સમયથી તે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક્ટિવ નથી. તે છેલ્લે વર્ષ 2023માં વેબ સિરીઝ 'હન્ટર ટુટેગા નહીં.

# લાઈવ કોન્સર્ટમાં સિંગર મોનાલી ઠાકુરની તબિયત લથડી, હોસ્પિટલમાં દાખલ

'સવાર લૂ' અને 'મોહ મોહ કે ધાગે' જેવા શાનદાર ગીત દ્વારા ઓળખ બનાવનાર બોલિવૂડ સિંગર મોનાલી ઠાકુરની તબિયત એક લાઈવ પર્ફોમન્સ દરમિયાન અચાનક ખરાબ થઈ ગઈ. તેને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી, જેની ફરિયાદ બાદ તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાઈ. હાલ મોનાલી હોસ્પિટલમાં દાખલ છે અને તેની સારવાર ચાલી રહી છે. તે દિનહાટા મહોત્સવમાં પરફોર્મ કરી રહી હતી જ્યારે તેને અચાનક શ્વાસ લેવામાં તકલીફ થઈ. હાજર લોકોએ જણાવ્યું કે 'મોનાલીની તબિયત અચાનક ખૂબ ખરાબ થઈ ગઈ અને તેણે તાત્કાલિક પોતાનું પર્ફોમન્સ રોકી દીધું. તબિયત બગડવા પર તેને દિનહાટાના સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ લઈ જવાઈ. તેની ટીમે તાત્કાલિક મેડિકલ મદદ માગી અને થોડી જ મિનિટોમાં એમ્બ્યુલન્સ ત્યાં પહોંચી ગઈ.

# 'અમે બિશ્નોઈ નથી...8 કલાકમાં જવાબ આપો, નહીંતર...'

### કપિલ શર્મા સહિત ચાર એક્ટર્સને જાનથી મારી નાખવાની ધમકી મળી, પાકિસ્તાનથી આવ્યો હતો ઇ-મેલ

મુંબઈ | કોમેડિયન કપિલ શર્માને પાકિસ્તાનથી ધમકીભર્યો ઈ-મેલ મળ્યો છે. જેમાં કોમેડિયનને મારી નાખવાની ધમકી મળી છે. કપિલ ઉપરાંત એક્ટર રાજપાલ યાદવ, કોરિયોગ્રાફર રેમો ડિસોઝા અને કોમેડિયન સુગંધા મિશ્રાને પણ જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે.



ઈ-મેલમાં લખ્યું છે - અમે તમારી ગતિવિધિ પર નજર રાખી રહ્યા છીએ. અમે તમારા ધ્યાનમાં સેન્સિટિવ બાબત લાવ્યા છીએ. આ કોઈ પબ્લિસિટી સ્ટંટ કે તમને હેરાન કરવાનો પ્રયાસ નથી. અમારી તમને રિક્વેસ્ટ છે કે આને ખૂબ ગંભીરતાથી લેવું અને ગોપનીયતા જાળવવી.

પાકિસ્તાન તરફથી આવેલા ઈ-મેલના અંતમાં લખવામાં આવ્યું છે- જો આવું નહીં કરો તો તમારી પ્રોફેશનલ અને પર્સનલ લાઈફને અસર કરી શકે છે. અમે આગામી 8 કલાકમાં આ ઈ-મેલનો જવાબ ઈચ્છીએ છીએ. જો તમે આ નહીં કરો તો અમે માની લઈશું કે તમે તેને ગંભીરતાથી નથી લીધું. અમે તમારી સામે પગલાં લઈશું. અમે બિશ્નોઈ નથી.

'મામલાની તપાસ કરવામાં આવી રહી છે' કપિલે આ મામલે ફરિયાદ નોંધાવી છે. કપિલ શર્મા ઉપરાંત, આવો જ ઈ-મેલમાં બોલિવૂડ એક્ટર રાજપાલ યાદવ, હાસ્ય કલાકાર સુગંધા શર્મા અને ડાન્સ કોરિયોગ્રાફર રેમો ડિસોઝાના નામ પણ સામેલ છે. સુગંધા અને રેમોએ આ મામલે મુંબઈ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આ ઉપરાંત રાજપાલ યાદવની પત્ની રાધા યાદવે મુંબઈના અંબોલી પોલીસ સ્ટેશનમાં એક અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે કહ્યું છે કે આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. આ કેસમાં, મુંબઈ પોલીસે BNSની કલમ 351(3) હેઠળ અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ કેસ નોંધ્યો છે. પોલીસે તપાસ શરૂ કરી છે. જોકે, આ અંગે કપિલ શર્મા, રાજપાલ યાદવ કે રેમો ડિસોઝા તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

પાકિસ્તાનથી આવ્યો હતો ઈ-મેલ આ સેલિબ્રિટીઓની ફરિયાદ બાદ, મુંબઈ પોલીસ એલર્ટ મોડ પર આવી ગઈ છે અને આ મામલાની તપાસ શરૂ કરી દીધી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ ધમકીભર્યો ઈ-મેલ પાકિસ્તાનથી આવ્યો છે, જેનું ઈ-મેલ એડ્રેસ don99284@gmail.com છે. મેસેજ મોકલનાર વ્યક્તિનું નામ વિષ્ણુ હોવાનું કહેવાય છે, જેણે આ સ્ટાર્સને ધમકી આપી છે.

# મૂસેવાલાનું ગીત 'લોક' રિલીઝ

### પિતા બલકૌર સિંહમાં જોવા મળી પુત્ર સિદ્ધુની તસવીર; 30 મિનિટમાં 5 લાખ વ્યૂઝ મળ્યાં...



અમૃતસર | પંજાબી સંગીત પ્રેમીઓ અને સિદ્ધુ મૂસેવાલાના ચાહકો માટે નવું ગીત 'લોક' રિલીઝ કરવામાં આવ્યું છે. આ ગીતના રિલીઝ પહેલા જ તેના ટીઝરને એક અઠવાડિયાથી ઓછા સમયમાં 1.5 મિલિયન વ્યૂઝ મળી ચૂક્યા છે. તે જ સમયે, ગીતને તેના રિલીઝની 30 મિનિટની અંદર 5 લાખ વ્યુઝ મળ્યા હતા. આ ગીત સિદ્ધુ મૂસેવાલાનું આ વર્ષનું પહેલું ગીત છે. તેમના મૃત્યુ પછી કુલ 9 ગીતો રિલીઝ થયા છે.

ગીતમાં સિદ્ધુ મૂસેવાલાના પિતા હીરોની જેમ જોવા મળે છે. સિદ્ધુ મૂસેવાલાની તસવીર તેના પિતા બલકૌર સિંહમાં જોવા મળે છે. 'લોક' ગીત પ્રખ્યાત મ્યુઝિક પ્રોડક્શન કંપની ધ કિડ દ્વારા બનાવવામાં આવ્યું છે. કિડ કંપની સિદ્ધુ મૂસેવાલાના ઘણા હિટ ગીતો બનાવી ચૂકી છે. આ ગીતનો વીડિયો નવકરણ બ્રારે ડિરેક્ટ કર્યો છે. આ ગીતનું પોસ્ટર બંનેના ઓફિશિયલ પેજ પર શેર કરવામાં આવ્યું છે. ગીતનું પોસ્ટર શેર કરતા ધ કિડે લખ્યું, "આજુબાજુ જુઓ, અમે લીડર છીએ. "અમે જે પણ કરીશું, અમે નક્કી કરીશું, અને બાકીના લોકો અમારા નેતૃત્વને અનુસરવાનો પ્રયાસ કરશે."

સિદ્ધુ મૂસેવાલાના મૃત્યુ પછી રિલીઝ થયેલા ગીતો 'વોર' (8 નવેમ્બર, 2022) 'મેરા ના' (7 એપ્રિલ, 2023) 'ચોરની' (7 જુલાઈ, 2023) 'વોચઆઉટ' (12 નવેમ્બર, 2023) 'ડ્રિપ્પી' (2 ફેબ્રુઆરી, 2024) '410' (11 એપ્રિલ, 2024) 'અટૈચ' (30 ઓગસ્ટ, 2024)

## સિદ્ધુ મૂસેવાલાનો પ્રભાવ અને વારસો

સિદ્ધુ મૂસેવાલાએ પોતાના સંગીત અને બોલીની સ્ટાઈલથી પંજાબી સંગીતને નવી ઉંચાઈઓ પર પહોંચાડ્યું. તેમનું વ્યક્તિત્વ અને ગીતો લાખો દિલોને સ્પર્શી ગયા છે. તેમના મૃત્યુ પછી પણ તેમના ગીતોની લોકપ્રિયતા ઓછી થઈ નથી અને ચાહકો દરેક નવા ગીતની આતુરતાથી રાહ જુએ છે.

## સિદ્ધુની હત્યા કરવામાં આવી હતી

પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની 29 મે, 2022ના રોજ હત્યા કરવામાં આવી હતી. લોરેન્સ ગેંગના કેટલાક હુમલાખોરોએ મૂસેવાલાને ગોળી મારી હતી. ત્યારથી તેના ચાહકો અને પરિવારના સભ્યો ન્યાયની માંગ કરી રહ્યા છે અને જ્યારે પણ તેનું કોઈ નવું ગીત બહાર આવે છે ત્યારે ચાહકોને લાગે છે કે 'સિદ્ધુ પાછો આવ્યો છે'.

# ફિલ્મમેકર રામ ગોપાલ વર્માને 3 મહિનાની જેલ

### કોર્ટે 7 વર્ષ જૂના ચેક બાઉન્સ કેસમાં સજા સંભળાવી, બિનજામીનપાત્ર વોરંટ પણ જારી કરાયો



(એજન્સી) મુંબઈ | તા.23

ફિલ્મમેકર રામ ગોપાલ વર્માની મુશ્કેલીઓમાં વધારો થતો જાય છે. મંગળવારે મુંબઈની અંધેરી મેજિસ્ટ્રેટ કોર્ટે 7 વર્ષ જૂના ચેક બાઉન્સ કેસમાં તેને ત્રણ મહિનાની જેલની સજા ફટકારી હતી. આ મામલો છેલ્લા સાત વર્ષથી ચાલી રહ્યો હતો. જો કે સુનાવણી દરમિયાન રામ ગોપાલ વર્મા કોર્ટમાં હાજર ન હતા. તેણે હાલમાં જ તેની નવી ફિલ્મ 'સિન્ડિકેટ'ની જાહેરાત પણ કરી છે.

ઈન્ડિયા ટુડે અનુસાર, કોર્ટે કહ્યું, 'આ કેસની સુનાવણી દરમિયાન આરોપી ગેરહાજર હતો, જેના કારણે તેની વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેમજ રામ ગોપાલ વર્માએ ફરિયાદીને ત્રણ મહિનામાં 3 લાખ 72 હજાર 219 રૂપિયાનું વળતર ચૂકવવું પડશે. જો તે આમ નહીં કરે તો તેમને વધુ ત્રણ મહિનાની જેલની સજા ભોગવવી પડશે. રામ ગોપાલ વર્માને જે ગુના હેઠળ સજા સંભળાવવામાં આવી છે તે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ આવે છે.

જાણો શું છે સમગ્ર મામલો 2018માં શ્રી નામની કંપનીએ મહેશચંદ્ર મિશ્રા દ્વારા રામ ગોપાલ વર્મા વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. આ મામલો ડિરેક્ટરની પેઢી કંપની સાથે સંબંધિત છે. આ કેસમાં, જૂન 2022 માં, વર્માને કોર્ટે PR અને 5,000/-ની રોકડ સુરક્ષા પર જામીન આપ્યા હતા. આ સિવાય કોવિડ-19 દરમિયાન આર્થિક સંકટના કારણે રામ ગોપાલ વર્માએ પણ પોતાની ઓફિસ વેચવી પડી હતી.

વર્માએ નવી ફિલ્મની જાહેરાત કરી રામ ગોપાલ વર્માએ હાલમાં જ પોતાની નવી ફિલ્મ 'સિન્ડિકેટ'ની જાહેરાત કરી છે. તેણે પોતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X દ્વારા આ માહિતી આપી હતી.

રામ ગોપાલ વર્માની ફિલ્મો રામ ગોપાલ વર્મા સત્ય, રંગીલા, સરકાર અને કંપની જેવી સફળ ફિલ્મો માટે જાણીતા છે.

# સલમાન ખાને ફરી 'સિકંદર'નું શૂટિંગ શરૂ કર્યું...

### લકઝરી કાર છોડી ટેક્સીમાં સેટ પર પહોંચ્યો; લીડ એક્ટ્રેસ રશ્મિકાના પગમાં ફ્રેક્ચર, શું ફિલ્મની રિલીઝ પર અસર થશે?

(એજન્સી) મુંબઈ | તા.23




બિગ બોસ-18નું હોસ્ટિંગ પૂરું કર્યા પછી, સલમાન ખાન ફરીથી આગામી ફિલ્મ 'સિકંદર'ના શૂટિંગમાં સંપૂર્ણપણે વ્યસ્ત છે. હાલમાં જ તે મુંબઈમાં તેનું શૂટિંગ કરતો જોવા મળ્યો હતો. શૂટિંગ સાથે જોડાયેલો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં એક્ટર ટેક્સીમાંથી નીચે ઉતરતો જોવા મળી રહ્યો છે. બીજી તરફ, ફિલ્મની લીડ એક્ટ્રેસ રશ્મિકા મંદાનાને પગમાં ફ્રેક્ચ થયું છે. રિપોર્ટ્સ અનુસાર, તેની ઈજા ફિલ્મની રિલીઝ પર અસર કરી શકે છે.

સિકંદર ફિલ્મના શૂટિંગ સાથે જોડાયેલો એક લીક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, જેને સલમાનના એક ફેન દ્વારા પોસ્ટ કરવામાં આવ્યો છે. સલમાનની દમદાર એન્ટ્રીની ઝલક આ વીડિયોમાં જોઈ શકાય છે. એક્ટર ટેક્સીમાંથી નીચે ઉતરતો જોવા મળે છે, એક્ટરની એક ઝલક જોવા માટે મોટી સંખ્યામાં ચાહકો એકઠા થયા હતા. સલમાને ડેનિમ જીન્સ સાથે બ્લુ કલરનો શર્ટ પહેર્યો છે. આ દિવસોમાં એક્ટર ફિલ્મના છેલ્લા શેડ્યૂલનું શૂટિંગ કરી રહ્યો છે.

રશ્મિકાને પગમાં ઈજા થઈ હતી 'સિકંદર' ફિલ્મમાં રશ્મિકા મંદાના લીડ રોલમાં છે. થોડા દિવસ પહેલા તેના પગમાં ઈજા થઈ હતી. કહેવામાં આવી રહ્યું છે કે આ કારણે ફિલ્મની રિલીઝમાં વિલંબ થઈ શકે છે. કેટલાક રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે આ કારણે તેના ભાગનું શૂટિંગ રોકી દેવામાં આવ્યું છે. જ્યારે કેટલાકનું કહેવું છે કે તેના વિના શૂટિંગ ચાલી રહ્યું છે. ફિલ્મમાં કાજલ અગ્રવાલ પણ છે આ વર્ષે ઈદના અવસર પર રિલીઝ થયેલી ફિલ્મ સિકંદરનું ડિરેક્શન એઆર મુરુગાદોસે કર્યું છે. આ ફિલ્મમાં કાજલ અગ્રવાલ પણ છે. આ પ્રોજેક્ટમાં સલમાનનો નવો લુક જોવા મળશે. તે જ સમયે, તેને સાજિદ નડિયાદવાલાના બેનર ગ્રાન્ડસન એન્ટરટેઈનમેન્ટ દ્વારા બનાવવામાં આવ્યું છે.

# ટીમ ઈન્ડિયાએ 12.5 ઓવરમાં જ અંગ્રેજોને રગદોળ્યા:ભારતે પહેલી T20 7 વિકેટે જીતી



(એજન્સી) કોલકત્તા તા 23


ભારતે પહેલી T20 મેચમાં ઈંગ્લેન્ડને 7 વિકેટે હરાવ્યું છે. ભારતે કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં બોલિંગ કરવાનું પસંદ કર્યું. ઈંગ્લિશ ટીમ 132 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતે ઝડપી બેટિંગ કરી અને 12.5 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો. ભારતીય ઓપનર અભિષેક શર્માએ 34 બોલમાં 79 રન બનાવ્યા. તેણે ઈનિંગ્સમાં 8 છગ્ગા અને 5 ચોગ્ગા ફટકાર્યા. બોલિંગમાં વરુણ ચક્રવર્તીએ 3 વિકેટ લીધી. ઈંગ્લેન્ડ તરફથી જોસ બટલરે 68 રન બનાવ્યા, જ્યારે જોફ્રા આર્ચરે 2 વિકેટ લીધી. ભારત સિરીઝમાં 1-0થી આગળ છે. હવે બીજી મેચ 25 જાન્યુઆરીએ ચેન્નઈમાં રમાશે. 13મી ઓવરના પાંચમા બોલ પર તિલક વર્માએ માર્ક વુડ સામે ચોગ્ગો ફટકાર્યો. આ સાથે, ટીમે 12.5 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને 133 રનનો ટાર્ગેટ ચેઝ કર્યો. તિલક 19 રન બનાવીને અને હાર્દિક પંડ્યા 3 રન બનાવીને અણનમ રહ્યો હતો. ઈંગ્લેન્ડ તરફથી જોફ્રા આર્ચરે 2 અને આદિલ રશીદે 1 વિકેટ લીધી.અભિષેક શર્મા 79 રન બનાવીને 12મી ઓવરમાં આઉટ થયો હતો. આદિલ રશીદની બોલિંગમાં લોંગ ઓફ પર હેરી બ્રુકે તેનો કેચ પકડ્યો. અભિષેકે પોતાની ઈનિંગમાં 8 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકાર્યા. અભિષેક શર્માએ જેમી ઓવરટન સામે નવમી ઓવરના પહેલા બોલ પર સિક્સર ફટકારી. આ સાથે તેણે 20 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી. અભિષેકે તેની T20 કારકિર્દીની બીજી ફિફ્ટી ફટકારી. તેણે સદી પણ ફટકારી છે. અભિષેક શર્માએ જેમી ઓવરટન સામે નવમી ઓવરના પહેલા બોલ પર સિક્સર ફટકારી. આ સાથે તેણે 20 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી. ભારતીય ઈનિંગ્સની આઠમી ઓવરમાં અભિષેક શર્માને લાઈફ લાઈન મળી. અહીં, આદિલ રશીદના ત્રીજા બોલ પર, દીધો. આ સમયે અભિષેક 29 રન પર રમતમાં હતો. તેણે આગામી 3 બોલમાં 3 બાઉન્ડરી ફટકારી.

## આર્ચરે સેમસન અને સૂર્યાને પેવેલિયન મોકલ્યા

પાંચમી ઓવરમાં, જોફ્રા આર્ચરે સંજુ સેમસનને ગસ એટકિન્સન દ્વારા કેચ આઉટ કરાવ્યો. સેમસને 20 બોલમાં 26 રન બનાવ્યા, તેની ઈનિંગમાં 4 ચોગ્ગા અને 1 છગ્ગો સામેલ હતો. ત્યારબાદ આર્ચરે ઓવરના પાંચમા બોલ પર ભારતીય કેપ્ટન સૂર્યકુમાર યાદવને કેચ આઉટ કરાવ્યો. સૂર્યા ખાતું પણ ખોલાવી શક્યો નહીં.

**સેમસને બીજી ઓવરમાં 22 રન બનાવ્યા :** સંજુ સેમસન પહેલી ઓવરમાં ફક્ત 1 રન બનાવી શક્યો. ત્યારબાદ તેણે બીજી ઓવરમાં ગસ એટકિન્સન સામે 22 રન બનાવીને સ્કોર બરાબરી કરી. આ ઓવરમાં સેમસને 4 ચોગ્ગા અને 1 છગ્ગો ફટકાર્યો.ટીમ ઈન્ડિયાએ પાંચમી ઓવરમાં 2 વિકેટ ગુમાવી દીધી. છઠ્ઠી ઓવરમાં ટીમનો સ્કોર 50 રનને પાર કરી ગયો. અભિષેક શર્માએ માર્ક વુડ સામે પહેલા 2 બોલમાં 2 છગ્ગા ફટકાર્યા. પાવરપ્લેમાં ટીમે 2 વિકેટ ગુમાવીને 63 રન બનાવ્યા.

# ઈગા સ્વાઈટેક ઓસ્ટ્રેલિયન ઓપનની સેમિફાઈનલમાં



(એજન્સી) લંડન તા 23

પાંચ વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન ઈગા સ્વાઈટેક અમેરિકાની એમ્મા નાવારો સામે આસાન જીત મેળવીને ઓસ્ટ્રેલિયન ઓપન મહિલા સિંગલ્સની સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. અમેરિકાની અન્ય એક ટેનિસ ખેલાડી મેડિસન કીઝ પણ મહિલા સિંગલ્સ ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. મહિલા સિંગલ્સની સેમિફાઈનલિસ્ટ નક્કી થઈ ગઈ છે. પ્રથમ સેમિફાઈનલ વર્લ્ડ નંબર-1 આર્યાના સબલેન્કા અને સ્પેનની પૌલા બડોસા વચ્ચે રમાશે. જ્યારે બીજી મેચ સ્વાઈટેક અને કીઝ વચ્ચે રમાશે.

સ્વાઈટેકએ નાવારો પર સરળ જીત નોંધાવી સ્વાઈટેકે ક્વાર્ટર ફાઈનલ મેચમાં નાવારો સામે આસાન વિજય નોંધાવ્યો હતો. તેણે પહેલો સેટ 6-1 અને બીજો 6-2થી જીત્યો હતો. સ્વાઈટેક 23 જાન્યુઆરી એટલે કે આવતીકાલે સેમિફાઈનલમાં કીઝ સામે ટકરાશે.

કીઝે સ્વિતોલીનાને હરાવી અમેરિકાની મેડિસન કીઝે બુધવારે પાછળ પડ્યા બાદ પુનરાગમન કર્યું અને જીત મેળવી. કીઝને પ્રથમ સેટમાં 28મી ક્રમાંકિત યુક્રેનની એલિના સ્વિતોલિના સામે 3-6થી હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદ તેણે પુનરાગમન કર્યું.

**નોવાક જોકોવિચ સેમિફાઈનલમાં પહોંચ્યો :** 24 વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન સર્બિયાના નોવાક જોકોવિચે મંગળવારે ઓસ્ટ્રેલિયન ઓપન 2025ની સેમિફાઈનલમાં જગ્યા બનાવી છે. ટેનિસ ઓલિમ્પિક ચેમ્પિયન જોકોવિચે મેન્સ સિંગલ્સમાં ત્રીજો ક્રમાંકિત સ્પેનના કાર્લોસ અલ્કારેઝને ચાર સેટની મેચમાં હરાવ્યો હતો. બીજી તરફ, જર્મનીના એલેક્ઝાન્ડર ઝવેરેવે પણ મેલબોર્નના રોડ લેવર એરેનામાં ક્વાર્ટર ફાઈનલમાં જીત મેળવી હતી.

**ટેનિસમાં 4 ગ્રાન્ડ સ્લેમ :** ટેનિસમાં 4 ગ્રાન્ડ સ્લેમ છે, ચારેય દર વર્ષે રમાય છે. તેની શરૂઆત જાન્યુઆરીમાં ઓસ્ટ્રેલિયન ઓપનથી થશે. ફ્રેન્ચ ઓપન મે મહિનામાં રમાય છે, ત્યારબાદ વિમ્બલ્ડન જુલાઈમાં લંડન, ઈંગ્લેન્ડમાં થાય છે. યુએસ ઓપન સપ્ટેમ્બરમાં યોજાય છે, આ વર્ષનો છેલ્લો ગ્રાન્ડ સ્લેમ છે. ચારેયની ઐતિહાસિક માન્યતાઓ અલગ-અલગ છે. વિમ્બલ્ડન સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ છે.

# હોબાર્ટ હરિકેન્સ 7 વર્ષ બાદ BBL ફાઈનલમાં પહોંચ્યું



(એજન્સી) હોબાર્ટ તા 23

હોબાર્ટ હરિકેન્સ બિગ બેશ લીગ (BBL)ની 14મી સિઝનની ફાઈનલમાં પહોંચનારી પ્રથમ ટીમ બની ગઈ છે. ટીમે 7 વર્ષ બાદ ટાઈટલ મેચમાં જગ્યા બનાવી છે. મંગળવારે હોબાર્ટે ક્વોલિફાયરમાં ત્રણ વખતની ચેમ્પિયન સિડની સિક્સર્સને 12 રનથી હરાવ્યું હતું. પાવરપ્લેમાં 2 વિકેટ લેનાર ફાસ્ટ બોલર રિલે મેરેડિથ પ્લેયર ઓફ ધ મેચ રહ્યો હતો.

હોબાર્ટમાં પ્રથમ બેટિંગ કરતા ટેબલ ટોપર હોમ ટીમે 7 વિકેટ ગુમાવીને 173 રન બનાવ્યા હતા. સિડનીએ શરૂઆતી વિકેટ ગુમાવ્યા બાદ પુનરાગમન કર્યું હતું, પરંતુ ટીમ 5 વિકેટ ગુમાવીને 161 રન જ બનાવી શકી હતી. હરિકેન હવે 27 જાન્યુઆરીએ હોબાર્ટમાં ફાઈનલ રમશે. હોબાર્ટની ઝડપી શરૂઆત બેલેરીવ ઓવલ ખાતે સિડનીએ ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. હોબાર્ટને ઓપનર મિશેલ ઓવેન અને કાલેબ જેવેલ તરફથી ઝડપી શરૂઆત મળી હતી. બંનેએ માત્ર 4 ઓવરમાં 47 રનની ભાગીદારી કરી હતી. ઓવેલ 36 રન બનાવીને આઉટ થયો હતો, તેના પછી મેથ્યુ વેડ પણ માત્ર 4 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો.174 રનના ટાર્ગેટને ચેઝ કરવા ઉતરેલી સિડની સિક્સર્સની શરૂઆત ખરાબ રહી હતી.

# બીસીસીઆઈના નિર્ણય બાદ સ્ટાર ખેલાડીઓ મેદાને ઉતરશે

(એજન્સી) રાજકોટ તા 23

ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ સિરીઝમાં હાર અને નબળા પરફોર્મન્સ બાદ ભારતીય ક્રિકેટ બોર્ડે તમામ ખેલાડીઓ જે હાલ ક્રિકેટના અન્ય ફોર્મેટ ન રમતાં હોય તેમને ડોમેસ્ટિક ટુર્નામેન્ટમાં ભાગ લેવા જણાવ્યું છે. જેથી હવે ફરી શરૂ થનાર રણજી ટ્રોફીમાં સ્ટાર ખેલાડીઓ પરસેવો પાડ્યો અને મેદાને ઉતરશે. 2024માં શરૂ થયેલ રણજી ટ્રોફી ટુર્નામેન્ટને બ્રેક બાદ ફરીથી શરૂ કરી છે. જેના શિડ્યુલ મુજબ આવતીકાલે 23 જાન્યુઆરીથી રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે સૌરાષ્ટ્ર અને દિલ્લી વચ્ચે રણજી મેચ યોજાનાર છે. જેમાં રિષભ પંત અને રવીન્દ્ર જાડેજા આમને સામને જોવા મળશે, જ્યારે બોલિંગમાં ફાસ્ટ બોલર નવદીપ સૈની અને જયદેવ ઉનડકટ આમને સામને ટકરાશે.



## ખેલાડીઓએ કાલની મેચ માટે સતત બે દિવસ પ્રેક્ટિસ કરી

રાજકોટ શહેરના જામનગર રોડ પર ખંઢેરી ગામ નજીક આવેલા નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આવતીકાલથી રણજી મેચ શરૂ થવા જઈ રહી છે. જેમાં ભારતીય ટીમના સ્ટાર ખેલાડીઓ પણ પરસેવો પાડ્યો હતો. આ મેચમાં રિષભ પંત, રવીન્દ્ર જાડેજા, ચેતેશ્વર પુજારા, જયદેવ ઉનડકટ, નવદીપ સૈની જેવા ખેલાડીઓ મેદાનમાં ડોમેસ્ટિક ક્રિકેટ રમતા નજરે પડશે. લીગ મેચ બાદ જે ટીમ જીતશે તે ટીમ માટે આગળ કવોલીફાય થવાના ચાન્સ વધુ પ્રબળ બની શકે છે. આ સાથે રિષભ પંત આવતીકાલની મેચમાં કેપ્ટન તરીકે નહિ, દિલ્લીની ટીમ રાજકોટ આવી ગયા બાદ છેલ્લા બે દિવસથી સૌરાષ્ટ્ર અને દિલ્લી, એમ બન્ને ટીમના ખેલાડીઓ સતત બે દિવસથી સ્ટેડિયમ ખાતે નેટ પ્રેક્ટિસ કરી ચુક્યા છે અને આવતીકાલે સવારથી બન્ને ટીમ મેદાનમાં મેચ રમવા માટે ઉતરશે. ટીમ ઈન્ડિયાનો સ્ટાર ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા સૌરાષ્ટ્રની ટીમ સાથે જોડાયો.

**રિષભ પંત આવતીકાલની મેચમાં કેપ્ટન તરીકે નહિ રમે :** ઉલ્લેખનીય છે કે, આવતીકાલની મેચ સૌરાષ્ટ્ર અને દિલ્લી એમ બન્ને ટીમમાં મહત્વપૂર્ણ સાબિત થઈ શકે તેમ છે. લીગ મેચ બાદ જે ટીમ જીતશે તે ટીમ માટે આગળ કવોલીફાય થવાના ચાન્સ વધુ પ્રબળ બની શકે છે. આ સાથે રિષભ પંત આવતીકાલની મેચમાં કેપ્ટન તરીકે નહિ, પરંતુ ખેલાડી બનીને મેદાનમાં ઉતરશે. આવતીકાલની મેચમાં દિલ્લી ટીમના કેપ્ટન તરીકે જવાબદારી આયુષ બદોનીની રહેશે, જ્યારે સૌરાષ્ટ્રના કેપ્ટન તરીકે જયદેવ ઉનડકટ જવાબદારી નિભાવશે.

# પરિવાર સાથે રહેવાથી રમત બગડતી નથી- જોસ બટલર



(એજન્સી) કોલકાતા તા 23

ઈંગ્લેન્ડના વ્હાઈટ બોલના કેપ્ટન જોસ બટલરે કહ્યું કે ક્રિકેટ સિરીઝ દરમિયાન પરિવાર સાથે રહેવાથી રમત પર કોઈ અસર થતી નથી. તેમણે કહ્યું કે, લાંબા પ્રવાસો પર પોતાને પ્રેરિત અને તાજગી રાખવા માટે પરિવારના સમર્થનની જરૂર છે. કોવિડ પછી, આપણા ફેમિલીને સાથે રાખવા અને તેમની સાથે રહેવું વધુ મહત્વપૂર્ણ બની ગયું છે. બટલરનું આ નિવેદન ભારત વિરૂદ્ધ T-20 સિરીઝની શરૂઆત પહેલા આવ્યું છે.

બીજી તરફ, BCCIએ ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા સામેની સિરીઝ હાર્યા બાદ ભારતીય ખેલાડીઓ પર તેમના પરિવારજનોને મળવાની સમય મર્યાદા લાદી હતી. કેપ્ટન રોહિત શર્મા પોતે પણ આ નિર્ણયથી ખુશ જણાતો નથી. પરિવાર સાથે સમય પસાર કરવો મહત્વપૂર્ણ છે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે T-20 સિરીઝની પ્રથમ મેચ 22 જાન્યુઆરીએ રમાશે. બટલરે મેચ પહેલા કહ્યું, 'મને લાગે છે કે આ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આપણે આધુનિક વિશ્વમાં રહીએ છીએ અને આવા સમયમાં પરિવાર પણ સાથે હોવો જોઈએ, જેથી આપણે પરિવારના સભ્યો સાથે આપણા દુ:ખ અને ખુશીઓ વહેંચી શકીએ.'

ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ શ્રેણી 3-0 અને ઓસ્ટ્રેલિયા 3-1થી હારી ગયા બાદ BCCIએ ખેલાડીઓને લઈને 10 નિયમો બનાવ્યા છે. આમાંથી એક નિયમ પરિવારને લગતો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે 45 દિવસથી વધુના પ્રવાસમાં પરિવારના સભ્યો માત્ર 2 અઠવાડિયા માટે જ ખેલાડીઓ સાથે રહી શકશે. એટલું જ નહીં, ખેલાડીઓએ તેમના પરિવારને મળવા માટે ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરની પરવાનગી પણ લેવી પડશે.

# અભિષેક શર્માએ યુવરાજનો 18 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો



કોલક્તા તા 23

અભિષેક શર્માએ વર્ષ 2025માં પોતાની પહેલી ટી20 ઈન્ટરનેશનલ મેચમાં 79 રનની ઈનિંગ્સ રમી હતી. આ સાથે ટીમ ઈન્ડિયાને જીત અપવાવામાં મહત્વની ભૂમિકા નિભાવી હતી. અભિષેકે પોતાની ઈનિંગ્સમાં કુલ 8 સિક્સ ફટકારી હતી. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી 5 મેચની ટી20 સીરિઝની પહેલી મેચ કોલકત્તાના ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં રમાય હતી. જેમાં ટીમ ઈન્ડિયાએ 7 વિકેટથી સીરિઝમાં 1-0ની લીડ મેળવી છે. ભારતીય ટીમને આ મેચમાં 133 રનનો ટાર્ગેટ મળ્યો હતો.

અભિષેકે પોતાની આ ઈનિંગ્સ દરમિયાન યુવરાજ સિંહનો 18 વર્ષ જૂનો રેકોર્ડ પણ તોડી નાંખ્યો છે. અભિષેકે પોતાની ઈનિંગ્સ દરમિયાન 34 બોલનો સામનો કર્યો હતો, આ દરમિયાન કુલ 8 સિક્સ ફટકારી હતી.

# વિકેટ લેતાની સાથે જ આ ખેલાડીએ સ્ટાઇલમાં કર્યું સેલિબ્રેશન

(એજન્સી) દુબઈ તા 23

અલ્લુ અર્જુન સ્ટારર ફિલ્મ 'પુષ્પા' અને પછી 'પુષ્પા 2'એ સમગ્ર વિશ્વમાં ધૂમ મચાવી હતી, આ ફિલ્મની એટલી ઊંડી અસર થઈ કે, પાકિસ્તાની બોલર પણ વિકેટ લીધા પછી પુષ્પાની સ્ટાઈલમાં જશ્ન મનાવતા જોવા મળ્યો હાલ પુષ્પા ફિલ્મની ચારેકોર ચર્ચા થઈ રહી છે.

આ દરમિયાન પુષ્પા ફિલ્મના હીરો અલ્લુ અર્જુનની 'મે ઝુકેગા નહીં' સ્ટાઈલમાં અનેક પ્રકારના વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યા છે.

વાસ્તવમાં વિકેટ લીધા બાદ પાકિસ્તાની બોલરે પુષ્પા સ્ટાઈલમાં સેલિબ્રેશન કર્યું જે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. અલ્લુ અર્જુન સ્ટારર ફિલ્મ 'પુષ્પા' અને પછી 'પુષ્પા 2'એ સમગ્ર વિશ્વમાં ધૂમ મચાવી હતી. આ ફિલ્મની એટલી ઊંડી અસર થઈ કે, પાકિસ્તાની બોલરો પણ વિકેટ લીધા પછી પુષ્પાની સ્ટાઈલમાં જશ્ન મનાવતા જોવા મળે છે.

# વરુણ ચક્રવર્તી સામે અંગ્રેજો નાચવા લાગ્યા, 3 બોલમાં કર્યું કામ તમામ

(એજન્સી) કોલકત્તા તા 23

કોલકાતામાં રમાયેલી પ્રથમ T20માં ભારતના મિસ્ટ્રી સ્પિનર વરુણ ચક્રવર્તીએ પોતાની સ્પિનનો એવો જાદુ કર્યો કે ઈંગ્લેન્ડના બેટ્સમેનો તેની સામે પિચ પર નાચતા જોવા મળ્યા. ચક્રવર્તીએ માત્ર ત્રણ બોલમાં ઈંગ્લેન્ડના ખેલાડીઓની યોજના બરબાદ કરી દીધી હતી. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પ્રથમ T20 મેચમાં વરુણ ચક્રવર્તીએ એક જ ઓવરમાં બે વિકેટ લઈને હંગામો મચાવ્યો. ચક્રવર્તીએ અંગ્રેજ ખેલાડીઓને પોતાના ચક્રવ્યુહમાં એવી રીતે ફસાવ્યા કે તેઓ કોલકાતાની પિચ પર ડાન્સ કરતા જોવા મળ્યા. વરુણે મેચમાં એક ઓવરમાં બે વિકેટ સહિત કુલ ત્રણ વિકેટ ઝડપી હતી. વરુણને ઈંગ્લેન્ડની ઈનિંગની આઠમી અને પોતાની બીજી ઓવરમાં બે વિકેટ મળી હતી. પહેલા તેણે હેરી બ્રુકને અને બાદમાં લિવિંગસ્ટોનને આઉટ કર્યો હતો. બંને બેટ્સમેન બોલ્ડ થયા હતા. વરુણ ચક્રવર્તીએ છેલ્લી 11 T20 ઈન્ટરનેશનલ મેચોમાં 6 વિકેટ બોલ્ડ કરીને લીધી છે.



# મેચ પહેલા ઈંગ્લેન્ડના ખેલાડીએ લીધી નિવૃત્તિ

(એજન્સી) નવી દિલ્હી તા 23

એક તરફ ઈંગ્લેન્ડની ટીમ ભારત સામે T20 સિરીઝ રમી રહી છે તો બીજી તરફ ઈંગ્લેન્ડના એક ક્રિકેટરે નિવૃત્તિની જાહેરાત કરી છે. જોકે આ ખેલાડીઓ ઈંગ્લેન્ડની ડિસેબલ્ડ ક્રિકેટ ટીમના છે. આ ખેલાડીનું નામ લિયામ થોમસ છે. લિયામ થોમસે તેની 14 વર્ષની લાંબી કારકિર્દી પર બ્રેક લગાવી છે. તેની નિવૃત્તિ બાદ ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે તેને અભિનંદન પાઠવ્યા છે અને અભિનંદન પાઠવ્યા છે. લિયામ થોમસ ખૂબ જ ખાસ ખેલાડી છે, કારણ કે તેનો એક પગ ખૂટી રહ્યો હતો, તેમ છતાં તે શાનદાર ફિલ્ડિંગ કરતો હતો. ઈંગ્લેન્ડના લિયામ થોમસે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પ્રથમ T20 મેચ પહેલા જ નિવૃત્તિની જાહેરાત કરી છે. 14 વર્ષ પછી તેણે આ મોટું પગલું ભર્યું. ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી તેનો એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે શાનદાર રીતે ફિલ્ડિંગ કરતો જોવા મળી રહ્યો છે. મેચ દરમિયાન ફિલ્ડિંગ કરતી વખતે થોમસ મેદાન પર જ પોતાનો કૃત્રિમ પગ ગુમાવી બેઠો હતો.

# 15 વર્ષ પછી શમીએ આ વસ્તુને કર્યો સ્પર્શ

(એજન્સી)નવી દિલ્હી તા 23

સ્ટાર બોલર મોહમ્મદ શમી 14 મહિના પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરી રહ્યો છે. T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેનું 26 મહિના પછી કમબેક થઈ રહ્યું છે. મોહમ્મદ શમી ઈંગ્લેન્ડ સામેની T20 સિરીઝ રમવા માટે તૈયાર છે. લાંબા સમય પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પાછા ફરતા પહેલા, મોહમ્મદ શમી પતંગ ઉડાવતો જોવા મળ્યો હતો. શમીએ કહ્યું કે તેને 15 વર્ષ પછી પતંગ ઉડાડી. બીસીસીઆઈએ પોતાના એક્સ એકાઉન્ટ પર શમીનો પતંગ ઉડાવતો વીડિયો શેર કર્યો છે. આમાં શમી પતંગ ઉડાવવા, ઈજા અને વાપસી



વિશે ઘણી વાતો કરતો જોવા મળે છે.મોહમ્મદ શમી તેની શાર્પ બોલિંગ માટે જાણીતો છે. આ વખતે તેને બોલિંગ છોડી દીધી અને પતંગ ઉડાડતો જોવા મળ્યો. બીસીસીઆઈએ શમીનો વીડિયો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો અને લખ્યું છે કે 'મુશ્કેલ સમય અને લાંબી રાહ જોયા પછી, તે પાછો ફર્યો છે'. વીડિયોની શરૂઆતમાં પતંગો જોવા મળે છે. આ પછી મોહમ્મદ શમી પતંગ ઉડાડતો અને દાંત વડે દોરી કાપતો જોવા મળ્યો. વીડિયોમાં શમી કહી રહ્યો છે કે, 'મેં પતંગ ઉડાડ્યાને ઘણો સમય થઈ ગયો છે.મને પતંગ ઉડાવતા 15 વર્ષ થઈ ગયા છે. કારણ કે હું ઘરેથી નીકળ્યા પછી પતંગ ઉડાડી શકતો ન હતો. આ પછી, મારા હાથમાં ફક્ત બોલ જ આવ્યો. શમીએ આગળ કહ્યું કે પણ તે પતંગ ઉડાડવાનું ખૂબ સારી રીતે જાણે છે. શમીના મતે, પતંગ ઉડાવતી વખતે, ક્રિકેટની જેમ જ સંતુલન જાળવવું પડે છે. શમીએ વધુમાં કહ્યું કે બોલિંગ અને પતંગ ઉડાવવા વચ્ચે સંતુલન જાળવવું મહત્વપૂર્ણ છે. પછી ભલે તે પતંગ હોય, બોલ હોય કે ગાડી ચલાવતા હોય...' કહ્યું કે 'જો તમે ક્રીઝ પર સેટ હશો, તો તમે રન બનાવશો.' જો તમે બોલિંગમાં સેટ થઈ જશો તો તમને વિકેટ મળશે. લય મહત્વપૂર્ણ છે. દરેક વસ્તુનો એક પ્રવાહ હોય છે. ગમે તે હોય, પણ બોલિંગની વાત કરીએ તો, તમારું શરીર, ફિટનેસ, કૌશલ્ય અને માનસિકતા, આ બધી બાબતો ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેવી જ રીતે, પતંગમાં પણ સંતુલન હોય છે.

# લિવરપૂલે સાત મેચમાં સાતમો વિજય મેળવ્યો

(એજન્સી) લંડન તા 23

પોતાના હોમગ્રાઉન્ડમાં લિવરપૂલે ભારે રસાકસી બાદ લિલીને 2-1થી હરાવીને ચેમ્પિયન્સ લીગ ફૂટબોલ ટૂર્નામેન્ટના અંતિમ-16મા પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. બીજી તરફ બાર્સેલોનાએ એક સમયે બે ગોલથી પાછળ રહ્યા બાદ વળતો પ્રહાર કરીને રોમાંચક મુકાબલામાં બેનફિકાને 5-4થી પરાજય આપ્યો હતો. બાર્સેલોનાએ 18 મિનિટમાં ત્રણ ગોલ નોંધાવીને વિજય હાંસલ કર્યો હતો. હાર્વે ઈલિયટના વિજયી ગોલની મદદથી લિવરપૂલે સાત મેચમાં સાતમો વિજય મેળવ્યો હતો. આ પહેલાં મોહમ્મદ સાલાહે લિવરપૂલ માટે 34મી મિનિટે પ્રથમ ગોલ નોંધાવ્યો હતો. જોકે લિલીએ કેનેડાના સ્ટ્રાઈકર જોનાથાન ડેવિડે 62મી મિનિટે નોંધાવેલા ગોલની મદદથી સ્કોર 1-1થી સરભર કર્યો હતો. લિલીને અંતિમ 30 મિનિટ 10 ખેલાડીઓ સાથે રમવાની ફારજ પડી હતી. લિવરપૂલે અંતિમ-16મા સ્થાન મેળવવા માટે આ મેચમાં માત્ર એક પોઈન્ટની જરૂર હતી પરંતુ ટીમે પોતાના વિજયી અભિયાનને જારી રાખ્યું હતું.

## એચ-1બી વિઝાના વિવાદ વચ્ચે રાષ્ટ્રપતિ ટ્રમ્પની મોટી જાહેરાત,, અમારે ટેલેન્ટની જરૂર છે: ટ્રમ્પ

# ભારતીયોને રાહત:એચ-1બી વિઝા બંધ નહીં થાય

(એજન્સી) વૉશિંગ્ટન તા 23

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એચ-1બી વિઝા પર ભારતીયોને મોટી રાહત આપતાં કહ્યું કે વિઝા બંધ નહીં થાય. અમેરિકાને ટેલેન્ટની જરૂર છે. અમારે માત્ર એન્જિનિયર નથી જોઈતા. અન્ય જોબ્સ માટે પણ બેસ્ટ પ્રોફેશનલ્સ જોઈએ છે. જે અમેરિકાને ટ્રેનિંગ પણ આપશે. એચ-1બી પર છેડાયેલા વિવાદ પર પૂછાયેલા સવાલમાં કહ્યું કે હું પક્ષ-વિપક્ષની દલીલો સાથે સંમત છું, પરંતુ હાલમાં અમેરિકાને જે ટેલેન્ટની જરૂર છે તે ફક્ત આ વિઝા પ્રોગ્રામ દ્વારા જ મેળવી શકાય છે. અમેરિકામાં આ હાઈસ્કિલ વિઝા પ્રાપ્ત કરનારાઓમાં ભારતીયો મોખરે છે. 2024માં જારી કુલ 2 લાખ 80 હજાર એચ-1બી વિઝામાંથી લગભગ ભારતીયોને 2 લાખ વિઝા મળ્યા હતા. ગત દિવસોમાં ટ્રમ્પના એઆઈ સલાહકાર શ્રીરામકૃષ્ણનને આ મુદ્દો ઉઠાવ્યો હતો. આવતા મહિને વોશિંગ્ટનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મુલાકાત થઈ શકે છે. એક રિપોર્ટ મુજબ તેને લઈ ભારત અને અમેરિકાના રાજદ્વારીઓએ દ્વિપક્ષી મુલાકાતની તૈયારી તેજ કરી દીધી છે. બેઠકના તબક્કા શરૂ થઈ ગયા છે.

વિવેક રામાસ્વામીએ પણ ભારતીયોને વધુમાં વધુ એચ-1બી વિઝા મળે તેવી સલાહ આપી હતી. કટ્ટરપંથી જૂથ માગા (મેક અમેરિકા ગ્રેટ અગેઈન)એ તેનો વિરોધ કર્યો હતો. પરંતુ ટેસ્લાના સીઈઓ મસ્કે ભારતીયો માટે એચ-1બી વિઝાને ટેકો આપ્યો હતો. ટ્રમ્પે બુધવારથી 1.5 લાખ ડીઈઆઈ કર્મચારીઓને રજા પર મોકલી દીધા છે. તમામ ફેડરલ ડીઈઆઈ ઓફિસો બંધ કરાઈ છે. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિના લેવિટે જણાવ્યું હતું કે 31 જાન્યુઆરી સુધીમાં તમામ વિભાગો પાસેથી ડીઈઆઈનો રિપોર્ટ મેળવાશે. ભરતી હવે ફક્ત યોગ્યતાના આધારે થશે. 18 લાખ ફેડરલ કર્મચારીઓ છે. અમેરિકામાં ડીઈઆઈ (ડાઈવર્સિટી, ઈક્વિટી, ઈન્ક્લુઝન) કાર્યક્રમ હેઠળ અશ્વેત, મહિલાઓ, ટ્રાન્સજેન્ડર અને અન્ય વંચિત વર્ગોને ક્વોટા પર નોકરીઓ આપવામાં આવે છે. એજન્ડામાં વિઝા અને રોકાણ મુખ્ય: ભારત તરફથી એચ-1બી સહિત વર્ક વિઝાનો મુદ્દો એજન્ડામાં પ્રમુખ રહેશે.



### વિદેશમંત્રી જયશંકર અને રુબિયોની બેઠક રોકાણ અને ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ પર ચર્ચા

વિદેશમંત્રી એસ. જયશંકરે અમેરિકી વિદેશમંત્રી માર્કો રુબિયો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી. રુબિયોએ કહ્યું કે અમે ભારત સાથે આર્થિક સંબંધોને વધુ મજબૂત બનાવવાના પક્ષમાં છીએ. તેમણે ભારતમાંથી અમેરિકામાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સની વધતી ઘૂસણખોરીનો મુદ્દો પણ ઉઠાવ્યો. નોંધનીય છે કે પદ સંભાળ્યા પછી વિદેશમંત્રી માર્કો રુબિયોની કોઈ પણ વિદેશમંત્રી સાથેની આ પ્રથમ મુલાકાત હતી. 18 હજાર ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની હકાલપટ્ટી: એક રિપોર્ટ મુજબ અમેરિકામાંથી 18 હજાર ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની હકાલપટ્ટી કરવામાં આવશે.વોશિંગ્ટનમાં આવતા મહિને મોદી-ટ્રમ્પની મુલાકાત સંભવ, તૈયારી તેજ આવતા મહિને વોશિંગ્ટનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મુલાકાત થઈ શકે છે. એક રિપોર્ટ મુજબ તેને લઈ ભારત અને અમેરિકાના રાજદ્વારીઓએ દ્વિપક્ષી મુલાકાતની તૈયારી તેજ કરી દીધી છે. બેઠકના તબક્કા શરૂ થઈ ગયા છે.

## હિઝબુલ્લાહના ટોપ લીડર શેખ મોહમ્મદ અલી હમાદી.

# લેબનનમાં હિઝબુલ્લાહના ટોપ લીડર હમાદીની હત્યા હુમલાખોરોએ ઘરની બહાર ગોળી મારી ઢાળી દીધો

(એજન્સી) બેરૂત તા 23

લેબનનમાં હિઝબુલ્લાહના ટોપ લીડર શેખ મુહમ્મદ અલી હમાદીની મંગળવારે હત્યા કરવામાં આવી હતી. ધ જેરુસલેમ પોસ્ટના અહેવાલ મુજબ, તે બેકા વેલીમાં તેના ઘરની બહાર ઊભા હતા ત્યારે બે ગાડીમાં આવેલા આતંકવાદીઓએ તેના પર હુમલો કર્યો હતો.

આ હુમલામાં હમાદીને ઘણી ગોળી વાગી હતી. આ પછી તેને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, પરંતુ તેનો જીવ બચી શક્યો નહીં. ફાયરિંગ કર્યા પછી અજાણ્યા હુમલાખોરો ભાગી ગયા હતા, સ્થાનિક વહીવટીતંત્ર ઘટનાની તપાસ કરી રહ્યું છે.

હમાદીની હત્યા પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. તેમજ હજુ સુધી કોઈએ તેની જવાબદારી લીધી નથી. લેબનીઝ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ હત્યા રાજકીય નથી, પરંતુ ચાર વર્ષ જૂનો પારિવારિક વિવાદ તેનું કારણ હોઈ શકે છે. તેમજ, કેટલાક અહેવાલોમાં આ હત્યા પાછળ ઈઝરાયલનો હાથ હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે.



### હમાદી FBI ની વૉન્ટેડ લિસ્ટમાં હતો

FBI ઘણા સમયથી હમાદીને શોધી રહી હતી. તે 1985માં પશ્ચિમ જર્મનીના વિમાનને હાઈજેક કરવા મામલે વૉન્ટેડ હતો. 13 ઓક્ટોબર, 1985ના રોજ પેલેસ્ટાઈન લિબરેશન આર્મી (PLA)ના ચાર આતંકવાદીઓએ પશ્ચિમ જર્મનીથી ઉડતી અમેરિકન 'TWA ફ્લાઈટ 847'નું હાઈજેક કર્યું હતું. આ વિમાનમાં 148 મુસાફરો અને ક્રૂ મેમ્બર હતા. TWA ફ્લાઈટ 847ના હાઈજેક પછી પ્લેનના ગેટ પર ઉભેલો આતંકવાદી.

### સીઝફાયર ડીલ પૂરી થાય તે પહેલા હત્યા થઈ

હમાદીની હત્યા બાદ લેબનીઝ સુરક્ષા દળોએ તેની તપાસ શરૂ કરી છે. તેમજ, હિઝબુલ્લાએ હજી સુધી હત્યા વિશે કોઈ સત્તાવાર નિવેદન જાહેર કર્યુ નથી. આ હત્યા એવા સમયે થઈ છે જ્યારે હિઝબુલ્લાહ અને ઈઝરાયલ વચ્ચે લેબનોનમાં સીઝફાયર પુર્ણ થવા જઈ રહ્યું છે. 27 નવેમ્બરના રોજ ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે 60 દિવસના સીઝફાયર ડીલ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ડીલ 25 જાન્યુઆરી, 2025ના રોજ પુરી થાય છે. આ સીઝફાયરને લંબાવવા માટે વાતચીત ચાલી રહી છે.

**TWA ફ્લાઈટ 847ના હાઈજેક પછી પ્લેનના ગેટ પર ઉભેલો આતંકવાદી.**

આ પ્લેનને ગ્રીસમાં હાઈજેક કરવામાં આવ્યું હતું અને પછી લેબેનનના બેરૂતમાં લેન્ડ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન આતંકીઓએ અમેરિકા અને અન્ય દેશોના નાગરિકોને બંધક બનાવી લીધા હતા. તેઓ ઈઝરાયલની કેદમાંથી પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરવાની માંગ કરી રહ્યા હતા. આ દરમિયાન આતંકીઓએ યુએસ નેવી ઓફિસરની હત્યા કરી હતી અને તેને પ્લેનમાંથી નીચે ફેંકી દીધો હતો. તેને વિશ્વનું સૌથી લાંબુ એરક્રાફ્ટ હાઈજેક માનવામાં આવે છે. આ 17 દિવસ સુધી ચાલ્યું હતું.

## તેમના પર હત્યા, બળાત્કાર, અપહરણનો આરોપ

# ટ્રમ્પ સરકારના પ્રથમ દિવસે 308 ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની ધરપકડ



(એજન્સી) વોશિંગ્ટન તા 23

અમેરિકામાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કાર્યભાર સંભાળ્યાના પ્રથમ દિવસે (મંગળવારે) ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) એ 308 ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરી છે. ધ ન્યૂયોર્ક પોસ્ટ અનુસાર, બોર્ડર સિક્યુરિટી ઓફિસર ટોમ હોમને આ વાતનો ખુલાસો કર્યો છે. દેશના દરેક ભાગમાંથી આ ધરપકડો કરવામાં આવી છે. આમાંના મોટાભાગના ગેરકાયદેસર વસાહતીઓ ગુનેગારો છે. તેમાંથી કેટલાક પર અપહરણ, હત્યા અને બળાત્કારનો આરોપ છે. હોમને બુધવારે જણાવ્યું હતું કે ઈમિગ્રેશન અધિકારીઓએ દેશ માટે જોખમ ઊભું કરનારા ગેરકાયદે ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરવાનું શરૂ કરી દીધું છે. તેમની વસ્તી 7 લાખથી વધુ છે.પ્રમુખપદની ચૂંટણી જીત્યાના થોડા જ દિવસો બાદ, ટ્રમ્પે ભૂતપૂર્વ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)ના વડા ટોમ હોમનને 'બોર્ડર ઝાર' તરીકે નિયુક્ત કર્યા. હોમને ગયા અઠવાડિયે જાહેરાત કરી હતી કે ટ્રમ્પના ઉદ્ઘાટનના બીજા દિવસે તેઓ બિનદસ્તાવેજીકૃત ઈમિગ્રન્ટ્સની દેશવ્યાપી શોધ અને ધરપકડ શરૂ કરશે. પ્યુ રિસર્ચ સેન્ટરના જણાવ્યા અનુસાર, વિશ્વમાં સૌથી વધુ ઈમિગ્રન્ટ્સ અમેરિકામાં છે. વિશ્વના કુલ 20% ઈમિગ્રન્ટ્સ માત્ર અમેરિકામાં જ રહે છે. 2023 સુધીમાં અહીં વસતા કુલ ઈમિગ્રન્ટ્સની સંખ્યા 4.78 કરોડ હતી. ટ્રમ્પનું માનવું છે કે અન્ય દેશોના લોકો અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ કરીને અપરાધ કરે છે.સોમવારે શપથ લીધા બાદ ટ્રમ્પે અનેક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા હતા. જેમાં ગેરકાયદેસર વસાહતીઓનો પ્રવેશ રોકવા અને સરહદ પર સુરક્ષા કડક કરવા જેવા આદેશો હતા.

# અમેરિકાની શાળામાં ગોળીબાર, 2ના મોત: નેશવિલેમાં એક સ્ટુડન્ટે અન્ય વિદ્યાર્થી પર ફાયરિંગ

(એજન્સી) અમેરિકા તા 23

અમેરિકાના ટેનેસી રાજ્યના નેશવિલેમાં એક શાળામાં ગોળીબાર થયો છે. ગોળીબારમાં હુમલો કરનાર વિદ્યાર્થી સહિત બે લોકોના મોત થયા હતા. મેટ્રો નેશવિલે પોલીસ વિભાગે જણાવ્યું હતું કે ગોળીબાર અંગેનો પહેલો કોલ બુધવારે સવારે 11:09 વાગ્યે 911 ઈમરજન્સી નંબર પર આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે ગોળીબાર કરનારે એક વિદ્યાર્થીની હત્યા કરી અને પછી આત્મહત્યા કરી હતી. આ દુર્ઘટનામાં અન્ય એક વિદ્યાર્થીને સામાન્ય ઈજા થઈ હતી. શાળાના કાફેટેરિયામાં ગોળીબાર

નેશવિલે પોલીસે સોશિયલ મીડિયા પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે એન્ટિઓક હાઈસ્કૂલના કાફેટેરિયામાં 17 વર્ષના વિદ્યાર્થીએ પિસ્તોલથી અનેક ગોળીબાર કર્યા હતા. 16 વર્ષની વિદ્યાર્થીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. બીજા 17 વર્ષના છોકરાને હાથમાં ગોળી વાગી હતી અને તે ઘાયલ થયો હતો. ફાયરિંગની ઘટનાને કારણે વિદ્યાર્થીઓમાં ગભરાટ મેટ્રો સ્કૂલ્સે X પર એક નિવેદન બહાર પાડીને કહ્યું કે એન્ટિઓક હાઈસ્કૂલ બિલ્ડિંગની અંદર ગોળીબાર થયો હતો અને સ્કૂલને બંધ કરી દેવાઈ હતી. મેટ્રો પોલીસ ઘટનાસ્થળે હાજર છે. ગોળીબાર માટે જવાબદાર વ્યક્તિથી હવે કોઈ ખતરો નથી. અમે વિદ્યાર્થીઓને ઓડિટોરિયમમાં ભેગા કરીશું. તમને જણાવી દઈએ કે આ શાળામાં લગભગ 2,000 વિદ્યાર્થીઓ છે અને તે નેશવિલે શહેરના દક્ષિણ પૂર્વમાં લગભગ 16 કિમી એન્ટિઓકમાં સ્થિત છે.

અગાઉ નેશવિલેમાં, પોલીસ પ્રવક્તા ડોન એરોને એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે પોલીસ SWAT ટીમે બિલ્ડિંગને ખાલી કરાવી દીધી છે. મેટ્રો નેશવિલે પબ્લિક સ્કૂલ્સે જાહેરાત કરી છે કે તે વિદ્યાર્થીઓ માટે જણાવ્યું હતું કે 'એન્ટિઓક પરિવાર, MNPS સામાજિક કાર્યકરો અને માર્ગદર્શન સલાહકારો તમને અને તમારા વિદ્યાર્થીને સહાય પૂરી પાડવા માટે ઉપલબ્ધ રહેશે'. એન્ટિઓક હાઈસ્કૂલની વેબસાઈટ અનુસાર, અહીં 9-12 ધોરણ સુધીના લગભગ 2,000 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સીએનએન અનુસાર, આ શાળા શહેરથી લગભગ 10 માઈલ દક્ષિણપૂર્વમાં નેશવિલેના એન્ટિઓક વિસ્તારમાં આવેલી છે. એરોને જણાવ્યું હતું.

## પંજાબ વિધાનસભામાં બિલ પાસ:, 20 લાખના દંડની પણ જોગવાઈ; દોરીથી ગળું કપાવાને કારણે 11ના મોત થયા હતા

# પાકિસ્તાનમાં પતંગ ચગાવ્યો તો 5 વર્ષની જેલ

(એજન્સી) ઇસ્લામાબાદ તા 23

પાકિસ્તાનમાં વસંત ઉત્સવ દરમિયાન લોકો મોટી સંખ્યામાં પતંગ ચગાવે છે. જો કે, ધારદાર દોરીના કારણે અકસ્માતો થાય છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં મંગળવારે પતંગ ઉડાડવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ન્યૂઝ એજન્સી APના જણાવ્યા મુજબ, પંજાબ વિધાનસભાએ પણ આ અંગે એક બિલ પસાર કર્યું છે. જો પતંગ ચગાવતા પકડાય તો 3 થી 5 વર્ષની જેલ અથવા 20 લાખ પાકિસ્તાની રૂપિયા (6 લાખ ભારતીય રૂપિયા)નો દંડ અથવા બંને થઈ શકે છે. દંડ ન ભરવા પર એક વર્ષની વધારાની જેલ થઈ શકે છે. આ બિલમાં પતંગ બનાવનારા અને તેનું વેચાણ કરનારાઓ માટે કડક સજાની પણ જાહેરાત કરવામાં આવી છે. તેમને 5 થી 7 વર્ષની જેલ અથવા 50 લાખ રૂપિયાનો દંડ અથવા બંને થઈ શકે છે. દંડ ન ભરવામાં આવે તો 2 વર્ષની વધારાની જેલની સજા થઈ શકે છે. આ કાયદામાં સગીરો માટે સજાની અલગ જોગવાઈ છે. સગીરોને પ્રથમ ગુના માટે 50,000 રૂપિયા અને બીજા ગુના માટે 1 લાખ રૂપિયાનો દંડ કરવામાં આવશે. જો ત્રીજી વખત ગુનો કરવામાં આવશે તો જુવેનાઈલ જસ્ટિસ એક્ટ 2018 હેઠળ સજા આપવામાં આવશે.રિપોર્ટ અનુસાર આટલી આકરી સજા અને દંડની જોગવાઈ લોકોમાં ભય પેદા કરવા માટે કરવામાં આવી છે. આ કાયદો તમામ પ્રકારના દોરાથી બનેલા પતંગોને લાગુ પડે છે. ગયા વર્ષે ઓગસ્ટમાં પંજાબ સરકારે પતંગ બનાવવા, ચગાવવા અને વેચવાને બિનજામીનપાત્ર ગુનો જાહેર કર્યો હતો. 2022માં રાવલપિંડીમાં વસંત ઉત્સવ દરમિયાન પોલીસ દ્વારા પતંગ ચગાવનારાઓની



ધરપકડ કરવામાં આવી હતી. લાહોર સિવાયના અન્ય શહેરોને પણ પ્રતિબંધો લાગુ પડશેબિલમાં કહેવામાં આવ્યું છે કે પતંગ ચગાવતી વખતે ધારદાર દોરીના ઉપયોગને કારણે અનેક જીવલેણ અકસ્માતો થાય છે. લાહોર સિવાય અન્ય શહેરોમાં પણ આ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે. વસંત ઉત્સવ પહેલા સમગ્ર રાજ્યમાં આ કાયદો લાગુ કરવામાં આવશે. ગયા વર્ષે માર્ચમાં, ફૈસલાબાદમાં એક મોટરસાઈકલ સવારનું કાપવાથી મૃત્યુ થયું હતું. પતંગ ચગાવવા પર સૌપ્રથમ 2005માં પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

# 21 તોપોની સલામીનો ટ્રેન્ડ ક્યારે શરૂ થયો હતો...?

(એજન્સી) અમેરિકા તા 23

21 તોપોની સલામી એ રાષ્ટ્રના વડા કે અન્ય મહત્વપૂર્ણ વ્યક્તિને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે. આ પરંપરા બ્રિટિશ સામ્રાજ્યમાં શરૂ થઈ હતી અને ભારતમાં 1947માં પંડિત નેહરુને પ્રથમવાર આપવામાં આવી હતી. ડોનાલ્ડ ટ્રમ્પને પણ તેના સપથ સમયે 21 તોપોની સલામી આઆપવામાં આવી હતી. 21 તોપોની સલામી શું છે? : 21 તોપોની સલામી એ રાજ્યના વડા, રાજા અથવા અન્ય ઉચ્ચ કક્ષાના વ્યક્તિને આપવામાં આવતો વિશેષ સન્માન છે. તે એક ઔપચારિક લશ્કરી પરંપરા છે જેમાં ચોક્કસ સંખ્યામાં તોપના ગોળીબાર કરવામાં આવે છે. આ સન્માન ખાસ કરીને સ્વતંત્રતા દિવસ, પ્રજાસત્તાક દિવસ અથવા કોઈપણ મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પ્રસંગે આપવામાં આવે છે. ફક્ત 21 તોપોની સલામી જ કેમ આપવામાં આવે છે? તેવો પણ પ્રશ્ન તમને થતો હશે તો તમને જણાવી દઈએ કે, 21 તોપોની સલામીને સર્વોચ્ચ સન્માન માનવામાં આવે છે. '21' સંખ્યાનું વિશેષ મહત્વ છે કારણ કે, આ સન્માનની સર્વોચ્ચ પરંપરાને પ્રતિબિંબિત કરે છે. પ્રાચીન સમયમાં તોપોની સંખ્યા સમ અથવા વિષમ રાખવામાં આવતી હતી. વિષમ સંખ્યાઓને શુભતા અને પૂર્ણતાનું પ્રતીક માનવામાં આવતું હતું. 21 નંબર 'સૌથી વધુ માન્યતા' નું એક પ્રકારનું પ્રતીક બની ગયું.21 તોપોની સલામીનો આ ટ્રેન્ડ બ્રિટિશ સામ્રાજ્યમાં શરૂ થયો હતો. 17 મી સદીમાં, જહાજો અને કિલ્લાઓમાં તોપો દ્વારા સન્માન આપવાની પ્રથા શરૂ થઈ. શરૂઆતમાં, ઓછા શક્તિશાળી જહાજોમાં 7 તોપોનો ઉપયોગ થતો હતો, અને જમીન પરના કિલ્લાઓ વધુ શક્તિશાળી હતા, તેથી તેઓએ 3 ગણી સલામી આપી, એટલે કે 21 તોપોની સલામી આપવામાં આવી. 18 મી સદીમાં બ્રિટિશ સામ્રાજ્યએ 21 તોપોની સલામીને સર્વોચ્ચ આંતરરાષ્ટ્રીય સન્માન તરીકે સ્થાપિત કરી.ભારતમાં સૌપ્રથમ કોને 21 તોપોની સલામી આપવામાં આવી હતી? તેની વાત કરી તો ભારતમાં 21 તોપોની સલામીનો પ્રથમ સત્તાવાર ઉપયોગ 15 ઓગસ્ટ 1947 ના હતી.આ સલામી પહેલી વાર ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુને દિલ્હીના લાલ કિલ્લા પર આપવામાં આવી હતી. ત્યારથી દરેક સ્વતંત્રતા દિવસ અને પ્રજાસત્તાક દિવસે આ પરંપરા ચાલુ રાખવામાં આવી છે.

# અમેરિકામાં બરફના વાવાઝોડાના કારણે 10ના મોત:2100થી વધુ ફ્લાઈટ્સ કેન્સલ

(એજન્સી) વોશિંગ્ટન તા 23

અમેરિકામાં મિસિસિપી, અલબામા, ફ્લોરિડા, જ્યોર્જિયા અને લુઈસિયાના સહિત ઘણા રાજ્યોમાં હિમવર્ષાના કારણે ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. અમેરિકાના દક્ષિણના ઘણા રાજ્યોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, બરફના વાવાઝોડાને કારણે અત્યાર સુધીમાં લગભગ 10 લોકોના મોત થયા છે, જ્યારે 2100થી વધુ ફ્લાઈટ્સ કેન્સલ કરવામાં આવી છે. મિસિસિપી, અલાબામા, ફ્લોરિડા, જ્યોર્જિયા અને લુઈસિયાના સહિત ઘણા રાજ્યોએ ઈમરજન્સી જાહેર કરી છે. ઘણા વિસ્તારોમાં રેકોર્ડ હિમવર્ષાના કારણે સ્કૂલો અને સરકારી ઓફિસો બંધ કરી દેવામાં આવી છે. આ પહેલા અમેરિકાની નેશનલ વેધર સર્વિસ (NSW)એ ચેતવણી આપી હતી કે બરફના વાવાઝોડાના કારણે અમેરિકાના દક્ષિણ-પૂર્વીય રાજ્યોમાં ભારે હિમવર્ષા, કરા સાથે વરસાદ થઈ શકે છે.રસ્તાઓ બંધ થવાને કારણે અમેરિકાના ટેક્સાસથી ફ્લોરિડા સુધીનું જનજીવન થંભી ગયું છે. એવો અંદાજ છે કે હિમવર્ષા બંધ થયા પછી પણ રસ્તાઓ ખોલવામાં અને હવાઈ સેવાઓ શરૂ થવામાં ઘણા દિવસો લાગશે. રિપોર્ટ મુજબ, ટેક્સાસમાં એક હાઈવે પર હિમવર્ષાને કારણે થયેલા અકસ્માતમાં 5 લોકોના મોત થયા છે. અલબામામાં પણ વાવાઝોડાના કારણે બે લોકોના મોત થયા છે. જ્યારે જ્યોર્જિયામાં, એક વ્યક્તિનું હાયપોથર્મિયાથી મૃત્યુ થયું હતું.અમેરિકાના ઘણા રાજ્યો હાલમાં તીવ્ર ઠંડા પવનો સામે ઝઝૂમી રહ્યા છે. તેનું મુખ્ય કારણ પોલર વૉર્ટેક્સ (ધ્રુવીય વમળ) હોવાનું માનવામાં આવે છે. પોલર વૉર્ટેક્સમાં પવન ઘડિયાળની વિરુદ્ધ દિશામાં વહે છે. ભૌગોલિક બંધારણને કારણે, પોલર વૉર્ટેક્સ સામાન્ય રીતે ઉત્તર ધ્રુવની આસપાસ ફરે છે, પરંતુ જ્યારે તે દક્ષિણ તરફ જાય છે, ત્યારે તે અમેરિકા, યુરોપ અને એશિયામાં તીવ્ર ઠંડી લાવે છે.પોલર વૉર્ટેક્સ ચાલુ હોય ત્યારે ઘરની બહાર નીકળવું અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. આ સમયે શિયાળાની કીટ વગર બહાર જવાથી 5 થી 7 મિનિટમાં હાર્ટ એટેક આવી શકે છે. વર્જીનિયામાં 3 કરોડ લોકોને બરફના વાવાઝોડાની ચેતવણી આપવામાં આવી છે. મંગળવારની રાત સુધીમાં, લુઈસિયાનાના ઘણા વિસ્તારોમાં 10 ઈંચ સુધી હિમવર્ષા થઈ હતી, જ્યારે મિસિસિપી અને અલબામાના કેટલાક વિસ્તારોમાં 4 ઈંચથી વધુ હિમવર્ષા થઈ હતી.આ સિવાય ત્વચા જામી શકે છે. આવા હવામાનમાં કાર પણ સ્ટાર્ટ થતી નથી. ધ્રુવીય પવનો ફૂંકાતા હોય ત્યારે આને ટાળવાનો એકમાત્ર રસ્તો એ છે કે ઘરની અંદર રહેવું.

સિટી એક્સપ્રેસ
FRIDAY 24 JANUARY-2025
AHMEDABAD

## આ વર્ષે 14.28 લાખ વિદ્યાર્થીઓ આપશે બોર્ડની પરીક્ષા

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) દ્વારા આગામી ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં ધોરણ-10 અને ધોરણ-12ની બોર્ડની પરીક્ષા યોજાવા જઈ રહી છે. જેને લઈને શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. જે અંતર્ગત કુલ 14.28 લાખ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપવાના છે. બોર્ડની પરીક્ષા માટે નોંધાયેલા વિદ્યાર્થીઓની વિગતો જોઈએ તો ધોરણ-10 (SSC)માં 7,62,495 નિયમિત વિદ્યાર્થીઓ તેમજ 82,132 રીપિટર વિદ્યાર્થીઓ નોંધાયા છે.

## નર્મદા કેનાલમાં ડૂબતા દંપતી માટે પોલીસ બની દેવદૂત

છોટાઉદેપુર: છોટાઉદેપુરમાં દારૂબંધી અટકાવવાની કામગીરી કરવા માટે નીકળેલી પોલીસે નર્મદા કેનાલમાં દંપતીને બચાવ્યું હતું અને તેમનું કાઉન્સેલિંગ કરીને પરિવારને હવાલે કર્યો હતો. પોલીસે પોતાના જાનની પરવાહ કર્યા વિના કેનાલમાં છલાંગ લગાવી દીધી હતી.છોટાઉદેપુર પોલીસ દારૂબંધી અંગેની કામગીરી અર્થે સિંદૂરી વસાહત સીમકલરિયા માઈનોર ફાટક પાસેથી નર્મદા કેનાલ પાસેથી પસાર થઈ રહ્યા હતા, તે દરમિયાન નર્મદા કેનાલમાં પતિ પત્ની ડૂબતા હતા અને બંનેની બચાવો બચાવોની સાંભળતા એક પણ ક્ષણ કે પોતાના જીવની દરકાર કર્યા વિના પોલીસે કેનાલમાં છલંગ મારી હતી.



## રસપ્રદ ચુકાદો!

### પતિ-સંતાનોથી અલગ થઈને બિન્દાસ જીવતી પત્નીને કોર્ટે કર્યો ભરણપોષણનો હુકમ



**કોર્ટ દ્વારા મહિલા હેડ કોન્સ્ટેબલને બાળકોના ભરણ માટે આપ્યો હુકમ**

દાહોદ | દાહોદ જિલ્લામાં મહિલા પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે ફરત બજાવતી મહિલાએ વ્યાજબી કારણ વિના પતિ તથા બે બાળકોનો ત્યાગ કરી મનસ્વી રીતે એકલવાયુ જીવન ગુજારતી હતી. જેથી બાળકોની ભરણ પોષણની જવાબદારી તેની માતાની થતી હોઈ મહિલાના પતિએ આ મામલે લીમખેડા કોર્ટમાં ભરણ પોષણની અરજી કરી હતી. જેના આધારે કોર્ટ મહિલા કોન્સ્ટેબલને બે બાળકોને ભરણ પોષણ માટે 7 હજાર આપવાનો ચુકાદો આપ્યો છે. દાહોદ જિલ્લાના તોયણી ગામના જયેશભાઈ પટેલના લગ્ન પંચેલાની ઉર્વશી પટેલ સાથે 19 વર્ષ અગાઉ થયા હતા. બન્નેને વસ્તારમાં બે બાળકો મોટો પુત્ર ભાગ્યેશ અને નાનો પુત્ર પ્રિન્સ છે. આ કેસ ચાલી જતાં લીમખેડા ફેમીલી કોર્ટના જજ એમ.એસ સોનીએ હાલમાં દાહોદ મહિલા પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજાધિન ઉર્વશિબેનને બે સગીર બાળકોના ભરણ પોષણ પેટે 3500-3500 મળી એક કુલ 7000 દર મહિને ચુકવવાનો ચુકાદો આપ્યો છે.

**ખ્યાતિ હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં...** વધુ એકને ભરખી ગઈ!, સ્ટેન્ટ મૂક્યા બાદ દર્દીનું મોત

# એન્જિયોપ્લાસ્ટી બાદ 72 વર્ષીય દર્દીનું મોત

(એજન્સી) અમદાવાદ | તા.23

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી છે. મહેસાણા જિલ્લાના બોરીસણા ગામના એક દર્દીની ખ્યાતિ હોસ્પિટલમાં એન્જિયોપ્લાસ્ટી કરાવ્યાના થોડા જ કલાક બાદ તેઓની સતત તબિયત ખરાબ હતી અને ગુરૂવારે રાત્રે 12:30 વાગ્યાની આસપાસ તેઓનું મોત નિપજ્યું હતું. 72 વર્ષના કાંતિ પટેલ નામના દર્દીનું એન્જિયોપ્લાસ્ટી બાદ મોત થવાથી ફરી એકવાર હોસ્પિટલ પર અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. સ્ટેન્ટ મૂક્યા બાદ 70 વર્ષના સેનમ નાગરભાઈ મોતીભાઈ અને 50 વર્ષના બારોટ મહેશભાઈ ગિરધરભાઈ નામના દર્દીનું મોત નિપજ્યુ હતું. જેના કારણે પરિવારજનોએ હોબાળો કરતાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો.






### શું હતી સમગ્ર ઘટના?

● મહેસાણા જિલ્લાના કડી તાલુકાના બોરીસણા ગામમાં ખ્યાતિ હોસ્પિટલ દ્વારા મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો હતો. બાદમાં 19 લોકોને અમદાવાદ ખાતે ખ્યાતિ હોસ્પિટલમાં લાવી એન્જિયોગ્રાફી અને એન્જિયોપ્લાસ્ટી કરવામાં હતી. તે સમયે પણ ત્રણ લોકોના મોત નિપજ્યા હતાં. ત્યારબાદ હવે વધુ એક 72 વર્ષીય દર્દીનું મોત નિપજ્યું છે. પરિવારજનોનો આક્ષેપ છે કે, ખ્યાતિ હોસ્પિટલમાં એન્જિયોપ્લાસ્ટી કરાવ્યા બાદથી સતત તેમની તબિયત લથડી રહી હતી. એન્જિયોપ્લાસ્ટી બાદથી તેઓને બીપી અને શ્વાસની સમસ્યાઓમાં વધારો થયો હતો. બાદમાં તેઓને કડીની હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. હાલ પરિવારજનોએ ખ્યાતિ હોસ્પિટલ સામે રોષ વ્યક્ત કરી ન્યાયની માંગ કરી છે. મૃતક કાંતિ પટેલના પૌત્ર અરૂણ પટેલનું કહેવું છે કે, 'કેમ્પ બાદ ખ્યાતિ હોસ્પિટલમાં એન્જિયોપ્લાસ્ટી કરાવવામાં આવી હતી, ત્યાર બાદથી તેમની તબિયત ખરાબ હતી. આ મુદ્દે અમે પહેલાંથી જ ખ્યાતિ હોસ્પિટલ પર કેસ કરી ચુક્યા છે. હવે આ મામલે અમે દાદાની મોત બાદ ન્યાયની માંગ કરી રહ્યા છીએ.'

કડીમાં બોરીસણા ગામે ખ્યાતિ હોસ્પિટલ દ્વારા ફ્રી કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાંથી 19 દર્દીને ખ્યાતિ હોસ્પિટલમાં સારવાર માટે બોલાવાયા હતા. અહીં તમામ દર્દીઓની તેમને પૂછ્યા વિના જ એન્જિયોપ્લાસ્ટી કરીને સ્ટેન્ટ મૂકી દેવાયા હતા. સ્ટેન્ટ મૂક્યા બાદ 70 વર્ષના સેનમ નાગરભાઈ મોતીભાઈ અને 50 વર્ષના બારોટ મહેશભાઈ ગિરધરભાઈ નામના દર્દીનું મોત નિપજ્યુ હતું. જેના કારણે પરિવારજનોએ હોબાળો કરતાં સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. પરિવારે હોસ્પિટલમાં સામે વિરોધ કરી આરોપ લગાવ્યો હતો કે, હોસ્પિટલે આયુષ્માન કાર્ડનો દુરૂપયોગ કરી પૈસા પડાવવા માટે અમારી જાણ બહાર દર્દીને સ્ટેન્ટ મૂકી દીધું હતું. જેના કારણે બે દર્દીના મોત થયા છે. હવે અન્ય એક દર્દીનું મોત નિપજ્યું છે.

**નલિયા સામૂહિક દુષ્કર્મ કેસ** ભુજ સેશન્સ કોર્ટનો ચુકાદો

# તમામ 8 આરોપી નિર્દોષ જાહેર

(એજન્સી) કચ્છ | તા.23

નલિયા સામૂહિક દુષ્કર્મકાંડના તમામ 8 આરોપી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. 2017ના ચકચારી કેસમાં ભુજ સેશન્સ કૉર્ટનો ચુકાદો. ભાજપના નેતાઓને સાંકળતા ચકચારી કેસમાં આપ્યો કૉર્ટે ચુકાદો. ટ્રાયલ માટે રાજ્ય સરકારે ખાસ સરકારી વકીલની પણ નિમણૂક કરેલી. મહત્વની સાક્ષી એવી ફરિયાદી યુવતી જ પાછળથી હોસ્ટાઈલ થઈ હતી. કચ્છના નલિયા સામુહિક દુષ્કર્મ કેસમાં કોર્ટે એક મહત્વપૂર્ણ ચૂકાદો આપ્યો છે. નલિયા સામુહિક દુષ્કર્મ કેસમાં 8 આરોપી નિર્દોષ જાહેર કરાયા છે. જી હા...2017માં સામુહિક દુષ્કર્મ કેસમાં ભાજપના નેતાઓને સાંકળતા ચકચારી કેસમાં ભુજ સેશન્સ કૉર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. આ કેસમાં રાજ્ય સરકારે ખાસ સરકારી વકીલની પણ નિમણૂંક કરી હતી. પરંતુ ફરિયાદી યુવતી જ પાછળથી હોસ્ટાઈલ થઈ હતી. જેના કારણે આરોપીઓ નિર્દોષ છૂટ્યા છે.વર્ષ 2017ના જાન્યુઆરી મહિનામાં નલિયા સામૂહિક દુષ્કર્મ કાંડની ઘટનાએ માત્ર કચ્છ જ નહીં સમગ્ર દેશભરમાં ખળભળાટ મચાવ્યો હતો. આ દુષ્કર્મની ચકચારી ઘટનામાં ભાજપના મોટા માથાઓ શામેલ હોવાનું સામે આવ્યું હતું. જેમાં અબડાસા- નલિયામાં કામ કરતી અને મૂળ મુંબઈની પીડિતાએ 2017ના જાન્યુઆરીમાં નલિયા પોલીસ મથકે ભાજપના અમુક નેતાઓ સહિત 10 આરોપી સામે ફરિયાદ નોંધાવતા ગુજરાતમાં ચકચાર મચી ગઈ હતી. પોલીસે 9 આરોપીની ધરપકડ કરીને જેલ હવાલે કર્યા હતા.



2017માં સામુહિક દુષ્કર્મ કેસમાં ભાજપના નેતાઓને સાંકળતા ચકચારી કેસમાં ભુજ સેશન્સ કૉર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. આ કેસમાં રાજ્ય સરકારે ખાસ સરકારી વકીલની પણ નિમણૂંક કરી હતી. પરંતુ ફરિયાદી યુવતી જ પાછળથી હોસ્ટાઈલ થઈ હતી. જેના કારણે આરોપીઓ નિર્દોષ છૂટ્યા છે. વર્ષ 2017ના જાન્યુઆરી મહિનામાં નલિયા સામૂહિક દુષ્કર્મ કાંડની ઘટનાએ માત્ર કચ્છ જ નહીં સમગ્ર દેશભરમાં ખળભળાટ મચાવ્યો હતો.

## BZ કૌભાંડ કેસમાં એજન્ટ શિક્ષકની CIDએ કરી ધરપકડ, રૂ.1 કરોડથી વધુનું કમિશન મેળવ્યું

(એજન્સી) અમદાવાદ | તા.23

BZ પોન્ઝી સ્કીમ કૌભાંડ મામલે CID ક્રાઈમે સીઈઓ ભુપેન્દ્રસિંહ ઝાલાની ધરપકડ થઈ હતી. હવે આ કેસમાં મેઘરજના ભેમાપુર પ્રાથમિક શાળાના શિક્ષક વી.ડી. પટેલને સીઆઈડી કાઈમ તપાસ માટે શાળામાંથી ઉઠાવીને ગાંધીનગર પૂછપરછ માટે લઈ ગઈ હતી. તેની પૂછપરછ દરમિયાન મોટા ઘટસ્ફોટ થયા છે. આ એજન્ટ શિક્ષકે આ કૌભાંડમાં 1300 લોકો પાસેથી 70 કરોડ રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું અને તેણે 1 કરોડ રૂપિયાથી વધુનું કમિશન મેળવ્યું હતું. હાલ પોલીસે શિક્ષકની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથી ધરી છે.દાવો કર્યો છે.




### શિક્ષકને મોંઘીદાટ કાર ગીફ્ટમાં મળી હતી

બીઝેડ ગ્રૂપના સીઆઈડી દ્વારા નનામી અરજીના આધારે ગુનો નોંધી 6 હજાર કરોડ રૂપિયાનું કૌભાંડ આચરનાર બીઝેડ ગ્રુપના સીઈઓ સહિત 7 આરોપીઓને જેલ હવાલે કર્યા છે. આ કૌભાંડ હજુ વધુ તપાસને લઈ સીઆઈડી ટીમે બુધવારે (22મી જાન્યુઆરી) મેઘરજની ભેમાપુર પ્રાથમિક શાળાના શિક્ષક વી.ડી.પટેલને ચાલુ શાળાએથી ઊઠાવી લીધો હતો. પૂછપરછમાં આ એજન્ટ શિક્ષકે આ કૌભાંડમાં 1300 લોકો પાસેથી 70 કરોડ રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું અને તેણે 1 કરોડ રૂપિયાથી વધુનું કમિશન મેળવ્યું હતું.

## પ્રજાસત્તાક દિવસની પરેડ માટે ગુજરાતમાંથી 150થી વધુ વ્યક્તિઓને આમંત્રણ

અમદાવાદ : ભારત આ વર્ષે તેનો 76મો પ્રજાસત્તાક દિવસ ઉજવશે. ત્યારે તેની ઉજવણીને ભવ્ય બનાવવા માટે સરકાર પ્રયત્નરત છે. આ ઉજવણીને સામન્ય લોકો સુધી પંહોચડવા માટે સરકારે આ વર્ષે દેશભરમાંથી વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓને રાષ્ટ્ર અને સમાજ નિર્માણમાં તેમના યોગદાનને માન આપવા માટે નવી દિલ્લીનાં કર્તવ્ય પથ ખાતે પ્રજાસત્તાક દિવસ પરેડ 2025 જોવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. આ મહેમાનો પોતપોતાના ક્ષેત્રોમાં સિદ્ધિ મેળવનારા અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા છે અને સ્વર્ણિમ ભારતનાં શિલ્પી છે. આ મહેમાનો પોતાની સાથે પરિવારનાં એક સભ્યને પણ લઈ જઈ શકશે. જેમાં ગુજરાતમાંથી 175 થી વધુ લોકોને આ આમંત્રણ મળ્યું છે.



**ઉજવણીને ભવ્ય બનાવવા માટે સરકાર પ્રયત્નરત**

**જીપીએસસી અધ્યક્ષ હસમુખ પટેલની મોટી જાહેરાત**

## આગામી 16મી ફેબ્રુઆરીએ પંચાયતનું મતદાન હોવાથી કોઈ પરીક્ષા નહીં લેવાય



(એજન્સી) અમદાવાદ | તા.23

GPSC પરીક્ષાને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. આગામી 16 ફેબ્રુઆરી 2025ના રોજ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવાની છે. GPSC પરીક્ષાને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. આગામી 16 ફેબ્રુઆરી 2025ના રોજ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવાની છે. જેને લઈને હવે આ તારીખને લઈને GPSCના અધ્યક્ષ હસમુખ પટેલે એક મોટી જાહેરાત કરી છે. GPSCના અધ્યક્ષ હસમુખ પટેલે X પર પોસ્ટ શેર કરીને જણાવ્યું છે કે, 16મી ફેબ્રુઆરીએ પંચાયતનું મતદાન હોય તે દિવસની પરીક્ષા માટે નવી તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. તેમનો શારીરિક દેખાવ પણ શક્ય નહોતો.

### ક્યારે યોજાશે સ્થાનિક સ્વરાજની ચૂંટણી?

રાજ્ય ચૂંટણી કમિશનરના જણાવ્યા મુજબ, આગામી 16 ફેબ્રુઆરીએ સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે મતદાન યોજાશે, અને પરિણામ 18 ફેબ્રુઆરીના રોજ જાહેર કરવામાં આવશે. ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તારીખ 1 ફેબ્રુઆરી છે.

# અમિત શાહના હસ્તે ગોતામાં રમત સંકુલનું લોકાર્પણ કરાયું

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

કેન્દ્રીય ગૃહ અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉત્તર-પશ્ચિમ ઝોનના ગોતા વોર્ડમાં સીમ્સ રેલ્વે ઓવર બ્રીજના સાયન્સ સિટી તરફના ભાગ નીચે અંદાજિત રૂ. ૩.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત રમત ગમત સંકુલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગૃહ અને રમત-ગમત મંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.



### GMDC ગ્રાઉન્ડ ખાતે ભવ્ય હિન્દુ આધ્યાત્મિક મેળામાં અમિત શાહે સંબોધન કર્યું

અમદાવાદના GMDC ગ્રાઉન્ડ ખાતે ભવ્ય હિન્દુ આધ્યાત્મિક મેળામાં સંબોધન કરતા અમિત શાહે જણાવ્યું છે કે આજે દેશમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર ચાલે છે. નરેન્દ્ર મોદી આપણા વડાપ્રધાન છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર 10 વર્ષથી શાસનમાં છે અને 10 વર્ષમાં કેટલાય વર્ષોથી પેન્ડિંગ પડેલા આપણી આઈડિયોલોજી, વિચારધારાના કારણે પૂરા કરવાનું કામ આ સરકારે કર્યું છે. જ્યારે ભારતમાં કોઈને પોતાની જાતનો પરિચય આપવો હોય તો દિલ્હીમાં હું હિન્દુ છું અથવા હિન્દુ બોલવું મનમાં હોય તો પણ મનમાં રાખતા હતા જીભ સુધી નહોતું આવતું, હવે ગર્વથી કહી શકીએ છે.

### ડી-કેબિન ખાતે નવનિર્મિત રોડ અંડર બ્રિજનું ઉદ્ઘાટન

અમદાવાદ : માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે માનનીય મેયર પ્રતિભાબેન જૈન અને ધારાસભ્ય ડૉ. હર્ષદભાઈ પટેલ ની ગરિમામયી ની ઉપસ્થિતિમાં 23 જાન્યુઆરી 2025 ના રોજ ડી-કેબિન, સાબરમતી ખાતે સાબરમતી-ખોડિયાર રેલખંડના લેવલ ક્રોસિંગ નંબર 243 પર નવનિર્મિત રોડ અંડર બ્રિજ (આરયૂબી)નું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક સુધીર કુમાર શર્માએ માહિતી આપી હતી કે અમદાવાદ મંડળ ના સાબરમતી-ખોડિયાર રેલ્વે રેલખંડના લેવલ ક્રોસિંગ નંબર 243 પર ડી-કેબિન, સાબરમતીમાં 11 કરોડ 31 લાખ રૂપિયા માં ખર્ચે 40 મીટર બેરલ લાંબા નવનિર્મિત રોડ અંડરબ્રિજનું ઉદ્ઘાટન માનનીય મંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું જે ડી-કેબિનને કાલિગામ સાથે જોડે છે. આનાથી ટ્રેનોની બહેતર સમયસરતામાં મદદ મળશે, રોડ ટ્રાફિકની કનેક્ટિવિટી ઝડપી બનશે અને રેલ્વે ક્રોસિંગ પર વાહનો રોકાવાની સમસ્યામાંથી રાહત મળશે .આ રોડ અંડર બ્રિજ શહેરના બંને ભાગો જેમ કે ચૈનપુરથી કાલીગામને સીમલેસ રીતે જોડતો સલામત માર્ગ છે અને આ રોડ અંડર બ્રિજના નિર્માણને કારણે અવિરત રોડ ટ્રાફિકને કારણે કાર્બન ઉત્સર્જન ઘટશે અને પર્યાવરણીય પ્રદૂષણ ઘટશે.



## કોલ્ડપ્લે : 14 DCP, 3581 પોલીસકર્મીઓ સહિત જવાનો બંદોબસ્તમાં રહેશે ખડેપગે

(એજન્સી) અમદાવાદ | તા.23

25 અને 26 જાન્યુઆરીના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કોલ્ડપ્લે કોન્સર્ટ આયોજિત છે, જે માટે સુરક્ષા અને વ્યવસ્થાને લઈને પોલીસે વિશેષ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ કોન્સર્ટમાં 2 લાખથી વધુ લોકો સામેલ થવાની આશા છે, અને અહીં સઘન સુરક્ષા, મેડિકલ વ્યવસ્થા, તેમજ ટ્રાફિક સંચાલન માટે તૈયારીઓ કરવામાં આવી છે. 3825 પોલીસ કર્મચારી, NSG, SDRF, અને BDDSની ટીમો સહિત તમામ સુરક્ષા સજ્જતા સાથે આ કોન્સર્ટના વધુ સારી રીતે આયોજન માટે તમામ પગલાં ઉઠાવ્યા છે. અમદાવાદમાં આગામી 25 અને 26 જાન્યુઆરીના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કોલ્ડપ્લે કોન્સર્ટ યોજાવાનો છે. જેમાં લોકોની સુરક્ષા માટે અમદાવાદ પોલીસ સજ્જ થઈ ચૂકી છે. આ કોન્સર્ટમાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસે સુરક્ષા કવચ તૈયાર કર્યો છે સાથે ચુસ્ત બંદોબસ્તને લઈને પોલીસનો અકેશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.



કોલ્ડપ્લે કોન્સર્ટને લઈને લોકોમાં ભારે ઉત્સાહ

કોલ્ડપ્લે કોન્સર્ટને લઇને લોકોમાં ભારે ઉત્સાહ છે, બે દિવસ દરમિયાન યોજનારી આ કોન્સર્ટમાં બે લાખ કરતાં વધુ લોકો સામેલ થવાના છે. જેથી પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ મળીને કુલ 3825 પોલીસ કર્મચારીઓનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. આ સિવાય સ્ટેડિયમમાં 270 CCTVના મોનિટરિંગ માટે કંટ્રોલ રૂમ પણ બનાવવામાં આવ્યો છે. એટલું જ નહીં સઘન સુરક્ષા માટે કોન્સર્ટ દરમ્યાન NSGની 1 ટીમ પણ બંદોબસ્તમા જોડાશે.

## અમદાવાદના ચાંદખેડામાં વધુ એક ચેઈન સ્નેચિંગની ઘટના

(એજન્સી) અમદાવાદ | તા.23

રાજ્ય સહિત અમદાવાદમાં સતત ક્રાઈમ રેટનો ગ્રાફ ઉંચો જતો જોવા મળી રહ્યો છે. ચોરી, લૂંટ, હત્યા અને ચેઈન સ્નેચિંગ સહિતના ગુનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે આજે સવારે ન્યૂ ચાંદખેડા વિસ્તારમાં એક્ટિવા પર આવેલા બે શખ્સોએ રાહદારીના ગળામાંથી સોનાની ચેન ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ રાહદારીની સર્તકતાના લીધે બંને યુવકો ચેઈન ખેંચવામાં નિષ્ફળ રહ્યા હતા. આ સમગ્ર ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર આજે વહેલી સવારે ન્યૂ ચાંદખેડાના આસ્થા ફ્લેટ રોડ પર ચેઈન સ્નેચિંગની ઘટના બની હતી. એલ.આઈ.સી. ઓફિસર મનોજભાઈ સોલંકી આજે (ગુરૂવારે) વહેલી સવારે મોર્નિંગ વૉક કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન બે યુવક એક્ટિવા પર આવ્યા હતા અને તેમની ગળામાં રહેલી સોનાની ચેન ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તેમની સર્તકતાના લીધે ચેન ખેંચવામાં નિષ્ફળ રહ્યા હતા. આ ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે.

## 28 વર્ષના પુત્રની બંને કિડની ફેલ થતા માતાએ ડોનેટ કરી નવજીવન આપ્યુ

*"એક વ્યક્તિના મૃત્યુ પછી અંગદાન કરવાથી આઠ વ્યક્તિને નવું જીવન મળે છે"*

(એજન્સી) અમદાવાદ | તા.23

અમદાવાદની હેલ્થ 1 સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં પ્રથમ કિડની ટ્રાન્સપ્લાન્ટનું સફળતાપૂર્વક ઓપરેશન કરવામાં આવ્યું જેના દ્વારા હોસ્પિટલે એક નવી સિદ્ધિ હાંસલ કરી છે. 28 વર્ષીય દર્દી ઉત્તમ કુમાર મિશ્રા કે જે ક્રોનિક કિડની ડિઝીઝ (CKD) થી પીડિત હતા, જે જીવન માટે જોખમી પરિસ્થિતિ હતી અને તેના માટે દર્દી અઠવાડિયામાં 3 વાર ડાયાલિસિસની સારવાર હેઠળ હતા અને જેના માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર હતી, માતાના પ્રેમ અને ત્યાગના એક શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે, દર્દીની માતાએ પોતાના પુત્રને નવું જીવન આપવા માટે પોતાની કિડની દાન આપી હતી. ડૉ. ગૌરવ પટેલ, ડૉ. અંકુશ ગોહલર, ડૉ. વિવેક કોઠારી, ડૉ. ઋતુલ દવે સહિતની ટીમે કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે જરૂરી તમામ મંજૂરી લઈ આ પ્રકિયા હાથ ધરી હતી. અનુભવી સ્ટાફ અને અત્યંત કુશળ એવા ડૉક્ટર ની ટીમ સાથે મળીને ખૂબ જ જટિલ સર્જરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. ટ્રાન્સપ્લાન્ટ માટે હોસ્પિટલના નિષ્ણાત સર્જન, નેફ્રોલોજીસ્ટ, અને અદ્યતન તકનીકી સાધનો સાથેના સ્ટાફ દ્વારા સંપૂર્ણ તૈયારી કરવામાં આવી હતી. સર્જરી સાવચેતીપૂર્વક અને સલામતી ના ધોરણો સાથે સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે, અને હાલ દર્દી અને તેની માતા બંને સ્વસ્થ છે. હેલ્થ 1 સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ના પ્રમુખ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ગૌરવ પટેલ , કહ્યું "આ સફળ કિડની ટ્રાન્સપ્લાન્ટ હોસ્પિટલ ની પ્રતિબદ્ધતા અને નિષ્ણાત ટીમ ની મહેનતને દર્શાવે છે.

HEALTH1 SUPER SPECIALITY HOSPITALS